# આ શી ર્વા દ

વર્ષ ૩જું, અંક ૬ઠ્ઠો
સળંગ અંક ૩૦મો
એપ્રિલ ૧૯૬૯

સુરેન્દ્રનગર-પ્રતિષ્ઠા મહોત્સવમાં
સ્થાપિત થયેલ દેવી પ્રતિમાઓ
શ્રી અંબિકાદેવી : શ્રી ગાયત્રીદેવી
શ્રી સરસ્વતીદેવી



શ્રી અંબિકાદેવી



શ્રી ગાયત્રીદેવી



શ્રી સરસ્વતીદેવી



શ્રી માનવ મંદિર' યોજિત તા. ૧૯-૩-૬૯ થી તા. ૨૭-૩-૬૯ સુધી નવયાગ અને પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે માનનીય શ્રીમતી મૃદાલસાબહેન નારાયણ (ધર્મ-પત્ની રાજ્યપાલ ગુજરાત) સભાને સંબોધી રહ્યા છે. બાજુમાં સભા પ્રમુખ શ્રી શ્રીકૃષ્ણ અગ્રવાલ, શ્રીમતી અગ્રવાલ, પૂ મનુવર્યજી, શ્રી કર્દમ કૃષ્ણશંકર શાસ્ત્રી સુરેન્દ્રનગરના મેયર તથા શ્રી એમ. જે. ગોરધનદાસ, (મુંબઈ) અને શેઠ શ્રી પી. પી. સંઘવી બેઠેલા છે.

તા. ૨૩-૩-૬૯ના રોજ ગુજરાત રાજ્યના લોકપ્રિય પ્રધાન શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે રોગનિદાન યજ્ઞનું ઉદ્‌ઘાટન કરી સભાને મંગલ સંદેશ આપ્યો. સભાના પ્રમુખશ્રી શેઠશ્રી મનુભાઇ પી. સંઘવી સભાને સંબોધી રહ્યા છે. બાજુમાં અતિથિવિશેષ શેઠશ્રી વ્રજલાલ દુર્લભજી પારેખ તથા શ્રી એમ. એમ. ખંભાતવાળા, શ્રી નંદલાલભાઈ, શ્રી અનુપચંદભાઇ, સમાહર્તા શ્રી રાઠોડ, શ્રી છાયા, શ્રી ન્યાલચંદભાઇ વોરા તથા શ્રી શાંતિલાલ ફૂલચંદ શાહ તથા સૌરાષ્ટ્રના અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થો બેઠેલા છે.



सत्यं शिवं सुन्दरम्

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૩જું ] સંવત ૨૦૨૫ ચૈત્ર : ૧૫ એપ્રિલ ૧૯૬૯ [ અંક : ૬ઠ્ઠો

## સ્વાભાવિક લાભ

**यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः।**

જે માણસની અંદર ખોટ રહેલી હોય છે તેને લાભ મેળવવા માટેની ઇચ્છા રહે છે. લાભની ઇચ્છા જેટલી તીવ્ર તેટલી તે માણસમાં રહેલી ખોટ, ખાલીપણું અથવા ન્યૂનતા વધારે છે એમ સમજવું.

લાભ મેળવવા માટે માણસ જેટલો ચિંતાતુર, વ્યાકુળ અથવા તાલાવેલીવાળો રહે તેટલો જ તે ગરીબ, ખાલી અને લાભની ગુલામી કરનારો છે એમ સમજવું.

વળી સંસારની સંપત્તિના ગમે તેટલા મોટા લાભ મળે છતાં એથી માણસનું એ ખાલીપણું, ન્યૂનતા અથવા હીનતા ભરાઈ જાય એવું પણ નથી. સંપત્તિ મળવાથી માણસના ગરીબાઈના અથવા હીનતાના રોગ ઉપર લેપ ચોપડાય છે, પણ એથી રોગ વધારામાં નવું સ્વરૂપ પકડે છે એ રોગમાં ગર્વ, અભિમાન, અહંકાર, મદ અને મોજશોખના ઉપદ્રવો પ્રકટ થાય છે. હીન સ્વભાવવાળા માણસને ધન કે સંપત્તિ મળતાં એના સ્વભાવમાંની હીનતા દૂર થઈ જતી નથી. કોઈ કીડીને ગોળની નાની કણી મળે કે કોઈ કીડીને ગોળનું મોટું ઢેકું મળે, પણ એથી એની કીડીપણાની ક્ષુદ્રતા મટતી નથી. મનુષ્યને મળતા સાંસારિક લાભો પણ કીડીને પ્રાપ્ત થતા ગોળના નાના-મોટા કકડા જેવા છે.

જે માણસની અંદર હીનતા કે ખોટ રહેલી નથી, તે માણસ પોતાનું કર્તવ્ય કરીને જ પ્રસન્ન અને પૂર્ણ (ભરેલો) રહે છે લાભ ન મળે તો એને દીનતા, હીનતા કે ખોટનો અનુભવ થતો નથી અને લાભ વધારે મળે તો એને અહંકાર, અભિમાન કે ગર્વનો લેપ ચડતો નથી. સાંસારિક લાભોમાં મોહ પામેલાં પ્રાણીઓની ક્ષુદ્રતા એ જોઈ શકતો હોય છે અને લાભ તથા હાનિથી પર પોતાની પૂર્ણ અને સ્વાભાવિક સ્થિતિમાં પ્રસન્નતાનો અનુભવ કરતો હોય છે. મનુષ્યને આવી સ્થિતિની પ્રાપ્તિ એ જ સંસારમાં સાચો, સ્વાભાવિક અને શાશ્વતિક (કાયમી) લાભ છે. 'ૐ'

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

સંપાદક સમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

કાર્યાલય
ભાઉની પોળના બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧
ફોન નં. ૫૩૪૭૫

*

વાર્ષિક લવાજમ

| | |
|---|---|
| ભારતમાં | રૂ. ૫-૦૦ |
| વિદેશમાં | રૂ. ૧૨-૦૦ |

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | સ્વાભાવિક લાભ | [illegible] | ૧ |
| ૨ | અંતે મતિ તેવી ગતિ | શ્રી ડોંગરે મહારાજ | ૩ |
| ૩ | ઘડતરની પ્રક્રિયા | શ્રી ઉમાશંકર જોષી | ૫ |
| ૪ | છેવટની રાત | શ્રી રવીન્દ્રનાથ ટાગોર | ૮ |
| ૫ | જીવનની કેળવણી | શ્રી રવિશંકર મહારાજ | ૧૧ |
| ૬ | સૌથી મુખ્ય સાધન | સ્વામી રામતીર્થ | ૧૮ |
| ૭ | રત્નમાલા | … | ૧૮ |
| ૮ | સાચું અર્થશાસ્ત્ર | ગાંધીજી | ૧૯ |
| ૯ | ઉજ્જૈન | શ્રી ‘પિયૂષપણિ’ | ૨૦ |
| ૧૦ | ગુરૂ શીખ્યા એ જ પહેલો પાઠ | શ્રી ‘આનંદમોહન’ | ૨૪ |
| ૧૧ | નવી દૃષ્ટાન્તકથાઓ | શ્રી રમણલાલ સોની | ૨૭ |
| ૧૨ | નાવલડી મઝધાર | શ્રી દેવેન્દ્રવિજય ‘જય ભગવાન’ | ૨૮ |
| ૧૩ | હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે | શ્રી ‘વસુમાન’ | ૨૯ |
| ૧૪ | માટીનો ઘડો | શ્રી કનૈયાલાલ દવે | ૩૧ |
| ૧૫ | આપ જ ઉપાડી લો | … | ૩૨ |
| ૧૬ | સ્વર્ગનો અધિકાર | શ્રી ‘સત્યવ્રત’ | ૩૩ |
| ૧૭ | અસત્યનું પરિણામ | શ્રીમદ્ રાજચંદ્ર | ૩૬ |
| ૧૮ | અમારાં માસી | —હરિશ્ચન્દ્ર | ૩૭ |
| ૧૯ | ત્યાગ અને અહિંસાની મૂર્તિ | ગાંધીજી | ૩૮ |
| ૨૦ | સેવાનું તત્ત્વજ્ઞાન | ફાધર-વોલેસ | ૩૯ |
| ૨૧ | શામળા ગિરધારી ! | નરસિંહ મહેતા | ૩૯ |
| ૨૨ | સંસ્થા-સમાચાર | … | ૪૦ |



## સરખામણી કરવાથી જ સમજાશે

‘**આશીર્વાદ**’માં આવતી સામગ્રી એ **સૌથી શ્રેષ્ઠ સામગ્રી** છે. શ્રદ્ધાની સાથે વિવેક, ભક્તિની સાથે વાસ્તવિકતા અને જ્ઞાનની સાથે કર્તવ્યનું આચરણ હોય તો જ જીવનનો સાચી દિશામાં વિકાસ થાય છે.

‘આશીર્વાદ’ની સામગ્રી વાચકને ગાડરિયા પ્રવાહમાંથી બહાર કાઢી સાચી દૃષ્ટિ આપે છે અને જીવનની સાર્થકતાના માર્ગમાં સહાયક થાય છે. એથી સુશિક્ષિત, વિચારશીલ સમજુ વર્ગ ‘**આશીર્વાદ**’ને **ખાસ પસંદ કરે છે.**

# અંતે જેવી મતિ તેવી ગતિ

શ્રી ડોંગરે મહારાજ

જેમ આપણા કોઈ સગા કે સંબંધીનું આપણે સ્મરણ કરીએ છીએ, તેમ એ રીતે સ્મરણ કરી શકાય એવી ઈશ્વિર એ વ્યક્તિ નથી. આપણા કોઈ જીવનક્ષેત્રમાં આપણે જે કોઈ કામ કરવાનું આવે, જે કોઈ ભાગ ભજવવાનો આવે તેમાં સત્ય શું અને અસત્ય શું તેનો વિવેકપૂર્વક ખ્યાલ રાખવો એ જ ઈશ્વિરસ્મરણ છે. અને સત્ય, ધર્મ અથવા નીતિયુક્ત કાર્યમાં જ આપણે સામેલ થવું એ જ ઈશ્વિરભજન છે. જેઓ સત્યનો અને નીતિનો આદર કરનારા છે અને તે જ પ્રમાણે આચરણ કરનારા છે તેઓ રામ, કૃષ્ણ કે અલ્લા એવા કોઈ નામનું સ્મરણ ન કરતા હોય તોપણ ઈશ્વિરભક્તો અથવા ભગવદ્‌ભક્તો છે. અને જેઓ ઈશ્વિરના નામનો ખૂબ જપ કરતા હોય કે માળાઓ ફેરવતા હોય, પણ સત્ય, ધર્મ અને નીતિથી વિપરીત કામો કરનારા હોય તેઓ ખરેખરું ઈશ્વિરસ્મરણ કરનારા નથી કે ભગવદ્‌ભક્તોયે નથી. માણસે મન, વચન અને કર્મ ત્રણેથી ઈશ્વિરરૂપ બનવાનું છે. પ્રથમ આચરણ સુધરે તો જ વાણી અને વિચારનું (સ્મરણ–ચિંતનનું) ફળ જીવનમાં પ્રકટ થઈ શકે છે, એટલા માટે આચારશુદ્ધિને પ્રથમ સ્થાન આપવામાં આવેલું છે : **आचारः प्रथमो धर्मः।**

ભજન માટે અનુકૂળ સમયની રાહ જોવાની નથી. કોઈ પણ ક્ષણ ભજન માટે અનુકૂળ છે. કોઈ પણ ક્ષણે આપણા કાર્યમાં સત્ય શું, ધર્મયુક્ત શું, એનો વિચાર કરી તે પ્રમાણે કરવા લાગી જવાનું છે. સત્યનું આચરણ કરવામાં કોઈ પણ અડચણ કે મુશ્કેલી ન રહે. તે પછી જ હું સત્યનું આચરણ કરીશ એમ માનવું એ અજ્ઞાન છે.

એક માણસ સમુદ્રમાં સ્નાન કરવા માટે સમુદ્ર-કિનારે ગયો. પણ સ્નાન કરવાને બદલે તે ત્યાં જ બેસી રહ્યો. લોકોએ તેને પૂછ્યું: સ્નાન કરો ને, કેમ શાન્ત બેસી રહ્યા છો ? સ્નાન ક્યારે કરશો ?

તે માણસે કહ્યું : સમુદ્રમાં આ ઉપરાઉપરી તરંગો-મોજાંઓ આવ્યા કરે છે. સમુદ્રનાં આ તરંગ-મોજાં–બંધ થાય એટલે હું સ્નાન કરીશ.

સમુદ્રનાં મોજાં શું બંધ થવાનાં હતાં ? અને સ્નાન કર્યાથી થવાનું હતું ? એ પ્રમાણે સંસાર એ સમુદ્ર છે. તેમાં અડચણો-મુશ્કેલીઓરૂપી તરંગો તો આવવાના જ. એટલે કોઈ કહે કે અનુકૂળતા આવશે ત્યારે ઈશ્વિરભજન–સત્યાચરણ કરીશ. તો એમાં ભૂલ છે. એવી સંપૂર્ણ અનુકૂળતા આવતી જ નથી. જેમ પેલો માણસ સ્નાન કર્યા વિના રહી ગયો, તેમ એવા વિચારનો માણસ ઈશ્વિરભજન કે ધર્મયુક્ત આચરણ કર્યા વિનાનો જ રહી જાય છે. જીવનમાં ભલે અડચણો–મુશ્કેલીઓ આવે, પણ લક્ષ્ય ભૂલવું નહિ કે મારે સત્યરૂપ પરમાત્માને મળવું છે અને સત્યરૂપ બનવા માટે અસત્ય કે અનીતિનું આચરણ છોડીને સત્યનું આચરણ કરવા સિવાય બીજો કોઈ માર્ગ નથી. લોભી જેમ પૈસાનું લક્ષ્ય રાખે છે તેમ મહાપુરુષો–ભગવદીય જનો જીવનક્ષેત્રમાં સત્યરૂપ પરમેશ્વરનું લક્ષ્ય રાખે છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે: **मामनुस्मर युद्धय च।** માણસનું જીવન એ એક મહાભારત જેવું સંગ્રામક્ષેત્ર છે. તેમાં મનુષ્યે સત્યનું, નીતિનું સ્મરણ રાખી અર્જુનની જેમ ધર્મના પક્ષે રહી અધર્મનાં બળો સામે યુદ્ધ કરવાનું છે. જીવન પર્યન્ત જેણે સત્યનું અથવા ભગવાનનું સ્મરણ રાખી ધર્મના પક્ષે રહી યુદ્ધ કર્યું છે, જીવન-સંગ્રામમાં જે ધર્મના અથવા સત્યના વિજય માટે અસત્ય સામે ઝઝૂમ્યો છે, તેને જ અંતકાળે પણ સત્યરૂપ ભગવાનનું સ્મરણ થાય છે. તે જ મનુષ્ય અંતકાળે (દેહનો ત્યાગ કરતી વખતે) મારું સ્મરણ કરતો મને પ્રાપ્ત થાય છે. ગીતામાં ભગવાને કહ્યું છે: **अन्तकाले च मामेव स्मरन् मुक्त्वा कलेवरम्।** શ્લોકમાંના 'અંતકાળે'નો એક બીજો પણ અર્થ થાય છે. એટલે કે 'પ્રત્યેક ક્ષણના અંતે', દરેક ક્ષણના અંતે જે યાદ કરે છે કે મારાથી જે થયું તેમાં કેટલું સારું થયું અને કેટલું અનુચિત થયું એટલે દરેક ક્ષણે સારા-ખોટાનું, ધર્મ-અધર્મનું, નીતિ-અનીતિનું ધ્યાન રાખવું એ જ ઈશ્વિરનું ધ્યાન-ચિંતન-સ્મરણ છે.

આમ 'અંતકાળ' એટલે જીવનનો અંત નહિ, પણ પ્રત્યેક ક્ષણના અંતે. જીવન તો અનંત છે. જે

ભૂખે મરતા માનવીને યોગ્ય-પ્રમાણિક ધંધો મળે એ જ તેનો પરમેશ્વર છે.

પોતાના એક ક્ષણના કામમાંથી સત્યાસત્ય તારવીને જીવનની આગળની ક્ષણો સુધારે છે, તે એના શરીરના અંતકાળે પણ સત્યરૂપ ભગવાનના અનંત જીવનને ઓળખવાનો અને પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે.

લોકો એમ માને છે કે આખી જિંદગી ગમે તેવાં કામ કરીશું, કાળાંધોળાં કરીશું અને અંતકાળે ભગવાનનું નામ લઈ લઈશું અને તરી જઈશું. પણ આ વિચાર ખોટો છે. પ્રત્યેક ક્ષણે જીવનનું સ્વરૂપ એ માણસે અત્યાર અગાઉ કરેલ તમામ સારાં અને ખોટાં કૃત્યોના એકંદર સરવાળારૂપ બનતું રહેતું હોય છે. એટલે જીવનમાં જેણે ખોટાં કામો મોટા પ્રમાણમાં કરેલાં હોય છે અને સત્યાસત્યનો વિચાર કરવામાં લક્ષ્ય આપેલું હોતું નથી, એને દેહત્યાગના સમયે પણ સત્યના વિચાર અથવા ભગવાનના સ્મરણ પ્રત્યે લક્ષ્ય જતું નથી. માણસ હંમેશાં મોટે ભાગે જે ભાવનું સ્મરણ કરે છે, તેનું જ અંતકાળે સ્મરણ થશે. એથી જ ભગવાને **तस्मात् सर्वेषु कालेषु माम् अनुस्मर।** સર્વ પ્રસંગોમાં, પ્રત્યેક ક્ષણે સત્યરૂપ પોતાના સ્વરૂપનું સ્મરણ કરવાનું કહ્યું છે.

એ તો સૌકોઈ જાણે છે કે જેનું સતત ચિંતન એનું જ મરણ વખતે સ્મરણ થાય છે.

એક સોની માંદગીમાં પથારીવશ હતો. એક મહિનાથી બજારમાં ગયેલો નહિ, તેથી એને વિચારો સોનાના ભાવના જ આવ્યા કરે. અંતકાળ આવ્યો છે. તાવ વધ્યો. ડૉકટર શરીર તપાસવા આવ્યો. ડૉકટરે તાવ માપી કહ્યું કે 'એકસો પાંચ છે.' (૧૦૫ ડિગ્રી તાવ છે.) સોની સમજ્યો કે કોઈએ સોનાનો ભાવ કહ્યો. તે પોતાના પુત્રને ઉદ્દેશી બૂમ મારવા લાગ્યો 'વેચી નાખ, વેચી નાખ. ૮૦માં લીધેલું છે અને ૧૦૫ થયા છે, માટે વેચી નાખ.' આમ બોલતાં બોલતાં સોનીએ દેહ છોડયો.

સોનીએ આખી જિંદગી સોનાના ભાવનો જ વિચાર કરેલો. એટલે અંતકાળે તેને સોનાના ભાવના વિચારો આવ્યા. પૈસા પૈસા કરનારને અંતકાળે પૈસાના જ વિચારો આવે છે. ધંધો કરવો, પૈસા કમાવા એ પાપ નથી, પરંતુ નીતિ–અનીતિને ભૂલીને કેવળ પૈસાને જ સત્ય માનીને ધંધો કરવો એ પાપ છે. કારણ કે એથી માણસ પોતાના સત્યરૂપ અવિનાશી સ્વરૂપમાં સ્થિત થવાને બદલે મૂઢતામાં અને જડતામાં ડૂબે છે. આનું નામ જ મૃત્યુ છે. શરીરનો ત્યાગ એ મૃત્યુ નથી. શરીરનો ત્યાગ કરીને વિશેષ પ્રકાશમાં, સત્યરૂપ જીવનમાં જવું એ સદ્‌ગતિ છે, અમરતાની યાત્રા છે. પરંતુ નીતિ અનીતિને ભૂલીને કેવળ ધનમાં જ લોલુપ અને મૂઢ થઈ જવું એ જીવતાં છતાં મૃત્યુને પ્રાપ્ત કર્યા બરાબર છે.

શુકદેવજી કહે છે: હે રાજા, મનુષ્યોનું આયુષ્ય આમ ને આમ પૂરું થઈ જાય છે. રાત્રી નિદ્રા અને વિલાસમાં પસાર થઈ જાય છે અને દિવસ ધન માટે ઉદ્યમ કરવામાં અને કુટુંબનું ભરણપોષણ કરવામાં પૂરો થઈ જાય છે.

મનુષ્યોનો ઘણો સમય ધન કમાવામાં જાય છે, ઘણો સમય વાતો કરવામાં જાય છે. કેટલાકનો વાંચવામાં સમય જાય છે. બહુ વાંચવું એ પણ સારું નથી. બહુ વાંચવાથી શબ્દજ્ઞાન વધે છે, પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે. હે રાજા, જે સમય ગયો છે, તેને માટે હવે રડવું નથી. ભૂતકાળનો વિચાર કરવાથી કંઈ લાભ નથી. ભૂતકાળમાં શી ભૂલો થઈ છે તેનો વિચાર કરીને હવે વર્તમાનને સુધાર. આ સાત દિવસનો સમય મળ્યો છે તેનો સદુપયોગ કર. મનુષ્ય ઇંદ્રિયસુખોમાં એવો ફસાયો છે કે તેને પોતાના લક્ષ્યનું ભાન રહેતું નથી. સ્ત્રી, પુત્ર, ધન આદિના મોહમાં માણસ એવો પાગલ બન્યો છે કે તેમને માટે સત્ય, ધર્મ, દયા, ન્યાય, નીતિ–આ બધાને કોરે મૂકીને ચાલતાં જરા પણ અરેરાટી થતી નથી. સ્ત્રી-પુત્રાદિનું પાલનપોષણ કરવું એ માણસનો ધર્મ છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે તેમનું પાલન-પોષણ અધર્મથી કરવું. અધર્મથી જેમનું પાલન-પોષણ થયું હોય તેમનું પણ કલ્યાણ થતું નથી અને અધર્મથી પાલન-પોષણ કરનારનું પણ કલ્યાણ થતું નથી. બંને અંધકારરૂપ અધોગતિમાં ડૂબે છે. માટે આજથી જ ધર્મપૂર્વક આચરણ કરવાની ઇચ્છા કરો. ઇચ્છાશુદ્ધિ વિના કર્મશુદ્ધિ થતી નથી.

---

જે પ્રેમની પાછળ ત્યાગ, સેવા અને સમર્પણ સક્રિય બનતાં નથી, તે પ્રેમ પોકળ છે.

નિશ્ચય કરો કે મારે સત્યરૂપ બનવું છે, પ્રકાશરૂપ બનવું છે અને તે માટે હવે મારે સત્ય અનુસાર જ આચરણ કરવું છે. સત્યને અપનાવનાર અસત્યરૂપ મૃત્યુથી મુક્ત બનતો અમરતાને પ્રાપ્ત કરે છે.

દુનિયામાં વિકાર અને વાસના વધ્યાં છે તેથી ત્યાગ અને સંયમ ઘટયા છે.

હે રાજન્, માનવ જીવનમાં છેલ્લી પરીક્ષા મરણ છે. મનુષ્યનું મરણ પ્રતિક્ષણે થાય છે. જે માણસ પ્રતિક્ષણે સત્યાસત્યનો વિચાર કર્યા વગર કામના અને લોભ ખેંચે તેમ ખેંચાય છે, તે માણસનું મરણ પ્રતિક્ષણે થાય છે. દરેક ક્ષણે તે માણસ મૃત્યુ તરફ, અધોગતિ તરફ, અંધકાર તરફ આગળ વધી રહ્યો હોય છે. જીવનમાં જે માણસ ક્ષણોને સુધારે છે, તેનું મરણ સુધરે છે. તેનું મરણ મરણ મટીને જીવન બની જાય છે. દેહત્યાગ સમયે જેનુ મરણ સુધર્યું તે માણસ જીવતાં પોતાનું જીવન સુધારીને ચાલ્યો હતો તેમ સમજી લેવું.

આ શરીર પ્રત્યેક ક્ષણે બદલાય છે. એટલે પ્રતિક્ષણે શરીરનો નાશ થાય છે અધર્મથી ચાલનાર-ના શરીરમાં ઉચ્ચ જીવનને ધારણ કરવા લાયક કોષો નાશ પામીને હીન જીવનને લાયક કોશો નવા બને છે અને ધર્મથી ચાલનારના શરીરમાં હીન જીવનને લાયક કોષો નાશ પામીને ઉચ્ચ જીવનને લાયક કોષો પ્રત્યેક ક્ષણે નવા બને છે. માટે પ્રત્યેક ક્ષણે સત્યનું અથવા ભગવાનના સ્વરૂપનું સ્મરણ અને આચરણ કરવું જોઈએ.

આખું જીવન જેની પાછળ જાય તે જ અંતકાળે યાદ આવે છે. એક ડોસો માંદો પડયો. તેનું સમગ્ર જીવન કેવળ ધન મેળવવા પાછળ ગયેલું. અંતકાળ નજીક આવ્યો. છોકરાઓ બાપાને 'શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ' બોલવાનું કહે, પણ બાપાના મુખમાંથી ભગવાનનું નામ નીકળતું નથી. જિંદગીમાં ભગવાનનું નામ લીધું હોય તો અત્યારે યાદ આવે ને? ડોસો મનથી ધનનું ચિંતન કરે છે. એવામાં ડોસાની નજર ઘરના આંગણામાં પડી. ત્યાં જોયુ તો વાછરડો સાવરણી ખાતો હતો. ડોસાથી આ નજીવું નુકસાન પણ જોયું ન ગયું. ડોસો હૈયું બાળે છે કે મે કેવી રીતે મેળવ્યું છે તે આ લોકો શું જાણે? ડોસાએ વિચાર્યું: ઘરના કોઈ લોકોને પૈસાની કે ચીજવસ્તુ-ઓની દરકાર નથી. આ લોકો મારા ગયા બાદ ઘરને કેવી રીતે ચલાવશે? ડોસાથી વધારે બોલી શકાતું ન હતું. તૂટક તૂટક શબ્દે તે વા...સા, વા...સા, બોલવા લાગ્યો.

એક છોકરાને લાગ્યુ કે બાપા વાસુદેવ બોલવા જાય છે. પણ તેમનાથી બોલાતું નથી. બીજા છોકરાઓને સ્વાર્થને લીધે લાગ્યું કે બાપા કોઈ દિવસ ભગવાનનું નામ લે તેવા નથી. બાપા કંઈક વારસામાં આપવાની વાત કહેવા માગે છે. વારસામાં આપવા ખાનગી મિલકત છુપાવી રાખી હશે, તે બાબતમાં તેઓ કાંઈ કહેવા માગે છે. છોકરાઓએ ડોકટરને બોલાવ્યા. કહ્યું કે બાપા થોડું બોલી શકે તેમ કરો. ડોકટરે કહ્યું કે ઈંજેકશન આપીએ તો ડોસા થોડો વખત બોલી શકશે, પરંતુ તે માટે એક હજાર રૂપિયા ખર્ચ લાગશે. છોકરાઓને આશા હતી કે બાપાએ કંઈ દાટયું હશે તે બતાવશે. છોકરાઓએ રૂપિયા એક હજાર ખર્ચ કર્યો. ઇંજે-ક્શન આપવામાં આવ્યું. બાપા શું બોલે છે, તે સાંભળવા બધા આતુર થયા. દવાની અસરથી બાપા બોલ્યા: અહીં મારા તરફ શું જુઓ છો? ત્યાં પેલો વાછરડો કયારનો સાવરણી ખાય છે. 'વાછરડો સાવરણી...' બોલતાં બોલતાં ડોસાએ દેહ છોડયો. આવી દશા આપણી ન થાય તે જોવાનું છે.

*

તલવારનો અથવા હિંસાનો ત્યાગ કર્યા પછી મારા વિરોધીને આપવા માટે મારી પાસે પ્રેમના પ્યાલા સિવાય બીજું રહ્યું છે શું?

# ઘડતરની પ્રક્રિયા

**શ્રી ઉમાશંકર જોષી**

ગાંધીજી સામાન્યમાંથી મહાન બન્યા છે. ભણવામાં તેઓ બહુ તેજસ્વી વિદ્યાર્થી નહોતા. મેં એમના માર્ક્સ જોયા છે. રાજકોટમાં એક શિક્ષક છે. એમની પાસે ગાંધીજીના વિદ્યાર્થી અવસ્થાનાં પેપર્સ છે. મેં નજરોનજર જોયાં છે. ૧૫૦ માંથી ૩૯⅛ માર્ક્સ હતા. તે વખતના શિક્ષકો પણ કેવા? ⅛ માર્ક્સ પણ આપતા! અને તેમ છતાં નાનપણથી જ એક પ્રકારની પરિપક્વતા ગાંધીજીમાં દેખાતી. આત્મકથામાં એમણે લખ્યું છે, 'મારા વર્ગનો હું આગેવાન તો ખરો.' આમ આગેવાનીનો ગુણ તો ઠેઠ નાનપણથી હતો. પછી પરદેશ જવાનો નિર્ણય લીધો. આ પણ એમના ઘડતરની એક મહત્ત્વની પ્રક્રિયા છે.

પરદેશમાંયે માંસાહાર નહીં કરું એવી મા પાસે પ્રતિજ્ઞા લીધેલી. અને તે બરાબર પાળી. રખડી-રખડીને શાકાહારી ભોજનગૃહ શોધી કાઢ્યું. જમવા જતા પહેલાં બહાર શાકાહાર અંગેની ચોપડીઓ જોઈ. એ લીધી. વાંચી. જે કાંઈ કરવું તે સમજણપૂર્વક કરવું, એ ગુણ આમ પહેલેથી જોવા મળે છે. વેજિટેરિયન સોસાયટીના સભ્યો સાથે પરિચયમાં આવે છે. એમનું એક છાપું નીકળતું હતું. તેમાં લખવાનું શરૂ કર્યું. આમ એક પત્રકાર તરીકેની તાલીમ શરૂ થઈ ગઈ. એક મુલાકાતમાં છાપાનો તંત્રી પૂછે છે, 'ઇંગ્લાંડ કેમ આવ્યા?' ગાંધીજી જવાબ આપે છે, 'એક શબ્દમાં કહેવું હોય તો—મહત્ત્વાકાંક્ષા.'

પરદેશ જતી વખતે આલ્ફ્રેડ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ વિદાય સમારંભ યોજે છે. તે વખતે બોલતાં છેવટે ગાંધીજી શું કહે છે? 'મારો દાખલો લઈ બીજાઓ પણ પરદેશ જશે, અને પાછા આવ્યા પછી દેશના સુધારાનાં મોટાં કામોમાં ખરા જિગરથી ગૂંથાશે.' કેવું દ્યોતક વાક્ય છે! 'ગૂંથાશે' શબ્દ જ કેવો સુંદર છે! અને મહત્ત્વાકાંક્ષા તો સારીયે હોય અને ખરાબ પણ હોય. પણ અહીં તો ગાંધીજી કહે છે કે 'દેશના સુધારાનાં મોટાં કામોમાં ગૂંથાશે.' ત્યારથી જ એમની મહત્ત્વાકાંક્ષા કેવી હતી તેનો પરિચય થાય છે.

એ તો વિક્ટોરિયન યુગનું ઇંગ્લાંડ હતું. એક ઉત્તમ સમાજ હતો. કવિઓ અને ફિલસૂફોનો દેશ હતો. એ 'હબ ઑફ અફેર્સ' અને 'માઇટી હાર્ટ'—દુનિયાનું ધબકતું હૃદય જ્યાં હતું, ત્યાં જઈને આ યુવાન ઊભો રહે છે. આ વસ્તુએ પણ એમના જીવનમાં અગત્યનો ભાગ ભજવ્યો કહેવાય.

શરીરે કંઈક નબળા હતા. અહીં હતા ત્યારે ચાલુ માથું દુખતું. લખે છે કે રોજ નસકોરી ફૂટતી. એટલે ઠંડી હવામાં જઈશ, તો આ પણ લાભ મળશે. આ વસ્તુ નોંધપાત્ર છે. આ મહાત્મા એવો હતો જે શરીરને ખૂબ મહત્ત્વ આપતો. 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' એ એમની પહેલી ચોપડી અને 'આરોગ્યની ચાવી' એ એમની છેલ્લી ચોપડી.

બા ઘણીવાર કહેતા કે બાપુનો સ્વભાવ ખાંખર છે, તંતીલો છે, લીધેલું છૂટે નહીં. ગાંધીજીએ એટલા બધા વિચારો એકી સાથે કરેલા છે કે એમને પ્રયોગવીર કહેવા પડે. વળી, બધું પોતાના ઉપર અજમાવ્યું છે. એટલે આત્મકથાને એમણે 'સત્યના પ્રયોગો' કહી છે, તે સાચું છે. એમ કરતાં કરતાં સત્યાગ્રહનું શસ્ત્ર હાથ આવ્યું છે.

એમની હૃદયની શક્તિ અપાર હતી, ધર્મની શક્તિ અપાર હતી પણ એની આડે એમની બુદ્ધિશક્તિ ભૂલી જવી ન જોઈએ. એમનામાં બુદ્ધિશક્તિ અત્યંત એકાગ્ર ને તીવ્ર હતી. એમ કહેવાય છે કે મુત્સદ્દી, બહારવટિયાં ને સંતો સૌરાષ્ટ્રમાં વિશેષ પાકે છે. ગાંધીજીમાં આ ત્રણેય શક્તિ પૂર્ણ કળાએ ખીલેલી છે. અને એમણે બહારવટું યે કોની સામે ખેલ્યું? સાત સમંદરની રાણી કહેવાતા ઇંગ્લાંડની સામે. એમની મુત્સદ્દીગીરી સૌરાષ્ટ્રનાં નાનાં નાનાં રજવાડાંઓને બાખડાવવામાં ન ચાલી પણ દુનિયાના તે વખતના શ્રેષ્ઠ મુત્સદ્દીઓ સામે ચાલી.

ગાંધીજીમાં તીવ્ર બુદ્ધિ હતી. તેઓ બુદ્ધિનો મહિમા કરતા, જે આપણે સોક્રેટિસમાં જોઈ શકીએ છીએ. ગાંધીજીમાં શ્રદ્ધા તો હતી જ. પણ સાથે સાથે બુદ્ધિથી પૂત થયું છે, પવિત્ર થયું છે એવું આચરણ પણ હતું. દરેક વસ્તુને બુદ્ધિથી બુદ્ધિગમ્ય બનાવવી, વ્યવસ્થિત કરવી, એવું એમનું કાયમ વલણ રહ્યું છે.

---

સાત્ત્વિક જીવન એ આત્મારૂપી રાજાનો મુકુટ છે.

અંતરનાદ કોઈ વિરલ પ્રસંગે બહાર આવ્યો છે. ચાલુ વ્યવહારમાં એમણે બુદ્ધિથી ચાલવાનું જ પસંદ કર્યું છે. અને એ અંતરનાદ પણ છેવટે તો શુદ્ધ, એકાગ્ર બુદ્ધિનો જ કોઈ ઉન્મેષ છે, એમ કહેવાનું મન થાય છે. એ એક વિશિષ્ટ પ્રકારની ચિત્તશક્તિ છે. દલીલોથી એની વાત સમજાવી ન શકે એટલે તેને અંતરનાદ કહે છે.

ગાંધીજી યંત્રોના વિરોધી નથી કે વિજ્ઞાનનાયે વિરોધી નથી. યંત્ર માણસને ન ચલાવે એટલું જ કહેવાનું છે. તેઓ બૅરિસ્ટર બનવા ઇંગ્લાંડ ગયા તેનીયે ઘણી છાપ એમના ઘડતર પર પડી છે. વર્તનની એક સુરેખ યોગ્યતા એમનામાં તમે જોશો. પોતે સમયનો રોજમેળ રાખતા. મારો માલિક, લૂણનો દેનારો, શ્વાસોચ્છ્વાસનો સ્વામી, એને સમયનો હિસાબ આપવાનો છે.

અનાયાસ પ્રેમભાવનીયે ઝલક વારે ઘડીએ એમનામાં જોવા મળે છે. એ આત્માનું બીજા આત્મા પ્રત્યેનું અભિસરણ છે. વતુને લખે છે, તને તો એમ જ આ પત્ર લખી રહ્યો છું. અને પછી તેમાં નરહરિભાઈની તબિયતના ખબરઅંતર પૂછેલા અને તું એમની સેવા કરજે, એમ લખેલું. છેવટે ઉમેર્યું —'લે તને પણ કામ સોંપ્યું.' ટાંકણે-ટાંકણે તેમ શ્વાસેશ્વાસે વિભૂતિ ઘડાતી જ રહી. જીવનના એક કળાકારનાં જ દર્શન બાપુમાં થાય છે. મનુષ્ય સાથેના સંબંધોનું વ્યાકરણ પોતાની પ્રેમશક્તિથી વિકસાવ્યું છે. એમને માટે તો પરમેશ્વરના ઘરનો રસ્તો પડોશીના બારણા પાસે થઈને જ જાય છે.

દરિદ્રનારાયણની ઉપાસના એમણે જીવનભર કરી. તેઓ કહેતા કે હું તો સુધારક છું, પણ આ અંગ્રેજ સરકાર મને સુધારો કરવાની તક આપતી નથી, એટલે રાજકારણમાં જાઉં છું. એમનાં બધાં કામોમાં જે ઉજ્જ્વળતા, અમી ને દીપ્તિ આવી તેનું કારણ મનુષ્યોના સંબંધોનું વ્યાકરણ શરૂઆતથી જ એમને હાથ લાગી ગયું હતું એ છે. ૧૯૧૫માં અહીં આવ્યા ત્યારથી એ માણસે જાણે ક્રૉસ ઉપાડ્યો હતો આપણાં પાપ ધોવા. રવીન્દ્રનાથ ટાગોરે કહેલું કે આ માણસની તપસ્યાનાં વારિ વગર આ દેશના પ્રમાદના પોપડા કોણ ઉખેડી શકે? ત્યાં દક્ષિણ આફ્રિકામાં તો તેઓ વર્ણદ્વેષના ઝંઝાવાત વચ્ચે મુકાયા અને ખરું પૂછો તો એમાં જ તેઓ ઘડાયા.. ઠેઠ તે વખતે પણ એમણે એમ જ કહેલું કે પોતાના ઉપર હાથ ઉગામનાર પર મારે કોર્ટમાં કેસ કરવો નથી. મનુષ્યમાત્ર માટે કેવો પ્રેમ! એટલે જ ગુરુદેવ ટાગોરે કહેલું કે 'મારું કોઈ ગળું દબાવે તો હું બૂમ પાડું, જ્યારે આ માણસ એના કલ્યાણ માટે પ્રાર્થના કરતો હશે!'

આફ્રિકાના પહેલા અધ્યાયથી જ આ વસ્તુ ગાંધીજીમાં જોવા મળે છે. કેસ કરવો નથી. પોતે સહન કરવું. સામાને દુશ્મન ગણવો જ નહીં. પ્રેમબળ, આત્મબળ દ્વારા પરિવર્તન આણવું. આ જ રીતે એમણે પોતાને અને આખા સમાજને ઘડ્યા છે. આજેયે હજી વર્ણદ્વેષ એ દુનિયામાં મોટામાં મોટો એક પ્રશ્ન છે. અમેરિકામાં માર્ટિન લ્યુથર કિંગની આહુતિ હજી તાજી છે. જાણે ભગવાને એ પ્રશ્ન ઉકેલવાના શ્રીગણેશ ગાંધીજીને હાથે મંડાવેલા છે.

એમણે પોતાનું વ્યક્તિત્વ ઘડ્યું એમ કહેવા જઈએ છીએ, તોયે જાણે શબ્દો ખોટા પડે છે એમણે તો પોતાપણું ભૂંસીયે નાંખ્યું. આત્મવિલોપન કર્યું. અને તેથી જ સર્વભાવે આત્માનો આવિષ્કાર થયો. એમણે 'ક્રિએટિવ પ્રિન્સિપલ ઑફ પર્સનાલિટી' —વ્યક્તિત્વના સર્જનાત્મક સિદ્ધાંતને સંચારમાં મૂક્યો છે. દરેક વ્યક્તિમાં જે શુભ છે, તેને એમણે ચાલના આપી છે. આ કેવડું મોટું કામ તેઓ કરી ગયા! તેઓ વ્યક્તિત્વના સર્જક છે. એમણે પોતે પણ કહ્યું છે કે 'હા, દરેકમાં રહેલો ઉત્તમ અંશ હું બહાર કાઢી શકું છું.'

*

---

જગતનાં પ્રાણીઓને જે પરમાત્માના સ્વરૂપે જોઈ શકતો નથી, તેને બીજે ક્યાંય પરમાત્માનાં દર્શન થઈ શકતાં નથી.

# છેવટની રાત

શ્રી રવીન્દ્રનાથ ટાગોર

'માસી!'

'ઊંઘી જા યતીન, રાત પડી.'

'ભલે ને રાત પડી, મારો દિવસ તો હવે પરવાર્યો. હું કહું છું કે મણિ તેના બાપને ઘેર—એના બાપનું ઘર કયા ગામમાં તે ભૂલી ગયો...'

'સીતારામપુર.'

'હા, સીતારામપુર. ત્યાં મણિને મોકલી દો. હવે તે કેટલા દિવસ રોગીની સેવા કરશે? એનું શરીર એવું સશક્ત નથી.'

'સાંભળ તો ખરો! તારી આવી સ્થિતિમાં તને છોડી એ એના બાપને ઘેર જવા ઇચ્છે ખરી?

'દાક્તરો કહેતા હતા એ વાત શું તે...'

'દાક્તરો કહેતા હતા કે બે દિવસ નીકળી જાય તો કદાચ વાંધો નહિ આવે. મણિ એ વાત ન જાણતી હોય છતાં નજરે તો બધું જુએ છે ને! પરમ દિવસે મેં એને બાપને ઘેર જવાનો ઇશારો કર્યો ત્યાં તો એ અડધી અડધી થઈ ગઈ.'

યતીન સાથેની આ વાતચીતમાં માસીએ સત્યને દૂર મૂક્યું હતું એ કહી દેવાની અહીં ખાસ જરૂર છે. મણિ સાથે તે દિવસે માસીને આ પ્રસંગ પર જે વાતચીત થઈ હતી તે નીચે જબ હતી—

'વહુ, તમારા બાપને ત્યાંથી કંઈ સમાચાર આવ્યા લાગે છે ખરા! તમારા કાકાના દીકરા અનાથને આજે મેં આવેલો જોયો હતો.'

'હા, માએ કહાવ્યું છે કે ...કરારે મારી નાની બેનને અન્નપ્રાશન (બોટણ) કરાવવાનું છે. તેથી વિચાર કરું છું...'

'બહુ સારું બેટા, એ પ્રસંગ ઉપર એક સોનાની કંઠી મોકલી આપો. તમારી મા બહુ ખુશી થશે.'

'પણ હું વિચાર કરું છું કે મારે જાતે જ જવું. મારી નાની બેનને મેં હજુ જોઈ નથી. તેને જોવાની મને બહુ ઇચ્છા છે.'

'એ તે કેમ બને! યતીનને એકલો મૂકીને જઈશ? દાક્તર શું કહે છે એ તો જાણે છે ને?'

'દાક્તર તો કહે છે કે હમણાં એવું કંઈ ખાસ...'

'એ ગમે તેમ કહે, પરંતુ એની આ દશા જોતાં છતાં તારાથી કઈ રીતે જવાય?'

'મારા ત્રણ ભાઈઓ પછી આ એક બહેન છે. બહુ બોટની છોકરી છે. મેં સાંભળ્યું છે કે અન્નપ્રાશનવિધિ ખૂબ ધામધૂમથી થશે. હું નહિ જાઉં તો મા બહુ...'

'તમારી માના વિચાર તો બેટા, હું સમજી શકું નહિ, પરંતુ યતીનને આ દશામાં છોડી તમે જશો તો તમારા પિતા નક્કી ગુસ્સે થશે, એ વાત હું તમને કહી રાખું છું.'

'એ હું જાણું છું. એ માટે જ તમારે મને ચાર લીટી લખી આપવી પડશે કે મારા જવાથી કંઈ ખાસ નુકસાન થાય એમ નથી.'

'તમારા જવાથી કંઈ નુકસાન થવાનું છે કે નહિ તે હું નથી જાણતી, પરંતુ જો તમારા પિતાજી ઉપર મારે કંઈ લખવું પડશે તો મારા મનમાં જે કંઈ છે તે બધું હું ખુલાસાવાર લખીશ.'

'વારુ, ત્યારે તો મહેરબાની કરી તમે કઈ લખતાં જ નહિ. હું જાતે જ એમને બધું કહીશ. એટલે એ...'

'જુઓ વહુ, મે ઘણું સહન કર્યું છે, પરંતુ આ વાત સંબંધી તમે યતીનને કંઈ કહેશો તો એ સહન નહિ કરું. તમારા પિતા તમને સારી રીતે ઓળખે છે; તેમને તમે કદી ભોળવી શકશો નહિ.'

એમ કહી માસી ચાલ્યાં આવ્યાં. મણિ થોડી વાર ગુસ્સે થઈ બિછાના ઉપર પડી રહી.

બાજુના ઘરમાંથી સાહેલીએ આવી પૂછ્યું, 'આ શું સખી, ગુસ્સે કેમ?'

'જો ને બેન, મારી એકની એક બેનને અન્નપ્રાશન થાય છે, પણ આ લોકો મને જવા દેતાં નથી.'

'ઓ બા, એ શી વાત, ક્યાં જવાની વાત કરે છે? પતિ તો રોગથી મરવા પડ્યો છે ને?'

'હું તો કંઈ કરતી નથી, કરી શકું તેમ નથી; ઘરમાં બધે સુમસુમાકાર છે. મારો જીવ તો આ બધું જોઈ હાંફી ઊઠે છે. આવી સ્થિતિમાં હું

---

માણસ જેટલા કૃત્રિમ અને ખોટા સ્વાદ કરે છે તેટલો તે રોગોની નજીક આવતો જાય છે.

જરા વાર પણ ન રહી શકું.'

'તને ધન્ય છે બેન! તું બૈરી ખરી!'

'એમાં શું? હું તમારી પેઠે લોકોને દેખાડવાનો દંભ કરી શકતી નથી. કોઈ વાતો કરે એ બીકે મોં નીચું કરી ઘરના ખૂણામાં પડી રહેવું એ મારું કામ નહિ.'

'ત્યારે તું શું કરીશ એ તો કહે!'

'હું તો જવાની જ! મને કોઈ રોકી શકવાનું નથી.'

'વાહ રે! અહંકાર તો માતો નથી! હું તો જાઉં છું, મારે ઘણું કામ છે.'

બાપને ઘેર જવાની વાત સાંભળી મણિ રડી ઊઠી હતી એ ખબરથી યતીન ચંચળ બની ઓશીકાને પીઠ પાસે લાવી તેનો ટેકો લઈ બેઠો થયો. તે બોલ્યો, 'માસી, આ બારી થોડી વધારે ઉઘાડી દો. આ દીવાના પ્રકાશની આ ઘરમાં જરૂર નથી.'

બારી ઉઘાડતાં જ સ્તબ્ધ રાત્રિ અનંત તીર્થ-માર્ગના મુસાફરની માફક રોગીના બારણા આગળ ચુપકીદીથી આવી ઊભી, કેટલાય યુગના કેટલાય મરણસમયના સાક્ષી એ તારાઓ યતીનના મુખ તરફ તાકી રહ્યા.

યતીન એ વિશાળ અંધકારના પટ ઉપર તેની મણિનું મુખડું જોઈ શક્યો. એ મુખડાની મોટી બે આંખો મોટાં મોટાં જલબિંદુઓથી ભરપૂર હતી, એ જલબિંદુઓનો જાણે પાર આવતો નથી, જાણે ચિરકાળ તેનો પાર આવવાનો નથી.

તેને ઘણી વાર થયાં ચુપ પડ્યો રહ્યો જોઈ માસી નિશ્ચિંત થયાં. તેણે ધાર્યું કે યતીન હવે ઊંઘે છે.

પરંતુ એવામાં તે અકસ્માત્ બોલી ઊઠ્યો, 'માસી, પરંતુ તમે બરાબર એમ જ ધારતાં હતાં ને કે મણિનું મન ચંચળ છે, આપણા ઘરમાં એનું દિલ ગોઠતું નથી. પરંતુ જુઓ ..'

'ના બેટા, હું ઊંધું સમજી હતી. વખત આવ્યે માણસ ઓળખાય છે.'

'માસી!'

'યતીન, બેટા, ઊંઘી જા.'

'મને થોડો વિચાર કરવા દો! થોડી વાત કરવા દો. કંટાળશો નહિ માસી!'

'વારુ, કહે, જે કહેવું હોય તે!'

'હું કહું છું કે માણસને પોતાનું મન સમજતાં પણ કેટલો સમય લાગે છે! એક દિવસ જ્યારે હું એમ ધારતો હતો કે આપણે કોઈ મણિનું મન સમજતાં નથી ત્યારે ચુપકીથીદી બધું સહન કરતો. તમે ત્યારે...'

'ના બેટા, એમ નહિ—હું પણ સહન કરતી.'

'મન તો કંઈ માટીનું ઢેફું નથી—ઉપાડી લેતાં કંઈ તે હાથમાં આવતું નથી. હું જાણતો હતો કે મણિ પોતાનું મન હજુ સમજતી નથી—કોઈ એકાદ આઘાતને લીધે જ્યારે તે એ સમજશે ત્યારે પછી...'

'સાચી વાત છે યતીન!'

'તે માટે જ તેની છોકરવાદી તરફ મેં કાંઈ ધ્યાન આપ્યું નથી.'

માસીએ આ વચનોનો કંઈ જવાબ ન આપ્યો. કેવળ મનમાં એક ઊંડો નિસાસો નાખ્યો. કેટલાય દિવસ તેણે જોયું કે યતીન વંડામાં પડ્યો પડ્યો રાત ગુજારે છે, વરસાદની વાછટ આવે છે તોપણ ઘરમાં જતો નથી. કેટલાક દિવસે તે માથાના દરદથી બિછાનામાં તરફડતો પડ્યો છે, તેની આંતરિક ઇચ્છા છે કે મણિ આવી તેનું માથું દાબે! પરંતુ મણિ તો સખીઓની સાથે સંઘ કાઢી પિયરમાં જવા તૈયાર થઈ રહી છે. તે યતીનને પવન ઢોળવા આવે છે ખરી પણ તે કંટાળી તેને પાછી મોકલે છે. એ કંટાળામાં કેટલી વેદના છે તે માસી બરાબર જાણતાં. કેટલીય વાર તેણે યતીનને એમ કહેવા ધાર્યું હતું કે 'બેટા, તું એ છોકરી તરફ એટલું બધું લક્ષ ન આપ—એ જરા ચાહતાં શીખે તે માટે તેને જરા રડાવવી પણ જોઈએ.' પરંતુ એ બધી વાત કહેવાતી ન હતી. કહેતાં કોઈ સમજતું ન હતું. યતીનના મનમાં નારીદેવતાનું એક પીઠસ્થાન હતું, ત્યાં તેણે મણિનો અભિષેક કર્યો હતો. એ તીર્થક્ષેત્રને વિષે સ્ત્રીનું અમૃતપાત્ર હતું, હમેશાં પોતાના ભાગ્યમાં શૂન્ય રહેવાનું છે એ વાત ધારણામાં ઉતારવી એને માટે સહજ ન હતી. તેથી પૂજા થાય છે, અર્ઘ્ય

ભરાઈ જાય છે, વર પ્રાપ્ત કરવાની આશા કેમેય કરી પરાભવ સ્વીકારતી નથી. માસી વળી ધારવા લાગ્યાં કે હવે યતીન ઊંઘ્યો લાગે છે, પણ એકાએક તે વળી બોલી ઊઠયો :

'હું જાણું છું. તમે ધાર્યું હતું કે હું મણિ સાથે રહી સુખી થઈ શકીશ નહિ. તેથી તમે તેના પર ગુસ્સે થતાં. પરંતુ માસી, સુખરૂપી ચીજ આ તારાઓ જેવી છે, કેવળ અંધકાર નથી પણ વચ્ચે વચ્ચે તરડ રહી જાય છે. જીવનમાં કેટલીય ભૂલો કરીએ છીએ, કેટલીય ગેરસમજ થાય છે, તોપણ તેની તરડ વચ્ચે થઈ કેવો સ્વર્ગીય પ્રકાશ ઝળકે છે! માસી, આજે કોણ જાણે ક્યાંથી મારા મનમાં એવો કંઈક આનંદ ઊછળી રહ્યો છે.'

માસી ધીમે ધીમે યતીનના કપાળ પર હાથ ફેરવવા લાગ્યાં. અંધકારમાં તેની બંને આંખોમાંથી ખળખળ કરતો અશ્રુપ્રવાહ ચાલ્યો જાય છે તે કોઈ જોઈ શકતું નથી.

'હું ધારું છું કે માસી, એની ઉંમર નાની છે, એ શા વડે જીવશે?'

'નાની ઉંમર શાની યતીન! આટલી ઉંમર કંઈ નાની કહેવાય! અમે તો બેટા, બહુ નાની ઉંમરમાં દેવતાને અંતરના આસને બેસાડેલ છે—તેથી શું કંઈ ક્ષતિ થઈ છે? વળી સુખની પણ એટલી બધી જરૂર શી છે?'

'માસી, મણિનું મન જાગૃત થવા લાગ્યું એવામાં મારે...'

'યતીન, એ વિચાર શા માટે? મન જાગૃત થયું એ શું ઓછા ભાગ્યની વાત છે?'

અકસ્માત્ અનેક દિવસ પહેલાં સાંભળેલા એક ગીતનો ભાવ યતીનના મનમાં આવ્યો—

રે મન, જ્યારે તું જાગૃત થયું ન હતું ત્યારે મનનો માન્યો બારણે આવ્યો હતો. તેના ચાલ્યા જવાનો પદરવ સાંભળતાં જ તારી ઊંઘ ઊડી, પરંતુ ત્યારે તારી જાગૃતિ કેવળ અંધકારદર્શન સિવાય બીજું કંઈ જોઈ શકે તેમ ન હતું.

'માસી, ઘડિયાળમાં કેટલા વાગ્યા?'

'નવ વાગશે.'

'હજુ નવ જ? મેં તો ધાર્યું હતું કે બે, ત્રણ કે વધુ વાગ્યા હશે! સંધ્યાકાળ પછી મારી મધરાત શરૂ થાય છે. તોપણ તમે મને ઊંઘવા માટે આટલી બધી તાકીદ કેમ કરો છો?'

'કાલ પણ સંધ્યાકાળ પછી આ પ્રમાણે વાતો કરતાં કરતાં કેટલીક રાત સુધી તને ઊંઘ નહોતી આવી! તેથી આજ તને અત્યારથી ઊંઘવાનું કહું છું.'

'મણિ શું ઊંઘે છે?'

'ના, તે તારા માટે મગની દાળ તૈયાર કર્યા પછી ઊંઘશે.'

'શું કહો છો માસી! મણિ શું ત્યારે...'

'તે જ તારે માટે બધો પથ્ય ખોરાક તૈયાર કરે છે. તે શું જરાય વિસામો લે છે?'

'હું જાણતો હતો કે મણિ કદાચ...'

'બૈરા માણસને તે બધું શીખવવાનું હોય? માથે પડ્યું બધું કરે.'

'આજે બપોરે જે કઢી થઈ હતી તે બહુ મજાની હતી. મેં ધાર્યું હતું કે તે તમે બનાવી હશે.'

'અરે રામ રામ ભજ ને! મણિ શું મને એ બધાને હાથેય અડકાડવા દે છે ખરી? તારા ટુવાલ-રૂમાલ પણ તે પોતાને હાથે ધોઈ સૂકવે છે. તે જાણે છે કે તું કોઈ પણ સ્થળે ગંદવાડ જોઈ શકતો નથી. તારું દીવાનખાનું તું એકવાર જુએ તો જણાશે કે મણિ દિવસમાં બે વાર બધું સાફ કરી રાખે છે. હું જો તેને તારા આ ઓરડામાં આવવા દઉં તો પછી આ બધું અહીં હોય ખરું! એ તો બધું પોતાને હાથે કરવા ઇચ્છે છે.'

'મણિનું શરીર તો...'

'દાક્તરો કહે છે કે તેને રોગીના ઓરડામાં હંમેશાં આવજા કરવા દેવી નહિ. એનું મન એવું નરમ છે કે તારું દુઃખ જોતાં જ બે દિવસમાં પથારી-વશ પડે.'

'માસી, એને તમે કઈ રીતે ભુલાવી રાખો છો?'

'મારા પ્રતિ તેનું માન અથાગ છે માટે જ હું તેમ કરી શકું છું. તોપણ મારે તેને વારંવાર ખબર આપવી પડે છે. એ પણ મારું દરરોજનું કામ થઈ પડ્યું છે.'

આકાશમાંના તારાઓ જાણે દયાથી ઝરતાં આંસુઓની માફક ઝળકવા લાગ્યા. જે માણસ આજે બાપને ઘેર વિદાય લેવાને માર્ગે આવી ઊભું છે, યતીને તેને મનમાં મનમાં કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કર્યા અને સામે મૃત્યુએ આવી અંધકારમાંથી જમણો હાથ લંબાવી દીધો છે તેના ઉપર યતીને પોતાનો રોગથી દુર્બળ થઈ ગયેલો સ્નિગ્ધ હાથ વિશ્વાસપૂર્વક મૂકયો.

એકવાર નિઃશ્વાસ ફેંકી થોડી ઉધરસ ખાઈ યતીન બોલ્યો, 'માસી, મણિ જો જાગતી હોય તો એકવાર તેને—'

'હમણાં જ બોલાવું છું બેટા!'

'હું બહુવાર તેને આ ઓરડામાં રાખીશ નહિ. કેવળ પાંચ મિનિટ—એકાદ બે વાતો જે કંઈ કહેવાની છે—'

માસી લાંબો નિસાસો મૂકી મણિને બોલાવવા ચાલ્યાં. આ તરફ યતીનની નાડી જોરથી ધબકવા લાગી. યતીન જાણતો હતો કે આજ સુધી તે મણિની સાથે રસપૂર્વક વાત કરી શકયો નથી. બે યંત્ર બે સૂરથી બાંધેલાં છે, એકી સાથે વાતચીત બહુ કઠણ છે. મણિ તેની સખીઓ સાથે છૂટે મોંએ બોલે છે, હસે છે, દૂરથી એ બધું સાંભળીને યતીન કેટલીય વાર ઇર્ષ્યાગ્નિથી પીડાયો છે. યતીને પોતાનો જ દોષ ગણ્યો છે-તે કેમ એવી રીતે સામાન્ય બાબત પર વાતચીત કરી શકતો નથી? વળી તેનામાં એ શક્તિ ન હતી એમ પણ નહોતું. તે પોતાના મિત્રો સાથે સામાન્ય બાબતો વિષે વાતચીત કરતો ન હતો? પરંતુ પુરુષોની જે વાત બૈરીઓની જે તે વાત સાથે મેળ ન ખાય! લાંબી વાત એકલા એકી સાથે બોલી જઈએ તો ચાલે, સામો પક્ષ તેમાં ધ્યાન આપે છે કે નહિ તેનો વિચાર ન કરીએ તોપણ ચાલે, પરંતુ નાની, નજીવી વાતમાં હંમેશાં બે પક્ષનો યોગ હોવો જોઈએ. વાંસળી એકલા એકલા બજાવી શકાય પરંતુ કરતાલમાં જોડી ન હોય તો અવાજ ન થાય. એ માટે જ કેટલીય સંધ્યાઓ વખતે યતીન મણિની સાથે ખુલ્લા વંડામાં ચટાઈ પાથરી બેઠો છે, બેચાર આડીટેડી વાતચીત થાય છે, ત્યાં એકાએક વાતનું વળું ભાંગી પડે છે, વચ્ચે લાંબું અંતર થઈ પડે છે; ત્યાર બાદ સંધ્યાકાળની નીરવતા જાણે શરમની મારી મરવા ઇચ્છે છે. યતીન સમજી શકે છે કે મણિ હવે અહીંથી છૂટે તો જ બચે તેમ છે. તે મનમાં મનમાં ધારે છે કે હમણાં જ કોઈ ત્રીજું માણસ આવી ચડે તો! એમ થાય તો જ ઠીક. કેમ કે બે જણાંની વાતચીત જામવી કઠણ છે, ત્રણ જણને માટે એ સહજ છે.

મણિ આવે એટલે આજે કઈ રીતે વાત શરૂ કરવી તે વિષે યતીન વિચાર કરવા લાગ્યો. વિચાર કરતાં જે વાત અસ્વાભાવિક રીતે મોટી લાગે તે વાતો ચાલશે નહિ. યતીનને શંકા થવા લાગી; આજની રાતની પાંચ મિનિટ પણ વ્યર્થ જશે. છતાં પોતાના જીવનની એવી નિરાળી પાંચ મિનિટ હવે કેટલી બાકી રહી છે?

'આ શું વહુ, કયાંક જાઓ છો કે શું?'

'સીતારામપુર જઈશ.'

'એ શું બોલ્યાં? કોની સાથે જશો?'

'અનાથ લઈ જાય છે.'

'વહુ, બેટા, તમે જજો, હું તમને નહિ અટકાવું, પરંતુ આજ નહિ.'

'ટિકિટ ખરીદાઈ ગઈ છે. જગા રિઝર્વ થઈ ગઈ છે.'

'ભલે ને તેમ થયું હોય! એ નુકસાન સહન થશે. તમે કાલે સવારમાં જજો, આજ નહિ.'

'માસી, હું તમારા તિથિવારમાં માનતી નથી. આજ જાઉં તો શો વાંધો છે?'

'યતીન તમને બોલાવે છે, તમારી સાથે તેને થોડી વાત કરવી છે.'

'વારુ, હજુ થોડો વખત છે. તેને કહી આવું છું.'

'પણ તમે તેને એ વાત કહેશો નહિ કે હું જાઉં છું.'

'વારુ, નહિ કહું. પરંતુ હું હવે વિલંબ કરી શકતી નથી. કાલે જ અન્નપ્રાશન છે—આજ જો ન જાઉં તો નહિ ચાલે.'

'વહુ, હું તમને હાથ જોડીને કહું છું કે

મારી આટલી વાત કેવળ આજને માટે માનો! આજે જરા ધીરે ચિત્તે યતીન પાસે આવી બેસો. ઉતાવળ ન કરો.'

'ઉતાવળ ન કરું તો શું કરું? ગાડી કંઈ મારે માટે થોભવાની છે? અનાથ બહાર ગયો છે. દશ મિનિટ પછી તે મને બોલાવવા આવશે. તે દરમિયાન હું એમને મળી આવું છું.'

'ત્યારે રહેવા દો વહુ, તમે જાઓ; એવી રીતે હું તેની કને તમને નહિ જવા દઉં. અરે અભાગણી, તેં જેને આટલું દુઃખ આપ્યું તે તો બધું છોડી આજ નહિ ને કાલ ચાલ્યો જશે–પરંતુ જ્યાં સુધી તું જીવીશ ત્યાં સુધી તને આજની વાત હંમેશને માટે યાદ રહી જશે. ભગવાન છે, એ વાત એક દિવસ તને સમજાશે.'

'માસી, તમે મને આવી રીતે શાપ આપતાં નહિ!'

'ઓ બાપ રે, હજુ કેમ જીવે છે બેટા? પાપ શું પૂરાં થયાં નથી–હવે હું તને વધુ વાર છેતરી શકતી નથી.'

માસી થોડી વાર પછી રોગીના ઓરડામાં ગયાં. તેણે ધાર્યું હતું કે યતીન ઊંઘી ગયો હશે. પરંતુ ઓરડામાં પેસતાં જ જોયું કે તે હજુ જાગે છે. માસીએ કહ્યું, 'એ તો એક ભારે કામ કરી બેઠી છે!'

'શું થયું છે? મણિ ન આવી? આટલી બધી વાર કેમ લગાડી?'

'જઈ જોઉં છું તો તારું દૂધ ઉકાળતાં ઉકાળતાં ઊભરાઈ ગયું છે અને તે બેઠી બેઠી રડે છે. પરંતુ અસાવધ રહી તારું દૂધ બગાડ્યું એ શરમ તેના દિલમાંથી ન ગઈ, મેં તેને ઠંડી પાડી બિછાનામાં સુવાડી છે. આજ તેને હું લાવી શકી નહિ, કાલ વાત! આજ તો ભલે સૂતી.'

મણિ ન આવી તે યતીનને ન ગમ્યું પરંતુ તે સાથે તેને સહેજ આરામ પણ મળ્યો. તેના મનમાં શંકા હતી કે વળી પાછી તે સશરીરે હાજર થઈ તેની ધ્યાનમાધુરી તરફ જુલમ કરી જાય તો! કેમ કે એવું યતીનના જીવનમાં અનેકવાર બન્યું હતું. દૂધ ઊભરાવી દેવાથી મણિનું કોમળ હૃદય પશ્ચાત્તાપથી સળગી રહ્યું છે એ વિચારનો રસ તેના હૃદયમાં ઉછાળા મારવા લાગ્યો.

'માસી!'

'શું બેટા?'

'હું સારી રીતે જાણું છું કે મારા દિવસો પૂરા થવા આવ્યા છે. પરંતુ મને તેનો કંઈ ખેદ નથી. તમે મારે માટે શોક કરશો નહિ.'

'ના બેટા, હું શોક નહિ કરું. જીવનમાં જ ભલું છે અને મરણમાં નથી એ વાત હું માનતી નથી.'

'માસી, હું તમને ખરેખરું કહું છું કે મૃત્યુ મને બહુ મધુર લાગે છે.'

અંધકારમય આકાશ તરફ તાકી રહી યતીન જોતો હતો કે તેની મણિ આજે મૃત્યુનો વેશ ધારણ કરી આવી ઊભી છે. તે આજે અક્ષય યૌવનથી પરિપૂર્ણ છે, તે ગૃહિણી છે, તે જનની છે, તે રૂપાળી છે, તે કલ્યાણી છે. તેના જ છૂટા ચોટલા ઉપર આ આકાશના તારાઓ લક્ષ્મીએ સ્વહસ્તે આપેલી આશીર્વાદની માળારૂપ દેખાતા હતા. તેઓ બંનેના માથા ઉપર આ અંધકારમય મંગલવસ્ત્ર ઓઢાડાઈ વળી જાણે નવીન તરેહની શુભદૃષ્ટિ* થઈ રહી છે. રાત્રિનો આ વિપુલ અંધકાર મણિના અનિમેષ પ્રેમમય દૃષ્ટિપાત દ્વારા ભરાઈ ગયો છે. આ ઘરની વહુ મણિ, આ નાની સરખી મણિ, આજે વિશ્વરૂપ ધારણ કરી બેઠી છે–જીવનમરણના સંગમ તીર્થને વિષે આ નક્ષત્ર વેદી ઉપર તે બેઠી છે–નિઃસ્તબ્ધ રાત્રિ મંગળઘટની માફક પુણ્યસલિલથી ઊભરાય છે. યતીન હાથ જોડી મનમાં કહેવા લાગ્યો : 'આટલે દિવસે ઘૂમટો ઊઘડ્યો, આ ભયંકર અંધકારમાં આવરણ ખૂલ્યું–તેં મને ઘણો રડાવ્યો છે. હે સુંદર, હે સુંદર, તું હવે મને છેતરી શકીશ નહિ!'

'માસી, દુઃખ તો થાય છે, પણ તમે ધારો છો તેટલું નહિ. મારી સાથે મારું દુઃખ પણ ધીમે ધીમે વિદાય લેતું જાય છે. માલ લાદેલી નૌકાની

*બંગાળા તરફ થતો પરણતી વેળા વરકન્યાની ચારે આંખો મેળવવાનો પ્રસંગ.

સત્યથી જુદો કોઈ ઈશ્વર નથી. એથી જ ઈશ્વર સત્ય આચરણ સિવાય પ્રાપ્ત થઈ શકે નહિ.

પેઠે આટલા દિવસ તે મારા જીવનરૂપી વહાણની સાથે બંધાયેલું હતું–આજ એ બંધન કપાઈ ગયું લાગે છે. તે મારો બધો બોજો લઈ દૂર તણાતું જાય છે. હજુ હું તેને જોઈ શકું છું પરંતુ હવે તે મારું પોતાનું લાગતું નથી. આ બે દિવસ થયાં મેં મણિને એકેય વાર ન જોઈ માસી!'

'યતીન, પીઠ પાછળ રાખવા બીજું ઓશીકું આપું?'

'મને લાગે કે મણિ પણ ચાલી ગઇ છે! મને છોડી રવાના થયેલી પેલી દુઃખનૌકાની માફક!

'બેટા, થોડો મોસંબીનો રસ પીશ, તારું ગળું સુકાય છે.'

'મારું વીલ કાલે લખાઇ ગયું છે. તે મેં તમને બતાવ્યું છે કે નહિ? મને બરાબર સાંભરતું નથી.'

'યતીન! મારે તે જોવાની જરૂર નથી.'

'મા જ્યારે મરી ગઈ ત્યારે મારી પાસે તો કંઈ નહોતું. તમારું ખાઈ, તમારે હાથે હું માણસ થયો છું. તેથી કહેતો હતો—'

'એ વળી કેવી વાત બેટા? મારે તો કેવળ આ એક મકાન ને નજીવી મૂડી સિવાય બીજું કંઈ નહોતું. તેં જ તારી જાતે બધું મેળવ્યું છે.'

'પરંતુ આ મકાન—'

'મકાન પણ મારું કઇ રીતે! કેટલો ભાગ તેં વધાર્યો છે. મારું કેટલું છે તે અત્યારે શોધ્યું જડે તેમ નથી.

'મણિ તમને અંદરખાનેથી ખૂબ—'

'એ તો હું જાણું છું, યતીન! તું ઊંઘી જા.'

'મેં મણિને બધું લખી આપ્યું છે ખરું પરંતુ ખરી રીતે તો તમારું જ છે. એ તમને કદી નહિ છોડે.'

'બેટા, એ માટે આટલો બધો વિચાર કેમ કરે છે?'

'તમારા આશીર્વાદથી આ બધું છે! તમે મારું વીલ જોઇ કદી મ ્માં આણતાં નહિ...'

'યતીન, એ કેવી વાત? તારી ચીજ તું મણિને આપે તેમાં હું મનમાં શું લાવવાની હતી? મારું મન શું એવું છે ખરું? તારી ચીજ એને નામે ચડાવી જતાં તને જે સુખ થાય છે એ સુખ મને સૌ કરતાં વધારે સુખી બનાવે છે બેટા!'

'પરંતુ તમને પણ હું—!'

'જો યતીન, હવે હું ગુસ્સે થઇશ. તું ચાલ્યો જશે ને શું મને રૂપિયા વડે ભુલાવી જશે?'

'માસી, રૂપિયા કરતાં પણ વધુ કીમતી બીજું કંઈ જો હું તમને......'

'યતીન, એવું તો તેં મને બહુ આપ્યું છે, પુષ્કળ આપ્યું છે. મારું શૂન્ય ઘર તારાથી ભરેલું થયું હતું એ શું મારા અનેક જન્મનું ભાગ્ય નહોતું? અત્યાર સુધી તો મેં એ બધું ગળા સુધી ભોગવ્યું છે, આજ મારું લેણું જો પૂરું થઈ ગયું હશે તો તેની ફરિયાદ હું નહિ કરું. આપ, બધું લખી આપ, ઘરબાર, ચીજજણસ, ગાડીઘોડા, સ્થાવરજંગમ બધી મિલકત જે કંઈ છે તે મણિના નામ પર ચડાવી દે. એ બોજો મારાથી હવે નહિ ઊપડે.'

'તમને ભોગ પર પ્રીતિ નથી. પરંતુ મણિની ઉંમર નાની છે તેથી—'

'એ વાત કહેતો નહિ! એ વાત ઉચ્ચારતો નહિ. ધનદોલત આપવા માગતો હોય તો આપ, પરંતુ ભોગવવાનું—'

'કેમ નહિ ભોગવે?'

'ના બેટા, ના, તે ભોગવી નહિ શકે! હું ખાતરીપૂર્વક કહું છું કે એ એને જરાકે નહિ રુચે! તેનું ગળું સુકાઇ લાકડું બની જશે, તેને કોઇ પણ સામગ્રીમાંથી રસ નહિ મળે.'

યતીન ચુપ થઈ રહ્યો. પોતાના વિના સંસાર મણિને ખારોઝેર થઇ પડશે એ વાત ખરી કે ખોટી, સુખદાયક કે દુઃખદાયક, તે એ બરાબર નક્કી કરી શક્યો નહિ. આકાશના તારા જાણે તેના હૃદયમાં વસી કાનમાં કહેવા લાગ્યા, 'એમ જ થાય–અમે તો હજારો વરસથી એવું જોતા આવ્યા છીએ, સંસારવ્યાપી આ બધી તૈયારી એ મોટી છેતરપીંડી છે.'

યતીન એક ઊંડો નિસાસો નાખી બોલ્યો, 'આપવા જેવી ચીજ તો આપણે કોઈ પણ રીતે આપી જઇ શકતા નથી.'

---

અમુક કામ કરવું એમ નક્કી કર્યા પછી તેમાં બરાબર લાગી જવું એનું જ નામ વ્રત છે.

'બેટા, તેં શું ઓછું આપ્યું છે? આ મકાન, પૈસોટકો વગેરેના બહાને તું એને જે કંઈ આપી જાય છે તેની કીમત એ શું કદી નહિ સમજે? તેં એને જે કંઇ આપ્યું છે તે માથે ચડાવી લેવાની શક્તિ વિધાતા એને આપો એ મારો તેને આશીર્વાદ છે.'

'થોડો મોસંબીનો રસ આપો. મારું ગળું સુકાય છે. મણિ શું કાલે આવી હતી—મને બરાબર યાદ આવતું નથી.'

'આવી હતી. ત્યારે તું ઊંઘતો હતો. તારા માથા આગળ બેસી તેણે તને ઘણી વાર સુધી પવન ઢોળ્યો હતો. ત્યાર બાદ તે ધોબીને કપડાં આપવા ગઈ હતી!'

'ભારે નવાઈ! મને લાગે છે કે હું તે જ વખતે સ્વપ્ન જોતો હતો: જાણે મણિ મારા ઓરડામાં આવવા માગે છે—બારણાં થોડાં અધખોલાં થયાં છે તે ઠેલાઠેલી કરે છે પરંતુ બારણાં વધારે ઊઘડતાં નથી. પરંતુ માસી, તમે જ સહેજ ભૂલ કરો છો હો! એને જાણવા તો દો કે હું મરું છું. નહિ તો તે મૃત્યુને એકાએક સહન નહિ કરી શકે.'

'બેટા, તારા પગના ઉપર આ ઊનની શાલ નાખું! પગનાં તળિયાં ઠંડાં થઈ ગયાં છે.'

'ના, માસી, શરીર પર કંઇ પણ ઓઢવાનું ગમતું નથી.'

'યતીન, તું જાણે છે કે એ શાલ મણિએ ગૂંથેલી છે. આટલા દિવસ રાતે જાગીજાગીને તેણે એ તૈયાર કરી છે. હજુ એ ગઈ કાલે જ પૂરી થઈ.'

યતીન શાલ હાથમાં લઇ આમતેમ ફેરવી જોવા લાગ્યો. તેને લાગ્યું કે આ શાલની કોમળતા એ મણિના મનની અણમૂલી ચીજ છે. તેણે યતીનની સ્મૃતિ હૃદયમાં ધારણ કરી, આખી રાત જાગી આ શાલ ગૂંથી છે. તેના મનની એ પ્રેમભાવના એના પ્રત્યેક તાર સાથે ગૂંથાઇ રહી છે. કેવળ ઊન જ નહિ પણ મણિની કોમળ આંગળીઓના સ્પર્શ વડે આ ગૂંથાઈ છે. તેથી માસીએ જ્યારે શાલ પગ પર નાખી ત્યારે તેને લાગ્યું કે મણિ પોતે જ આખી રાતનાં જાગરણ કરી તેની પદસેવા કરી રહી છે.

'પરંતુ માસી, હું તો જાણતો હતો કે તેને ભરતાં ગૂંથતાં આવડતું નથી. તેને સીવણ ગમતું જ નથી.'

'ધ્યાન રાખે તો શીખતાં કેટલી વાર? તેને મેં શીખવ્યું હતું, છતાં આમાં ઘણી જગાએ ભૂલો પણ છે.'

'ભલે ને રહી ભૂલો! એ કંઈ પેરિસના પ્રદર્શનમાં મોકલવાની નથી. ભૂલો છતાં મારા પગ ઢાંકવામાં તે કામ નહિ આવે તેવી નથી.'

ગૂંથણમાં ઘણી ભૂલો છે એ વાત સાંભળતાં યતીનને બહુ જ આનંદ થયો. બિચારી મણિ! ગૂંથણ જાણતી નથી, ગૂંથી શકતી નથી, વારંવાર ભૂલો કરે છે, તોપણ ધીરજ રાખી મોડી રાત સુધી ગૂંથણ કર્યે જાય છે એ કલ્પના જ તેને અતિશય મધુર લાગી. આ ભૂલભરેલી શાલને વળી તેણે હાથમાં લઇ તપાસી જોઈ.

'માસી, દાક્તર નીચેના ઘરમાં છે?'

'હા, યતીન, આજ રાતે રહેશે.'

'પરંતુ મને નકામી ઊંઘની દવા ન આપે એ ધ્યાન રાખજો. જુઓ ને એની દવાથી મને ઊંઘ તો આવતી જ નથી પણ ઊલટું દુઃખ વધે છે. મને સાદી રીતે જાગી લેવા દો. સાંભરે છે માસી, વૈશાખ માસની બારસની રાત્રે અમારાં લગ્ન થયાં હતાં. કાલે એ જ બારશ આવે છે. કાલે એ રાતના બધા તારા આકાશમાં ઊગશે, મણિને કદાચ એ વાત યાદ નહિ હોય. હું તેને એ વાત આજે યાદ કરાવવા ઇચ્છું છું; તમે તેને ફક્ત બે મિનિટ માટે બોલાવો. કેમ મૂંગાં બેઠાં છો? કદાચ દાક્તરે તમને કહ્યું હશે કે મારું શરીર દુર્બળ છે. તેથી મારા મનને કોઈ પણ જાતની... પરંતુ હું તમને નક્કી કહું છું કે આજે રાત્રે તેની સાથે બેત્રણ વચનોમાં વાતચીત કરવાથી મારું મન બહુ જ શાંત થઇ જશે, અને કદાચ હવે પછી તમારે મને ઊંઘની દવા આપવી નહિ પડે. મારું મન તેને કંઈક કહેવા માગતું હોવાથી જ ગઇ બે રાત મને ઊંઘ નહોતી આવી. માસી, તમે આવી રીતે ન રડો. મને બહુ સારું છે, મારું મન આજે જેવું આનંદથી ભરાઇ ઊઠ્યું છે તેવું મારા જીવનમાં કદી થયું નથી. તે માટે જ હું મણિને બોલાવું છું. મને લાગે છે કે આજ હું મારું આ ભરપૂર હૃદય તેના હાથમાં આપી જઇ શકીશ. તેને ઘણા દિવસો

થયાં, ઘણી વાતો કહેવાનું મન હતું પણ એ કાર્ય પાર પાડી શક્યો નથી, પરંતુ હવે એક ક્ષણનો વિલંબ કરવો પાલવે તેમ નથી. તેને હમણાં જ બોલાવો. આ પછી મને સમય મળશે નહિ. માસી, હું તમારું આ રુદન સહન કરી શકતો નથી. આટલા દિવસ તો તમે શાંત હતાં, આજ કેમ આમ થાય છે?'

'ઓ યતીન, મેં ધાર્યું હતું કે મારું બધું રુદન ખૂટી ગયું છે, પણ હવે મને લાગે કે હજુ એ જંજાળ બાકી રહી છે, આજે હું રહી શકતી નથી.'

'મણિને બોલાવો—તેને હું કહી રાખું કે કાલની રાતને માટે……'

'જાઉં છું બેટા, શંભુ બારણે બેઠો છે, જો કંઈ જરૂર પડે તો તેને બોલાવજે.'

માસી મણિના સૂવાના ઓરડામાં જમીન પર પડી પોકાર કરવા લાગ્યાં, 'અરે વહુ, આવ!! એક વાર આવ!! રાક્ષસી, આવ!!! જેણે તને તેનું સર્વસ્વ આપ્યું છે તેની છેલ્લી વાત તો માન–જે મરવા પડ્યો છે તેને વધુ માર નહિ.'

યતીન પદરવ સાંભળી ચમકી ઊઠી બોલ્યો, 'મણિ?'

'ના, હું શંભુ, મને બોલાવો છો?'

'એકવાર તારી શેઠાણીને મોકલ!'

'કોને?'

'શેઠાણીને.'

'તે તો હજુ આવ્યાં નથી.'

'ક્યાં ગયાં છે?

'સીતારામપુર.'

'આજે ગયાં છે?

'ના, આજે ત્રણ દિવસ થયા.'

થોડી વાર સુધી યતીનનું આખું શરીર ધ્રૂજી ઊઠ્યું, તેની આંખે અંધારાં આવ્યાં. અત્યાર સુધી તે ઓશીકાને અઢેલી બેઠો હતો, તે સૂઈ ગયો. પગ ઉપર પેલી ઊનની શાલ પડી હતી, તે તેણે ઠેલી નીચે નાખી દીધી.

ઘણી વાર પછી માસી આવ્યાં. યતીને તેને મણિ વિષે કંઈ જ ન કહ્યું. માસીએ ધાર્યું કે એ વાત તેના મગજમાં રહી નથી.

એકાએક યતીન બોલી ઊઠ્યો, 'માસી, મેં તમને પેલા સ્વપ્નની વાત કહી હતી?'

'કયા સ્વપ્નની?'

'મણિ મારા ઓરડામાં આવવા બારણાં ઠેલે છે. બારણાં કોઈ પણ રીતે ઊઘડતાં નથી. થોડાં અધખોલાં બારણામાંથી તે અંદર જુએ છે પણ અંદર ઘૂસી શકતી નથી. મણિ હંમેશને માટે મારા ઓરડાની બહાર જ ઊભી રહી. તેને બહુ બોલાવી પણ અહીં તેને માટે જગા ન જ થઈ.'

માસી કંઈ ન બોલતાં ચુપ થઈ બેઠાં. તેણે વિચાર કર્યો કે યતીનને માટે મિથ્યા વડે જે એકાદ સ્વર્ગ રચી રહી હતી તે હવે ટક્યું નથી. દુઃખ જ્યારે આવે ત્યારે તેનો સ્વીકાર કરવો એ જ સારું છે–પ્રવંચના દ્વારા (ખોટું બોલીને) વિધાતાનો માર અટકાવવાનો પ્રયત્ન કરવો એનો અર્થ કંઈ જ નથી.

'માસી, તમારી પાસેથી મને જે સ્નેહ મળ્યો છે તે મારા જન્મજન્માંતરનું ભાથું છે. મારું આખું જીવન તેના વડે ભરપૂર કરી હું જાઉં છું. આવતા જન્મમાં તમે નક્કી મારી દીકરી થઈ જન્મશો. હું તમને છાતી પર રાખી ઉછેરીશ.'

'એ શું બોલે છે યતીન, વળી છોકરી થઈ જન્મું? તારે ત્યાં દીકરો થઈ જન્મું એવી ઇચ્છા કર ને ભાઈ.'

'ના, ના, છોકરો નહિ. પણ બાળપણમાં તમે જેવાં સુંદર હતાં તેવું જ અનુરૂપ રૂપ લઈ તમે મારા ઘરમાં આવજો. મને બરાબર યાદ રહેશે તમને કઈ રીતે શણગારવાં તે.'

'હવે બોલ નહિ યતીન, બોલ નહિ–જરા ઊંઘ.'

'તમારું નામ પાડીશ 'લક્ષ્મી'.'

'એ તો જૂના જમાનાનું નામ થઈ ગયું.'

'હા, એ આધુનિક નામ નથી. પરંતુ તમે તો મારાં જૂનાં માસી છો; એ જૂનો કાળ લઈ મારે ઘેર આવજો.'

'તારે ઘેર હું વરાવવા પરણાવવાનું દુઃખ લઈ આવું એવી ઇચ્છા હું કરી શકતી નથી.'

'માસી, તમે મને દુર્બળ ધારશો નહિ. મને દુઃખથી બચાવવા માગો છો?'

'બેટા, મારું મન તે છેવટે બૈરીનું જ ને! હું

---

બધા જરૂર પૂરતો જ સંગ્રહ કરે તો કોઈનેય તંગી કે અસંતોષ ન રહે.

પોતે જ દુર્બળ છું–તે માટે જ હું તને બહુ બીતી બીતી બધાં દુઃખમાંથી હંમેશને માટે બચાવવા તલસતી હતી. પરંતુ મારી શક્તિ તે કેટલી ? હું કંઈ કરી શકી નહિ.'

'માસી, આ જીવનની શિખામણ હું આ જન્મમાં કામે લગાડી શક્યો નથી. પરંતુ એ બધું જમા રહી ગયું છે. આવતા જન્મમાં માણસ શું કરી શકે તે હું બતાવીશ. આખો દિવસ પોતાના તરફ નજર કરી રહેવું એ કેવી મોટી ભૂલ છે એ બરાબર સમજ્યો છું.'

'બેટા, તું ગમે તેમ કહે, પણ તેં તારે માટે કંઈ રાખ્યું નથી. તેં જાતે કંઈ લીધું નથી. બધું બીજાને આપ્યું છે !'

'માસી, એક ગર્વ તો હું કરીશ કે મેં સુખ ઉપર જબરાઈ કરી નથી. કોઈ પણ દિવસ હું એ વચન બોલ્યો નથી કે જ્યાં મારો હક છે ત્યાં હું જોર વાપરીશ. જે મને મળ્યું નથી તે માટે મેં બાઝાબાઝી કરી નથી. મેં એ ચીજ માગી હતી કે જેના ઉપર કોઈનો હક નહોતો. તે માટે હું આખી જિંદગી બે હાથ જોડી રાહ જોઈ બેઠો હતો; મિથ્યા હું માગતો નહોતો માટે જ આટલા દિવસ એવી રીતે બેસી રહેવું પડયું–આ વખતે ખરું પડે તો દયા રાખી કહેવાશે. એ કોણ, માસી, એ કોણ ?'

'કોણ ! કોઈ નથી યતીન.'

'માસી, તમે એક વાર પેલા ઓરડામાં જોઈ આવો, મેં જાણે...'

'ના બેટા, ત્યાં તો કોઈ નથી.'

'પરંતુ મેં સ્પષ્ટ જોયું...'

'કંઈ નથી યતીન, જો, દાક્તર આવ્યા.'

'આપ એની પાસે રહો છો તો એ બહુ વાતો કરે છે. કેટલીય રાત આવી રીતે આપે જાગરણમાં ગાળી. આપ સૂવા જાઓ. મારો આ માણસ અહીં રહેશે.' દાક્તરે કહ્યું.

'ના માસી, તમે જશો નહિ.'

'વારુ, બેટા, હું પેલા ખૂણામાં જઈ બેસું છું.'

'ના, ના, તમે મારી પાસે જ બેસી રહો–હું તમારો હાથ કદી છોડવાનો નથી. છેવટ સુધી નહિ. હું તમારા હાથે ઊછર્યો છું, ભગવાન ભલે તમારા હાથમાંથી જ મને છીનવી લે.'

'વારુ, પણ યતીન બાબુ. આપ વાતચીત કરશો નહિ. પેલી દવા પિવરાવવાનો વખત થયો છે...'

'વખત થયો છે ? જૂઠી વાત. સમય વીતી ગયો. હવે દવા પિવરાવવી એ કેવળ આત્મવંચના વડે સાન્ત્વના પ્રાપ્ત કરવા જેવું છે. મને તેની જરાકે દરકાર નથી. હવે હું મરણથી બીતો નથી. માસી, યમની દવા ચાલે છે તે પર વળી આ બધા દાક્તરોને ભેગા કેમ કર્યા છે ? તેમને રજા આપો, બધાને રજા આપો. હવે મારાં ગણાતાં હોય તો એકમાત્ર તમે છો. મને બીજા કોઈની જરૂર નથી. કોઈની નહિ. કોઈ જૂઠાણાની નહિ.'

'આપની આ ઉશ્કેરણી સારી ન કહેવાય.'

'ત્યારે તમે જાઓ. મને ઉશ્કેરો નહિ. માસી, દાક્તર ગયા ? વારુ, ત્યારે તમે આ પથારી પર બેસો, હું તમારા ખોળામાં માથું રાખી જરા સૂઉં.'

'વારુ, સૂઈ જા, બેટા ! જરા ઊંઘ.'

'ના માસી, ઊંઘવાનું કહેતાં નહિ. ઊંઘવા જતાં કદાચ મારી ઊંઘ કદી નહિ ભાંગે. હજુ મારે થોડીવાર જાગવાની જરૂર છે. તમે શબ્દ સાંભળી શકો છો ? એ આવે, હમણાં આવશે.'

'બેટા, યતીન, જરા જો તો ખરો, એ આવી છે. એકવાર તો જો બેટા !'

'કોણ આવ્યું છે ? સ્વપ્ન ?'

'સ્વપ્ન નહિ બેટા, મણિ આવી છે. તારા સસરા આવ્યા છે.'

'તમે કોણ છો ?'

'ઓળખી શકતો નથી બેટા, એ તારી મણિ છે.'

'મણિ, એ બારણું શું આખું ઊઘડી ગયું ?'

'બધું ઊઘડી ગયું, બેટા મારા, બધું ઊઘડી ગયું.'

'ના માસી, મારા પગ ઉપર એ શાલ નહિ, એ શાલ નહિ, એ શાલ જૂઠી છે, એ શાલ આત્મવંચનામય છે.'

'શાલ નહિ યતીન ! વહુ તારા પગ ઉપર પડે છે–એના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ કે આવી રીતે રડતી નહિ. વહુ, રડવાનો સમય આવે છે-અત્યારે જરા ચુપ રહે !'

*

# જીવનની કેળવણી

**શ્રી રવિશંકર મહારાજ**

કાઠિયાવાડમાં હું મારા એક મુસલમાન મિત્રને ત્યાં ગયો હતો. ત્યાંથી જવા નીકળ્યો ત્યારે એ ભાઈ મને વળાવવા ઊભા થયા. એમની સાથે એમનો એક નાનો દીકરો હતો. થોડેક સુધી આવ્યા પછી મેં કહ્યું, 'બસ, ઊભા રહો.' પણ તે ઊભા ન રહ્યા.

જરા આગળ જઈને મેં ફરીથી કહ્યું, 'હવે પાછા વળો.' પણ તે પાછા ન વળ્યા.

એ પછી એમણે કહ્યું, 'મહારાજ, તમને વળાવવા આવું છું એ તમારે સારુ નથી આવતો, મારા આ દીકરા માટે આવું છું. એને ખબર તો પડે કે મહેમાનને ક્યાં સુધી વળાવવા જવાય.' આનું નામ બાળકેળવણી.

*

સ્વામી દયાનંદ સરસ્વતી એક વખત એક કૉલેજમાં ભાષણ કરવા ગયા. ત્યાં એક ટીખળી વિદ્યાર્થીએ એમને પ્રશ્ન કર્યો, 'સ્વામીજી, તમે વિદ્વાન કે મૂર્ખ ?'

ઘડીભર તો સ્વામીજી પેલા વિદ્યાર્થીની સામે જોઈ રહ્યા. પછી બોલ્યા, 'ભાઈ, કેટલીક વાતોમાં હું વિદ્વાન છું. પણ ઘણી વાતોમાં મૂર્ખ છું. સંસ્કૃત ભાષાનો હું વિદ્વાન ખરો, પણ દાક્તરી, ખેતી વગેરે દુનિયાની ઘણી વિદ્યાઓમાં હું સાવ મૂર્ખ છું.'

સ્વામીજીનો આ નમ્રતાભર્યો જવાબ સાંભળી પેલો વિદ્યાર્થી ચૂપ થઈ ગયો.

*

વીસાપુર જેલમાં હતો ત્યારે મને રસોઈનું કામ સોંપવામાં આવ્યું હતું. ત્યાં ટંકે ૬૬ મણ લોટના રોટલા, ૧૧ મણની દાળ અને ૨૪ મણ ભાજીની રસોઈ થાય. ૬૬ મણના રોટલાનો મોટો ઢગલો થાય. માથાદીઠ દરેકને જોખીને પ્રમાણસર આપવામાં આવે. પહેલાં લોટ જોખે, પછી એમાં પાણી નાખી લોટને મસળી ગોળો બનાવવામાં આવે. ગોળો પણ જોખે અને છેલ્લે રોટલા પણ જોખવામાં આવે. દરેકને બબ્બે રોટલા દેવાનો નિયમ.

પણ રોટલાનો ઢગલો જોઈને કેટલાક દાદા આવે ને મને કહે, 'એય રોટલા આપો! ભૂખ લાગી છે.' હું ન આપું એટલે ગુસ્સે થઈને બબડે, 'આવો કંજૂસ ક્યાંનો. એ રોટલા આપવામાં શું જાય છે?' એમ કહી ગાળો દેતા દેતા ચાલ્યા જાય.

હવે ધારો કે, થોડાક રોટલા એ દાદા ઉઠાવી ગયા તો? રોટલા ખૂટે. કારણ તે બરાબર ગણતરી-બંધના હતા. વચ્ચેથી કોઈ ઉપાડી જાય તેટલા અમુક માણસોને ન મળે અને એમને ભૂખ્યા રહેવું પડે. એ ભૂખ્યા રહેનાર માણસો સામાન્ય રીતે ઝાડુ વાળનાર ભંગી કે એવા જ હોય. તો શું એ માણસ નથી? એ કામ નથી કરતા? સૌની સાથે એમને પણ બબ્બે રોટલા મેળવવાનો હક છે. છતાં ન મળે તો દોષ કોનો? જેલમાં લોટ આપી જનારનો? ના, એ તો દરેકને માટે પ્રમાણસર જોખીને કાઢે છે. તો દોષિત કોણ? પેલા દાદા, જે વચ્ચેથી ખાઈ જાય છે.

ઈશ્વરની દુનિયામાં પણ આવું જોવા મળે છે. એણે તો કોઈ ભૂખ્યું ન રહે એવી યોજના કરેલી છે, પણ કેટલાક વધારે આંતરી લે છે એટલે બીજાને એટલું ઓછું પડે છે.

ઈશ્વરની સૃષ્ટિમાં દરેકને મહેનત કરીને ખાવાનો હક છે, ભેગું કરવાનો કે બીજાનું આંચકીને વધારે લઈ લેવાનો નહીં. એ સત્ય સમજીશું અને આચારમાં મૂકીશું, ત્યારે જ આજે દેખાતી ભયાનક વિષમતા દૂર થશે.

*

---

જે સમય અને સંપત્તિનો દુરુપયોગ કરે છે અને બીજાઓનું અનિષ્ટ કરે છે, તે સર્વ રીતે શોચનીય છે.

પોતે સુખી થવાની અને લેવાની ઇચ્છા હોય ત્યાં મોહ અને સ્વાર્થ છે, સામાને સુખી કરવાની અને ત્યાગની ભાવના હોય ત્યાં પ્રેમ અને પરમાર્થ છે.

# સૌથી મુખ્ય સાધન

**— સ્વામી રામતીર્થ**

મહાવીર હનુમાનનું નામ લેવાથી અને ધ્યાન ધરવાથી લોકોમાં વીરતા આવે છે ને હિમ્મત આવે છે. હનુમાનને મહાવીર કોણે બનાવ્યો? બ્રહ્મચર્યે જ.

મેઘનાદને મારવાની કોઈનામાં તાકાત ન હતી. રામચંદ્રજીએ પણ પોતાની લીલા દ્વારા બતાવ્યું કે "હું પોતે પણ મેઘનાદને મારવાને શક્તિમાન નથી. જેણે બાર વર્ષ સુધી અપવિત્ર વિચાર પણ કર્યો નહિ હોય અને નિદ્રા ઉપર વિજય મેળવ્યો હશે તે જ તેને મારી શકશે."

આવો પુરુષ કોણ હતો? લક્ષ્મણજી.

પૃથ્વીરાજ હાર્યો તેનું કારણ તે પોતે જ કહે છે, કે "જ્યારે હું રણસંગ્રામમાં જવા નીકળ્યો, ત્યારે મારી કમર રાણીએ કસીને બાંધી હતી."

નેપોલિયન જેવો મહાન રણવીર હાર્યો તેનું કારણ શું? ઇતિહાસ સાક્ષી પૂરે છે કે સંગ્રામમાં જવાની આગલી રાત્રે તેણે સ્ત્રીસેવન કર્યું હતું.

સૂર્યપ્રભા સમ તેજસ્વી વીર અભિમન્યુ કુરુક્ષેત્રમાં રહેંસાઈ ગયો તેનું શું કારણ? રણમાં જવા અગાઉ તેણે પોતાનું બ્રહ્મચર્ય ખંડિત કર્યું હતું.

સ્વામી રામ જ્યારે પ્રોફેસર હતા ત્યારે તેમણે પાસ–નાપાસ થયેલા છોકરાની એક યાદી કરી. યાદીમાં જોયું તો આખું વર્ષ સારો અભ્યાસ કરનારા નાપાસ થયા છે. તેનું કારણ એ જણાયું કે પરીક્ષા પહેલાં તે છોકરાઓ વિષયવાસનામાં ફસાયા હતા.

જેવી રીતે તેલ બત્તીની ઉપર ચઢવાથી તેનો પ્રકાશ બને છે, તેવી રીતે જે શક્તિનો વ્યય નીચલા ભાગમાં થાય છે, તે શક્તિ જો ઉપરના ભાગમાં ચઢે તો આકર્ષણશક્તિ અને તેજની વૃદ્ધિ થઈને પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મને (ઈશ્વરને) મેળવવાનું ઘણું જ અગત્યનું સાધન.

*

# રત્નમાલા

**प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः ।**
**किं नु मे पशुभिस्तुल्यं किं नु सत्पुरुषैरिति ॥**

માણસે દરરોજ પોતાના આચરણનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ કે શું તે પશુઓના જેવું છે કે સત્પુરુષોના જેવું છે?

**सद्भिरेव सहासीत सद्भिः कुर्वीत संगतिम् ।**
**सद्भिर्विवादं मैत्रीं च नासद्भिः किंचिदाचरेत् ॥**

સારા માણસોની સાથે જ બેસવું, તેમની જ સોબત રાખવી, વાદવિવાદ અને મિત્રતા પણ સારા માણસોની સાથે જ કરવાં. દુર્જનોની સાથે કંઈ પણ વ્યવહાર ન રાખવો.

**न द्विषन्ति न याचन्ते परनिन्दां न कुर्वते ।**
**अनाहूता न चायान्ति तेनाश्मानोऽपि देवताः ॥**

કોઈનો દ્વેષ કરતા નથી, કોઈની પાસે યાચના કરતા નથી, બીજાની નિંદા કરતા નથી અને બોલાવ્યા વિના આવતા નથી, એ કારણે જ પથ્થરો પણ દેવતાઓ (દેવમૂર્તિઓ) બન્યા છે.

**चिन्तनीया हि विपदामादावेव प्रतिक्रियाः ।**
**न कूपखननं युक्तं प्रदीप्ते वह्निना गृहे ॥**

વિપત્તિઓને નિવારવાના ઉપાયો તેમના આવતા પહેલાં જ વિચારી રાખવા જોઈએ. અગ્નિથી ઘર સળગી ઊઠે તે વખતે કૂવો ખોદવા લાગવું તે યોગ્ય નથી.

**वरं दारिद्र्यमन्यायप्रभवाद् विभवादिह ।**
**कृशताभिमता देहे पीनता न तु शोफतः ॥**

અન્યાયથી મળેલા વૈભવ કરતાં દરિદ્રતા વધારે સારી છે. સોજા ચડવાથી શરીરમાં પુષ્ટતા આવે તેના કરતાં શરીર પાતળું હોય એ જ ઇચ્છવા યોગ્ય છે.

**स्पृशन्नपि गजो हन्ति जिघ्रन्नपि भुजङ्गम ।**
**हसन्नपि नृपो हन्ति मानयन्नपि दुर्जनः ॥**

હાથી માત્ર સ્પર્શ કરીને પણ મારી નાખે છે, સર્પ માત્ર સૂંઘીને પણ મારી નાખે છે, રાજા હાસ્ય-મજાકમાં મારી નાખે છે અને દુર્જન તો માન આપી રહ્યો હોય છતાં મારી નાખે છે.

# સાચું અર્થશાસ્ત્ર

ગાંધીજી

જો હું વાજબી મજૂરી આપું તો મારી પાસે નકામી દોલત એકઠી નહિ થાય, હું મોજમજામાં પૈસો નહિ વાપરું ને મારે હાથે ગરીબાઈ નહિ વધે. જેને હું વાજબી દામ આપીશ તે માણસ બીજાને વાજબી આપતાં શીખશે. ને એમ ન્યાયનો ઝરો સુકાઈ જવાને બદલે જેમ આગળ ચાલશે તેમ જોર લેશે. અને જે પ્રજામાં આ પ્રમાણે ન્યાયની બુદ્ધિ હશે, તે પ્રજા સુખી થશે ને ઘટતી રીતે આબાદ થશે.

આ વિચાર પ્રમાણે અર્થશાસ્ત્રીઓ ખોટા પડે છે. તેઓ કહે છે કે જેમ હરીફાઈ વધે, તેમ પ્રજા આબાદ થાય. હકીકતમાં આ વાત ભૂલભરેલી છે. હરીફાઈનો હેતુ મજૂરીનો દર ઘટાડવાનો છે. ત્યાં પૈસાદાર વધારે પૈસો એકઠો કરે છે ને ગરીબ વધારે ગરીબ થાય છે. આવી હરીફાઈથી છેવટે પ્રજાનો નાશ થવા સંભવ છે. આપલેનો કાયદો તો એ હોવો જોઈએ કે દરેક માણસને તેની લાયકાત મુજબ દહાડિયું મળ્યા કરે. આમાં હરીફાઈ રહેશે છતાં પરિણામ એવું આવશે કે માણસો સુખી અને હોશિયાર થશે; કેમ કે પછી તો મજૂરી મેળવવાને સારુ પોતાનો દર ઓછો કરવો પડશે એમ નહિ, પણ કામ મેળવવાને સારુ હોશિયાર થવું પડશે. આવા જ કારણથી લોકો સરકારી નોકરી મેળવવા તૈયાર થાય છે. ત્યાં દરજ્જા પ્રમાણે દરમાયા બાંધેલા હોય છે. હરીફાઈ માત્ર હોશિયારીની હોય છે. અરજદાર ઓછો પગાર લેવાનું નથી કહેતો, પણ પોતાનામાં બીજા કરતાં વધારે ચાતુરી છે એમ બતાવે છે. નૌકાસૈન્યમાં અને સિપાઈની નોકરીમાં એવો જ નિયમ જાળવવામાં આવે છે અને તેથી જ ઘણે ભાગે તેવાં ખાતાંઓમાં ગરબડ અને અનીતિ ઓછાં જોવામાં આવે છે. છતાં વેપારમાં જ ખોટી હરીફાઈ રહી છે અને તેનું પરિણામ દગો, લુચ્ચાઈ, ચોરી વગેરે અનીતિ વધી પડી છે. બીજી તરફથી, જે માલ તૈયાર થાય છે તે ખરાબ છે ને સડેલો છે; વેપારી જાણે હું ખાઉં, મજૂર જાણે કે હું છેતરું ને ઘરાક જાણે હું વચમાંથી કમાઈ જાઉં!

આમ વહેવાર બગડે છે ને માણસોમાં ખટપટ ઊભી થાય છે, ભૂખમરો જામે છે, હડતાળો વધી પડે છે, શાહુકાર લફંગા બને છે ને ઘરાકો નીતિ સાચવતા નથી. એક અન્યાયમાંથી બીજા ઘણા પેદા થાય છે ને અંતે શાહુકાર, વાણોતર ને ઘરાક–બધાં દુ:ખી થાય છે ને પાયમાલ થાય છે. જે પ્રજામાં આવા રિવાજ ચાલે છે તે પ્રજા અંતે હેરાન થાય છે. પ્રજાનો પૈસો જ ઝેર થઈ પડે છે.

ખરું અર્થશાસ્ત્ર તો ન્યાયબુદ્ધિનું છે. દરેક સ્થિતિમાં રહી ન્યાય કેમ કરવો, નીતિ કેમ જાળવવી એ શાસ્ત્ર જે પ્રજા શીખે છે, તે જ સુખી થાય; બાકી તો ફાંફાં છે ને 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' જેવું બને છે. પ્રજાને ગમે તેમ કરી પૈસાદાર થતાં શીખવવું તે વિપરીત બુદ્ધિ શીખવવા જેવું છે.

*

અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યૉર્જ વૉશિંગ્ટન પોતાની બેઠકમાં બેઠા હતા.

તેમની પીઠ પાછળ સગડી બળતી હતી.

ઠંડી ઓછી હતી ને સગડી ભડકે બળતી હતી. તેથી ઉકળાટો થતો હતો.

એટલે રાષ્ટ્રપતિ અકળાઈ બોલી ઊઠ્યા :

"અરે! આ સગડીએ તો શેકી નાખ્યા!"

એ સાંભળી પાસે બેઠેલો પોલીસ અમલદાર કહે :

"સાહેબ! લડાઈમાં તો જનરલોને ડગલે ને પગલે અંગારા સહેવા પડે...."

અમલદારને બોલતો અધવચ જ રોકીને વૉશિંગ્ટન બોલ્યા :

"ખરેખર, પણ સામી છાતીએ. પીઠ પાછળથી નહીં."

ભારતનું એક મહત્ત્વનું તીર્થક્ષેત્ર અને હાલના કુંભમેળાનું સ્થાન

# ઉજ્જૈન

શ્રી 'પીયૂષપાણિ'

ઉજ્જૈન તે ઉજ્જયિની છે. એનો અર્થ થાય છે 'વિજેતા.' સ્કંદપુરાણમાં કહ્યું છે: 'એને ઉજ્જયિની એટલા માટે કહેવામાં આવે છે કે ત્રિપુરાસુર ઉપર ભગવાન શંકરે પ્રાપ્ત કરેલા વિજયની સ્મૃતિ એથી તાજી રહે છે.' સ્કંદપુરાણનો મોટા ભાગનો અવંતિ ખંડ ઉજ્જૈન અને તેની આસપાસનાં સ્થળોનાં વર્ણનને આવરી લે છે. અશોકના શિલાલેખમાં ઉજ્જૈનનો નિર્દેશ ઉજેણી તરીકે મળે છે.

મધ્યપ્રદેશમાં અત્યારે જે વિસ્તાર ઉજ્જૈન તરીકે ઓળખાય છે, તે માળવાનું પાટનગર હતું. એ પ્રદેશ અવંતી તરીકે પણ ઓળખાતો. સ્કંદપુરાણમાં કહ્યું છે કે આ નગરી ભિન્ન ભિન્ન કલ્પમાં ભિન્ન ભિન્ન નામે જાણીતી હતી. એનું એક નામ કનકશૃંગ હતું. એ કુશસ્થલી પણ કહેવાતું. વળી અવંતી, ઉજ્જયિની, પદ્માવતી, કુમુદ્વતી, અમરાવતી અને વિશાલા—એમ એનાં ઘણાં નામ છે. એ નગરી ક્ષિપ્રા નદીના દક્ષિણ તટે આવેલી છે.

બુદ્ધના સમયમાં મગધના પાટનગર રાજગૃહથી તે દક્ષિણમાં પ્રતિષ્ઠાન અથવા પૈઠણ સુધીના માર્ગ ઉપર એ એક મહત્ત્વનું વિરામસ્થાન હતું. પાણિનિ પોતાના સૂત્ર-(૪-૧-૧૭૬)માં અવંતીનો નિર્દેશ કરે છે. ભગવાન પતંજલિ (પાણિનિ ૮૩-૧-૨૬ ઉપરનું વાર્તિક ૧૦) પોતાના મહાભાષ્યમાં જણાવે છે કે કોઈ ઉજ્જયિનીથી મળસકે ચાલતો નીકળે તો માહિષ્મતી નગરીમાં એ સૂર્યોદયનું દર્શન કરી શકશે. અવંતી એટલા માટે કહેવાય છે કે એ લોકોને પાપમાંથી ઉગારે છે.

મહાભારતમાં કહ્યું છે: વિંદ અને અનુવિંદ એ બન્ને અવંતીના મહાન રાજાઓ હતા. તેમણે કૌરવોને પક્ષે વીરતાથી યુદ્ધ ખેલ્યું હતું અને દરેકના હાથ નીચે મોટી અક્ષૌહિણી સેના હતી.

કાલિદાસે 'મેઘદૂત' (૩૫)માં નોંધ્યું છે કે એના સમયમાં પણ, ઉજ્જૈન આવતા યાત્રીઓને ભોમિયાઓ આ સ્થળ વિષેની દંતકથાઓ કહી સંભળાવતા હતા. વત્સોનો રાજા ઉદયન અવંતીના રાજા પ્રદ્યોતની સુંદર અને લાવણ્યમયી પુત્રી વાસવદત્તાનું હરણ આ સ્થળેથી કરી ગયો હતો.

બુદ્ધના સમયમાં થોડાંક નાનાં નાનાં સ્વતંત્ર રાજ્યો સિવાય અવંતી, વત્સ, કૌશલ અને મગધ એમ ચાર મોટાં રાજ્યો હતાં.

કહેવાય છે કે જે દિવસે બુદ્ધ જન્મ્યા હતા, એ જ દિવસ પ્રદ્યોતનો જન્મ થયો હતો, અને જે દિવસે બુદ્ધ પ્રબુદ્ધ થયા હતા, એ જ દિવસે પ્રદ્યોત અવંતીની રાજગાદીએ આરૂઢ થયો હતો. બુદ્ધ પ્રકૃતિએ અદ્‌ભુત રીતે શાંત હતા, ત્યારે તેનાથી ઊલટી રીતે પ્રદ્યોત પ્રકૃતિએ ચંડ અથવા હિંસક કહેવાયો છે. એને માટે એમ પણ કહેવાય છે કે, એ કોઈ પણ નિશ્ચિત નીતિ વગરનો રાજા હતો. પ્રદ્યોત, એના બે પુત્રો—ગોપાલક તથા પાલક, એની પુત્રી વાસવદત્તા અને વત્સ દેશના રાજા ઉદયન આ સર્વનું ભાસનાં નાટકોમાં, ખાસ કરીને 'સ્વપ્નવાસવદત્તા'માં, 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ'માં અને 'પ્રિયદર્શિકા'માં બહુ ઉઠાવદાર રીતે આલેખન કરવામાં આવ્યું છે.

સમ્રાટ અશોકે ઉજ્જૈનના એક શરાફની પુત્રી દેવી સાથે લગ્ન કર્યું હતું. દેવીને એક પુત્ર મહેન્દ્ર અને એક પુત્રી સંઘમિત્રા એમ બે સંતાન અવતર્યાં. એ બન્ને ઇતિહાસપ્રસિદ્ધ છે. મૌર્ય યુવરાજોને તાજના પ્રતિનિધિઓ તરીકે નિયુક્ત કરવામાં આવતા અને તેમનું વડું મથક ઉજ્જૈનમાં રહેતું. ગુપ્ત રાજાઓના તાજના પ્રતિનિધિઓનું વડું મથક પણ ઉજ્જૈનમાં રહેતું.

વિખ્યાત રાજા વિક્રમાદિત્યની મહિમાવંત રાજધાની ઉજ્જૈનમાં હતી. ભારતીય પરંપરા રાજા વિક્રમાદિત્યને ભારતના ઇતિહાસમાં કેંદ્રસ્થાને ગણે છે અને એમ સ્વીકારવામાં આવ્યું છે કે ઈ. સ. પૂર્વે ૨૩ મી ફેબ્રુઆરી ૫૭ થી શરૂ થતો યુગ આ રાજા વિક્રમાદિત્યના શાસનકાળના પ્રથમ વર્ષથી આરંભાયો હતો. રાજા વિક્રમાદિત્ય એક મહાન લશ્કરી નેતા અને રાજકીય પુરુષ તરીકે, એક આદર્શ વહીવટકર્તા અને કલા, વિદ્યા તથા સંસ્કૃતિના વિખ્યાત

શુદ્ધ હૃદયને જે સમયે જેની પ્રતીતિ થાય છે, તે સત્ય છે.

પરિપોષક તરીકે, પ્રતિભાશાળી અને પ્રભાવશાળી નર તરીકે તેમ જ મહાન પરાક્રમી, પરદુઃખભંજક અને આદર્શ નૃપ તરીકે પ્રકીર્તિત છે. ભારતીય પરંપરામાં ઘણા રાજાઓએ વિક્રમાદિત્યને પગલે ચાલવાનો પ્રયાર કરીને ગૌરવપૂર્વક વિક્રમાદિત્યનો ઇલકાબ અપનાવ્યો છે.

કહેવાય છે કે, રાજા વિક્રમ દેવાંશી હતો. એની દૈવી શક્તિનું વર્ણન 'વેતાળ પચવિંશતિ' અને 'દ્વાત્રિંશત્ પુત્તલિકા'માં આપવામાં આવેલી દંત-કથાઓમાં કરવામાં આવ્યું છે. બૃહત્કથામાંથી પ્રાપ્ત થતી કૃતિઓમાં પણ એની અદ્દભુત સિદ્ધિઓ નોંધાયેલી છે. વિક્રમના દરબારમાં નવ રત્નો ઝળહળતાં હતાં. તે આ પ્રમાણે છે: ધન્વંતરિ, ક્ષપણક, અમર-સિંહ, શંકુ, વેતાલ ભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહ-મિહિર અને વરરુચિ. એ તો એક ઇતિહાસપ્રસિદ્ધ હકીકત છે કે, આ નવે રત્નો કંઈ એક જ કાળે ઉદ્દ્ભવ્યાં કે સમૃદ્ધ થયાં ન હતાં. આ દંતકથા પાછળ એક જ વસ્તુ દર્શાવવાનો આશય છે કે, રાજા વિક્રમાદિત્ય વિદ્વાને આશ્રય આપતો હતો અને પંડિતોને પણ આશ્રય આપતો હતો.

વિક્રમાદિત્ય નામનો રાજા ખરેખર ઇતિહાસમાં થઈ ગયો છે કે પછી એ કોઈ કાલ્પનિક વ્યક્તિ હતી એ સંબંધમાં પંડિતોમાં એક મહાન વિવાદ પ્રવર્તે છે. આ યુગ સાથેના સંબંધમાં જો વિક્રમ શબ્દનો પહેલવહેલો ઉપયોગ કોઈ પણ વર્ષમાં થયો હોવાનું મળતું હોય તો તે વિક્રમ સંવત ૮૯૮ માં મળે છે. કેટલાક એમ કહે છે કે, કાર્તિક માસથી થતો વર્ષારંભ એ તો માત્ર શરદઋતુનો અને નવા પાકનો નૂતન વર્ષનો આરંભ ગણવાના યોગ્ય સમય તરીકે જ નિર્દેશ કરે છે. બીજા કેટલાક વિદ્વાનો વિક્રમાદિત્યને ગુપ્ત સમ્રાટોમાંના એક યા બીજા સમ્રાટ તરીકે ઓળખાવે છે. મેરુતુંગની 'તેરાવલિ' અને જૈનોની 'કાલકાચાર્યકથા' સ્પષ્ટપણે જણાવે છે કે, પ્રસ્તુત યુગની સ્થાપના રાજા વિક્રમાદિત્યે ઈ. સ. પૂર્વે ૫૭ માં શકો ઉપર મેળવેલા વિજયની સ્મૃતિ કાયમ રાખવા માટે કરી હતી.

જૈન પરંપરા કહે છે કે, વિક્રમના પિતા ગર્દ-ભિલ્લે કાલકાચાર્યની અત્યંત રૂપવતી બહેનનું હરણ કર્યું હતું અને તેથી કાલકાચાર્ય ક્રોધે ભરાયો હતો. એણે પોતાના જ્યોતિષના જ્ઞાન વડે શકોના સરદારનું દિલ જીતી લીધું અને એને એના ૯૫ મિત્રો સહિત ગર્દભિલ્લના દેશ ઉપર આક્રમણ કરવાને વીનવ્યા. આમ શકોએ ઉજ્જયિની જીતી લીધું. કાલકાચાર્યે પોતાની બહેનને છોડાવી અને તે પછી પ્રતિષ્ઠાન, શાતવાહનના દરબારમાં ગયો. આ ઘટના પછી સત્તર વર્ષ બાદ શકારિ રાજા વિક્રમાદિત્યે શકોને પરાજિત કર્યા. રાજા વિક્રમે સાઠ વર્ષ સુધી રાજ્ય કર્યું. વિક્રમયુગ પછી ૧૩૫ વર્ષ રહીને શક લોકોએ ફરીથી રાજા વિક્રમના વંશજનો પરાજય કર્યો અને તે ઘટ-નાથી શક યુગનો પ્રારંભ ગણવામાં આવે છે. આ કેવળ કલ્પિત વાત છે એમ સૂચવતી એક ચોક્કસ ઐતિહાસિક પશ્ચાદ્ભૂ હોવાથી આ પરંપરાગત નોંધમાં અંતર્ગત રીતે કશું અસંબદ્ધ નથી.

સાતમા સૈકામાં હુ-એન-ત્સંગ જ્યારે ભારતના પ્રવાસે આવ્યા તે વેળા ઉજ્જૈનમાં એક બ્રાહ્મણ રાજા રાજ્ય કરતો હતો. તે પછી નવમા સૈકાથી માળવામાં પરમારોનું શાસન શરૂ થયું અને ચાલુ રહ્યું. મુંજ અને એનો ભત્રીજો ભોજ જે ઘણો પ્રખ્યાત છે, તે બંનેએ ધારામાં રાજધાની રાખીને માળવા પર શાસન કર્યું. ભોજે ચાળીસ વર્ષ સુધી રાજ્ય કર્યું. એ સાહિત્યનો મહાન આશ્રયદાતા હતો. બંને કાકા-ભત્રીજા પોતે પણ ખ્યાતનામ કવિ હતા.

એવી સાત તીર્થનગરીઓ છે, જેની યાત્રા કરવાથી મુમુક્ષુઓને મોક્ષ પ્રાપ્ત થાય છે. ઉજ્જૈન એમાંની એક તીર્થનગરી છે. સાત તીર્થનગરીઓનાં નામ આ પ્રમાણે છે: અયોધ્યા, મથુરા, હરિદ્વાર, કાશી, કાંચી, ઉજ્જૈન અને દ્વારકા. જૂનું ઉજ્જૈન શહેર હાલના ઉજ્જૈનથી એક માઈલ દૂર આવેલું છે.

દર બાર વર્ષે, જ્યારે બૃહસ્પતિ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે તે વેળા ઉજ્જૈનમાં કુંભમેળો ભરાય છે. કુંભમેળો એ જગજાહેર ઘટના છે. બૃહસ્પતિ અનુક્રમે વૃષભ, કુંભ અને સિંહ રાશિમાં પ્રવેશે છે તે વેળા પ્રયાગ, હરિદ્વાર અને નાસિકમાં કુંભમેળો ભરાય છે. એમ કહેવાય છે કે સમુદ્રમંથન કરતાં જ્યારે અમૃતનો કુંભ પ્રાપ્ત થયો ત્યારે બૃહસ્પતિ એ કુંભ

લઈને નાસી ગયા. અને તે વેળા એ કુંભમાંથી અમૃતનાં ટીપાં આ ચાર સ્થળોએ પડ્યાં હતાં અને તેથી આ ચાર સ્થળ પવિત્ર ગણાય છે.

ઉજ્જૈનમાં સહુથી વિખ્યાત સ્થળ તે ભગવાન મહાકાલનું મંદિર છે. શંકરનાં બાર જ્યોતિર્લિંગ છે, તેમાંનું એક એ છે. આ મંદિર એક સરોવર પાસે આવેલું છે. એ પાંચ માળનું છે. એનો એક માળ ભૂગર્ભમાં છે. ગર્ભાગાર તરફ જતાં માર્ગ અંધારિયો છે અને તેથી ત્યાં દીવા સતત સળગતા રાખવામાં આવે છે.

સામાન્ય માન્યતા એવી છે કે, શિવને જે કંઈ અર્પણ કરવામાં આવે છે, તે સર્વ નિર્માલ્ય બની જાય છે અને ફરી વાર તે ઉપયોગમાં લઈ શકાતું નથી. પણ આ નિયમ જ્યોતિર્લિંગોને સ્પર્શતો નથી. અહીં ભગવાનને ધરાવવામાં આવતો પ્રસાદ સ્વીકારવામાં આવે છે; એટલું જ નહિ, પણ શંકરને ચડાવવામાં આવેલાં બીલીપત્રો પણ ફરીથી ધોઈને પાછાં ચડાવી શકાય છે. (જુઓ શિવપુરાણ પ્રકરણ પહેલું, ૪૨.)

ઉજ્જૈન શહેર ક્ષિપ્રા નદીને તટે આવેલું છે. યાત્રીઓ રણઘાટ પર સ્નાન કરે છે અને પછી ભગવાનની પૂજા કરે છે.

મહાકાલ વિષેની દંતકથા 'શિવપુરાણ'માં આ પ્રમાણે વર્ણવવામાં આવી છે: અવંતીમાં એક પવિત્ર અને ભાવિક બ્રાહ્મણ વસતો હતો. આ બ્રાહ્મણને ચાર પુત્રો હતા. રત્નમાળા ટેકરીમાં વસતા દૂષણ નામના એક રાક્ષસે અવંતી નગરીને ઘેરો ઘાલ્યો અને અવંતીવાસીઓને કનડગત શરૂ કરી. આથી અવંતીનાં પ્રજાજનો આ બ્રાહ્મણ પાસે ગયાં અને તેની સહાય યાચી. બ્રાહ્મણે તે પછી યોગ સાધ્યો. પરિણામે પૃથ્વી ફાટી અને એમાંથી મહાકાલ પ્રગટ થયા અને એણે દૂષણનો સંહાર કર્યો. ભગવાન મહાકાલને ભક્તો તેમની પૂજા-અર્ચના કરી શકે માટે ત્યાં જ સ્થાયી થવાની બ્રાહ્મણે પ્રાર્થના કરી. આથી ભગવાન મહાકાલ જ્યોતિર્લિંગસ્વરૂપે ત્યાં રહ્યા.

સ્કંદપુરાણમાં આ વિસ્તારને મહાકાલ વન તરીકે વર્ણવાયો છે. અગ્નિપુરાણમાં આ સ્થળને ઉત્તમ તીર્થ તરીકે વર્ણવવામાં આવ્યું છે. મહાકાલનાં દર્શનથી નિષ્ઠાવાનને મુક્તિ સાંપડે છે અને દર્શન કરનાર અકાલમૃત્યુમાંથી ઊગરી જાય છે.

ઉજ્જૈનમાં એક બીજું વિખ્યાત મંદિર છે તે હરસિદ્ધિ દેવીનું છે. સ્કંદપુરાણ(૫-૧-૧૯)માં એવી દંતકથા છે કે એક વેળા ભગવાન શંકર કૈલાસમાં ગૌરી સાથે સોગઠાંબાજી રમતા હતા. તે વેળા ચંડ અને પ્રચંડ એ બે દાનવોએ તેમની રમતમાં વિક્ષેપ કર્યો; એટલું જ નહિ, પણ તેમણે નન્દીને ઘાયલ કર્યો. હરે દેવીનું ધ્યાન ધર્યું અને બંને દાનવોનો નાશ કરવાની વિનંતી કરી. તે પરથી તે દેવી પ્રત્યક્ષ થયાં અને તેમણે હરનું કામ કર્યું અને તેથી દેવી હરસિદ્ધિ કહેવાય છે. દુર્ગા દેવીનાં જે નવ મુખ્ય સ્વરૂપો છે, તેમાંનું એક સ્વરૂપ તે આ હરસિદ્ધિનું છે. એમ કહેવાય છે કે, હરસિદ્ધિ એ વિક્રમાદિત્યની કુળદેવી હતાં. નવમીને દિવસે દેવીને પશુનું-ખાસ કરીને ભેંસનું બલિદાન બહુ સ્તુત્ય ગણાય છે.

યાત્રીઓ સિદ્ધવટ તરીકે ઓળખાતા વટવૃક્ષની મુલાકાત પણ લે છે. એ વૃક્ષ નાનું છે અને વર્ષોથી એ એવડું જ રહ્યું છે.

મથુરામાં પોતાના મામા કંસનો સંહાર કર્યા પછી કૃષ્ણ, તેમના બંધુ બલરામ તથા તેમના મિત્ર સુદામાને વિદ્યા ભણવા માટે ઉજ્જૈનમાં ગુરુ સાંદીપનિ પાસે મોકલવામાં આવ્યા હતા. ત્યાં અભ્યાસ પૂરો કર્યા બાદ કૃષ્ણે સમુદ્રે જેને ડુબાડી દીધો હતો અને યમ જેનો પ્રાણ લઈ ગયા હતા, તે ગુરુપુત્ર દત્તને પુનર્જીવન આપીને પોતાની ગુરુદક્ષિણા ચૂકવી હતી. યાત્રીઓને એક ગુફા બતાવવામાં આવે છે. કહેવાય છે કે એ ગુફા ભર્તૃહરિની છે.

પરંપરાગત રીતે રાજા વિક્રમાદિત્યનાં જે નવ રત્નોનો ઉલ્લેખ થતો રહ્યો છે તેમાંના એક વિખ્યાત, વરાહમિહિરે જીવનનાં મોટા ભાગનાં વર્ષો ઉજ્જૈનમાં ગાળ્યાં હતાં. એ બહુ જ વિખ્યાતનામ જ્યોતિષી હતો, ખગોળશાસ્ત્રી હતો. એણે 'યાત્રા,' 'વિવાહ,' 'ગણિત,' 'હોરા' તથા 'સંહિતા' વિષે અનેક ગ્રંથો લખ્યા છે. એના બે ગ્રંથ 'બૃહજ્જાતક' અને

'બૃહત્સંહિતા'–એ બે બહુ જ પ્રખ્યાત ગ્રંથો છે. એનો એક 'પંચસિદ્ધાંતિકા' નામનો ગ્રંથ છે; એમાં એણે પોતાના પુરોગામીઓનાં મંતવ્યો એકત્ર કરીને સંઘર્યાં છે. પોતાની ગાણિતિક ગણતરી અર્થે વરાહમિહિરે શક વર્ષ ૪૨૭નો સ્વીકાર કર્યો છે; અને એક ટીકાકાર જણાવે છે તે પ્રમાણે વરાહમિહિર ૬૫ વર્ષની વયે મૃત્યુ પામ્યા હતા. એ પરથી લાગે છે કે એ ઈસુના છઠ્ઠા સૈકામાં થઈ ગયા હોવા જોઈએ. વરાહમિહિરના પિતાનું નામ આદિત્યદાસ. એ જણાવે છે તે પ્રમાણે એને અવંતી પાસે કપિત્થક ખાતે ભગવાન સૂર્યની કૃપા પ્રાપ્ત થઈ હતી.

રાજા જયસિંહે ઉજ્જૈનમાં એક વેધશાળા બંધાવી હતી. આ વેધશાળા માટે ઉજ્જૈન જાણીતું છે. જયસિંહ એ જયપુરનો રાજા હતો. ઈ. સ. ૧૬૯૩માં એ ગાદીએ આવ્યો હતો. જયસિંહ ખગોળવિદ્યાનો પંડિત હતો. એને સમજાયું કે ભારતીય, મુસ્લિમ કે પછી યુરોપીય પંડિતોના ગ્રંથો પ્રમાણે ગણતરી કરતાં ગ્રહોની સ્થાન અવસ્થા આકાશમાંની તેમની ખરેખરી સ્થાન અવસ્થા સાથે મળતી આવતી નથી. આથી વધારે ચોકસાઈ આણવા માટે જયસિંહે ભારતમાં જયપુર, ઇંદ્રપ્રસ્થ, ઉજ્જૈન, કાશી અને મથુરા–એ પાંચ સ્થળોએ પથ્થર અને ચૂનાથી ખાસ પ્રકારની વેધશાળા બંધાવી હતી. એણે બે ગ્રંથો રચ્યા હતા. એક ગ્રંથ અરબીમાં રચ્યો હતો: એનાં નામ છે 'ઝિઝ મહંમદ' અથવા 'મિજસ્તી' અને બીજો ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો હતો: એનું નામ છે: 'સિદ્ધાંતસમ્રાટ.' દિલ્હીમાં તે કાળે મહંમદશાહ રાજ્ય કરતો હતો. એટલે અરબીમાં લખાયેલા ગ્રંથનું નામ 'ઝિઝ મહંમદ' રાખવામાં આવ્યું. નિષ્ણાતોએ એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે કે, યુરોપીય ખગોળશાસ્ત્રીઓના કરતાં જયસિંહની ગણતરીઓ વધારે ચોક્કસ છે અને વધારે ઝીણવટપૂર્વકની છે.

ઉજ્જૈન એ હિંદુ ખગોળશાસ્ત્રીઓ અને ભૂગોળવિદોનું ગ્રિનિચ અથવા પ્રથમ યામ્યોત્તરવૃત્ત અથવા શૂન્ય અંશ પૂર્વ રેખાંશ છે. એનો અક્ષાંશ વિષુવવૃત્તની ઉત્તરે ૨૩ અંશ ૧૦'–૧૦" છે.

કાલિદાસે 'મેઘદૂત'માં ઉજ્જૈનનું વિસ્તારથી વર્ણન કર્યું છે અને રઘુવંશના છઠ્ઠા સર્ગના ૩૪ મા શ્લોકમાં એ કહે છે:

'હે મેઘ! તું ઉજ્જૈનમાં ભગવાન મહાકાલના મંદિરે સાંજ સિવાયના અન્ય કોઈ સમયે આવી પહોંચે તોપણ સૂર્ય અસ્ત પામે અને અદૃશ્ય થઈ જાય ત્યાં સુધી ત્યાં થોભવાનો નિશ્ચય કરજે. ભગવાન શંકરની સાયંઆરતી અને નૈવેદ્ય–વેળા તારી ગર્જનાથી તેં નગારું વગાડવાની સુંદર સેવા કરી ગણાશે. અને એ રીતે તારા આછા ગડગડાટ અને ઊંડી ગર્જનાનું તને સંપૂર્ણ ફળ પ્રાપ્ત થશે.'

'મહિનાના કૃષ્ણપક્ષની રાત્રિઓ ચંદ્રમૌલિ મહાકાલ શંકરના મંદિરની સંનિધિને કારણે પ્રકાશિત રહેતી હોવાને કારણે અવંતીના રાજા પોતાની રાણીઓની સાથે તે રાત્રિઓમાં ક્રીડા કરી શકતા.'

ઉજ્જૈન વિષે વિશેષ શું કહેવું? કવિ બાણે 'કાદંબરી'માં ઉજ્જૈનનું વિસ્તૃત વર્ણન આપ્યું છે, જેના સમાપનમાં એ કહે છે:

ભગવાન શંકર કે જેમના ચરણના નખોના તેજને દેવો અને દાનવોના રત્નજડિત મુકુટોનાં કિરણો ચૂમે છે, જેમણે પોતાના તીક્ષ્ણ ત્રિશૂળ વડે મહાઅસુર અંધકને ચીરી નાખ્યો હતો, જે પોતાની પત્ની ગૌરીને પ્રસન્ન કરવા માટે નીચા નમે છે ત્યારે શિર પરના ચંદ્રની કોર ગૌરીના ચરણની ઘૂંટી સાથે ઘસાવાથી લીસી બને છે, જેમણે પોતાના અંગને ત્રિપુરાસુરની ભસ્મથી અર્ચિત કર્યું છે, જેના ચરણને પોતાના સ્વામીનાથ મદનનું દહન થતાં વૈધવ્ય પ્રાપ્ત કરી ચૂકેલી રતિએ (શંકરને) પ્રસન્ન કરવાની કોશિશમાં પોતાના હસ્ત લંબાવતાં હાથમાંની બંગડીનો સ્પર્શ થયો છે, જેમની પ્રલયાગ્નિની જ્વાળા જેવી પીળી જટામાં સ્વર્ગની ગંગા પોતે ગૂંચવાઈ ગઈ છે અને જે અંધક નામના અસુરના દુશ્મન છે, તે ભગવાન શંકર પોતાનો કૈલાસ પર્વતનો પ્રિય આવાસ ત્યજી 'મહાકાલ' નામ ધારણ કરીને આ નગરમાં વસે છે.'

*

માણસ જેવું ચારિત્ર્ય રાખે છે, તેવું જ તેનું દૈવ (ભાગ્ય) ઘડાય છે.

# ગુરુ શીખ્યા એ જ પહેલો પાઠ

શ્રી 'આનંદમોહન'

આ તે જમાનાની વાત છે જ્યારે ભણવા અને લખવા માટે ઇંડિપેન, પેન્સિલ કે કાગળ ન હતાં. અરે સ્લેટ અને પેનની પણ ત્યારે શોધ થઈ ન હતી. અત્યારના જેવી નિશાળો પણ ન હતી. ઉઘાડા મેદાનમાં કોઈ મોટા ઝાડની છાયામાં વિદ્યાર્થીઓ જમીન પર જ ટોળે વળી બેસી જતા અને ગુરુજી મોઢેમોઢે જે કંઈ શીખવતા તે તેમને યાદ રાખવું પડતું. છતાં રાજકુમારો અને એવા જ અમીર ઘરના છોકરાઓ લખવા માટે તાડપત્રીઓ વાપરતા. પણ વાંચવા માટે તો તેમને કંઈ મળતું જ નહિ. પાંડવો અને કૌરવો ત્યારે બાળકો હતા અને ગુરુ દ્રોણના આશ્રમમાં રહીને તેમના હાથ નીચે વિદ્યાભ્યાસ કરી રહ્યા હતા ત્યારની આ વાત છે.

બાળક યુધિષ્ઠિરના મનને શાંતિ નથી. તેના મનમાં ગભરાટ છે, દિલ ધડકે છે, અને શરીરે ઉપરાઉપરી પરસેવો વળ્યે જાય છે, તે લૂછી નાખવાની પણ તેને ફુરસદ નથી. બીજા બધા શિષ્યોથી, અરે ખુદ એના ભાઈઓથી પણ તે સંતાવાનો પ્રયત્ન કરતો દૂર એક ખૂણામાં ઊભો રહ્યો હતો. એનું મોઢું ઝાડના થડની તરફ હતું. જે તરફ બીજા બધા શિષ્યો ઊભા હતા, વાતો કરતા હતા. હસતા હતા, રમતા હતા એ તરફ એનું કંઈ ધ્યાન જ ન હતું. મનમાં ઉચાટ હોવા છતાં તે વારંવાર હોઠ ફફડાવતો હતો અને કંઈક ગણગણતો હતો એટલે ધીરેથી તે જે શબ્દો બોલતો હતો તે શબ્દો એ જાતે પણ સાંભળી શકતો ન હતો.

એકાએક જ દુર્યોધનની નજર તેના પર પડી. તોફાની અને ટીખળી સ્વભાવવાળો તે તો એવું શોધતો જ ફરતો. તે યુધિષ્ઠિરની પાસે ગયો. હજી યુધિષ્ઠિર ઝાડ તરફ જોઈ અને આંખ મીંચી કંઈ બોલતો હતો.

દુર્યોધનને કાને શબ્દો સંભળાયા: ધીમા... એકદમ ધીમા: "શાંતિ...શાંતિ...શાંતિ...શાંતિ..."

તરત જ તે સમજી ગયો. ગઈ કાલે ગુરુજીએ બાર શબ્દો ગોખવાના આપ્યા હતા. અને આ 'શાંતિ' શબ્દ તેમાંનો પહેલો જ શબ્દ હતો. કેમ કે યુધિષ્ઠિર હજી પહેલો જ શબ્દ ગોખતો હતો. એ ઉપરથી ચોખ્ખું સાબિત થતું હતું કે હજી બીજા અગિયાર શબ્દ પણ તેને આવડતા નથી. 'હજી પહેલો શબ્દ પણ નથી આવડયો?' દુર્યોધને પૂછ્યું. યુધિષ્ઠિર ચોંકયો. કોઈને નહિ જણાવવા માગતા હોય એ વાત કોઈ છૂપી રીતે જાણી જાય ત્યારે માણસ કેવો ડઘાઈ જાય છે? બસ, એવી જ દશા યુધિષ્ઠિરની થઈ. તેણે કંઈ જવાબ આપ્યો નહિ. ચુપ જ રહ્યો. હોઠ હજી ફફડતા હતા.

'અલ્યા, પણ તેં કાલે આખો દિવસ કર્યું શું?'

યુધિષ્ઠિર ચુપ!

'હવે? ગુરુજીના આવવાનો વખત તો થઈ ગયો!'

યુધિષ્ઠિર રડવા જેવો થઈ ગયો પણ બોલ્યો નહિ. શબ્દો વધારે ઝડપથી તેણે ગોખવા માંડયા.

દુર્યોધને બીજા બધાને ત્યાં બોલાવ્યા; 'આવો આવો, બધા આમ આવો. જુઓ તો ખરા, હજી આણે પેલા બાર શબ્દો પણ ગોખ્યા નથી.'

'અલ્યા, સૌથી મોટો થઈને એટલું યાદ નથી રહેતું?' અંદરથી કોઈ બોલ્યું.

'ખાઈ બગાડયું, બીજું શું?' બીજાએ ગોળો ફેંકયો.

'અલ્યા, જેટલો ઊંચો વધ્યો એટલી બુદ્ધિ વધી હોત તોયે લેખે લાગત!' વળી કોઈએ ટાપસી પૂરી.

'ગુરુજી આવશે ત્યારે શું થશે જાણો છો?' દુર્યોધને બધાને પૂછ્યું.

'શું થશે?' બધાએ આતુરતાથી પૂછ્યું.

'તડાતડ, તડાતડ, બીજું શું?' દુર્યોધને પોતાના ગાલ પર પોતાને હાથે જ તમાચા મારવાનો અભિનય કર્યો.

બધા ખીલખીલાટ હસી પડયા અને બોલવા લાગ્યા; 'યુધિષ્ઠિર આજે તડાતડ તડાતડ!'

યુધિષ્ઠિર ખૂબ મૂઝાયો. તે ત્યાંથી છટકી જઈ બીજી તરફ નાસી ગયો. પણ છોકરાઓ મદારીની પાછળ જતા હોય એમ 'તડાતડ તડાતડ' બોલતા બોલતા એની પાછળ પડયા. સંપૂર્ણ શાંતિની સાથે

---

મનુષ્ય પોતાનાં કર્મોનો કર્તા છે અને તેથી પોતાનું ચારિત્ર્ય ઘડનાર તે પોતે જ છે.

યુધિષ્ઠિર મનમાં જ ગોખી રહ્યો હતો : 'શાંતિ... શાંતિ...શાંતિ.'

થોડીવારે એને લાગ્યું 'શાંતિ' શબ્દ તેને પૂરેપૂરો આવડી ગયો છે. તેણે બીજો શબ્દ શરૂ કર્યો; 'ધીરજ' અને તે 'ધીરજ, ધીરજ' બોલવા લાગ્યો.

દૃશ્ય જોવા જેવું હતું. પાછળ વાનરસેના 'એઈ યુધિષ્ઠિર! તડાતડ, વાહ યુધિષ્ઠિર તડાતડ! મઝા આવશે તડાતડ! માર પડશે તડાતડ! વિદ્યા આવશે તડાતડ!' એવા એવા શબ્દો બોલી પાછળ પડી હતી. યુધિષ્ઠિર આગળ શબ્દ ગોખતો એકાંતની શોધમાં દોડ્યે જતો હતો.

એકાએક જ બધા ઊભા રહી ગયા. જાણે વીજળી પડી. બધાના પગ એક સાથે દોરડાથી કોઈએ બાંધી દીધા!

ગુરુજી પાછળથી બૂમ પાડી રહ્યા હતા; 'યુધિષ્ઠિર! દુર્યોધન! ભીમ! ક્યાં ગયા બધા? ચાલો, વખત થઈ ગયો છે.'

બધા પાછા ફર્યા અને મુકરર જગાએ ઝાડની નીચે ગુરુજીને નમસ્તે કરી બેસી ગયા.

જ્યારે ગુરુજીએ બૂમ પાડી હતી ત્યારે યુધિષ્ઠિરનું દિલ તો એક જ પળમાં સો વાર ધડકી ગયું હતું. તે ધીમે ધીમે પાછળ આવતો હતો. તેનું ગોખવાનું ચાલુ જ હતું.

'યુધિષ્ઠિર ક્યાં છે?' દ્રોણે ગુસ્સામાં પૂછ્યું.

ત્યારે 'પ્રણામ ગુરુજી' કરતો યુધિષ્ઠિર આવી પહોંચ્યો અને પાછળ પોતાની જગાએ જઈને બેસી ગયો.

'બધા ગઈ કાલના શબ્દો ગોખી લાવ્યા છો કે?' ગુરુજીએ પૂછ્યું.

"હાજી.'

"બધા?'

"હાજી.'

આ હાજીમાં યુધિષ્ઠિરનું 'નાજી' સંભળાતું ન હતું. પણ તેનામાં બોલવાના જ ક્યાં હોશ હતા! તે કંઈ જ બોલતો ન હતો. તેને મન તો ઘણું હતું કે તે ઊભો થઈને કહી દે કે તેણે નથી ગોખ્યા. પણ ત્યાં જ ગુરુજીએ શરૂ કર્યું; 'ચાલ દુર્યોધન, તું બોલી જા' 'શાંતિ, ધીરજ, હિંમત, સત્ય, દયા, માન, મર્યાદા, પ્રેમ, સેવા, વચન, કર્તવ્ય અને જ્ઞાન.' દુર્યોધન ધડધડાટ બોલી ગયો. 'શાબાશ' ગુરુજીએ કહ્યું 'તું બોલ ભીમ!'

ભીમ પણ દુર્યોધનની જેમ જ બોલી ગયો.

'તું નકુળ?'

'અર્જુન તું?'

'સહદેવ તું બોલશે કે?'

અને એ પ્રમાણે બધાને તેમણે વારાફરતી પૂછ્યું. પૂછવા માટે કોઈ ક્રમ ન હતો. ગમે તેની તરફ આંગળી કરીને બેસતા; 'તું બોલ! અને તે શિષ્ય તરત જ અચકાયા વગર બોલી જતો. તેમણે યુધિષ્ઠિરને અત્યાર સુધી પૂછ્યું ન હતું કારણ તેમને ખાતરી હતી તેને તો આવડતું જ હશે! પણ આ પાઠને પૂરો કરવા અને બધાને પૂછ્યા પછી એકને નહિ પૂછવાથી બીજાને ખોટું લાગે એમ ધારી તેમણે યુધિષ્ઠિરને પૂછ્યું; 'ચાલ જલ્દીથી બોલી જા તો યુધિષ્ઠિર! પછી આપણે આજે બીજો પાઠ શરૂ કરીએ.'

યુધિષ્ઠિર ઊભો થયો. થોડીવાર મૌન જ ઊભો રહ્યો.

'બોલ! બોલ!' ગુરુજીએ કહ્યું.

'શાંતિ...!' યુધિષ્ઠિર બોલ્યો અને ચૂપ જ રહ્યો.

'અરે, શું થયું છે તને? બોલતો કેમ નથી? જલદી બોલ! બીજો પાઠ ખોટી થાય છે!' તેને વધારે વાર ચુપ રહેલો જોઈ ગુરુજીએ ફરી પૂછ્યું.

'શાંતિ...' યુધિષ્ઠિર ફરીથી બોલ્યો અને પાછો ચુપ.

હવે ગુરુજીનો મિજાજ ગયો.

'અમને ખબર છે તને 'શાંતિ' આવડે છે તે! પણ આગળ બોલ ને?'

યુધિષ્ઠિર ચુપ.

'બોલે છે કે નહિ?'

ચુપ.

'નહિ બોલે, એમ?'

યુધિષ્ઠિરના મગજમાં અત્યારે પેલા છોકરાઓનો 'તડાતડ' શબ્દ તમાચા મારી રહ્યો હતો.

ગુરુજીએ એકવાર હાથની મૂઠીઓ વાળી અને ખોલી નાખી. શ્વાસ જોરથી લીધો અને મૂક્યો. આંખો વધારે પહોળી કરી જાણે આગ વર્ષાવી રહ્યા હતા. ગુસ્સાથી ચહેરો લાલ બન્યો. 'બોલ! બોલે

છે કે નહિ?' અને એ શબ્દો સાથે તેઓ શિષ્યોમાંથી રસ્તો કરતા આગળ વધ્યા, જ્યાં યુધિષ્ઠિર ઊભો હતો.

બીજા બધા શિષ્યો પણ ડરી ગયા હતા. તેઓ ચુપચાપ જોઈ રહ્યા હતા શું થાય છે તે.

'સડાક' કરતો એક તમાચો યુધિષ્ઠિરના ગાલ પર પડ્યો. 'બોલ! શાંતિ પછી કયો શબ્દ?'

'શાંતિ પછી...? શાંતિ પછી...?'

'સડાક!' એક બીજો તમાચો. 'હા હા, શાંતિ પછી?' ગુરુજીએ કહ્યું. ત્રીજા તમાચા માટે હાથ તૈયાર હતો.

'શાંતિ પછી...ધી....ધી...ધી...'.

બિચારાને બીજો શબ્દ 'ધીરજ' યાદ આવતો ન હતો.

'બોલ!'

'ધી...ર...'

'ધીર...ધીર...શું કરે છે? આખો શબ્દ બોલ!' અને સાથે જ બીજા બેચાર તમાચા પડી ગયા. હવે તેનો ચહેરો રડવા જેવો થઈ ગયો. આંસુ આંખમાં ડોકિયાં તો કરતાં હતાં પણ બહાર નીકળી આવતાં ન હતાં.

'ધીરજ.' એકાએક જ તેને યાદ આવી ગયું.

'આગળ બોલ!' દ્રોણે કહ્યું.

'હવે આગળ નથી આવડતું.'

'શું?'

'હા, ગુરુજી, હવે આગળ નથી આવડતું.' અને એક સાથે જાણે તમાચા, મુક્કીઓ અને લાતોનો વરસાદ વરસ્યો. 'નથી આવડતું? આ લોકો જેટલીવાર બોલી ગયા એટલીવાર ધ્યાન આપ્યું હોત તોપણ આવડી જાત! દ્રોણના શિષ્યને નથી આવડતું કહેતાં તારી જીભ તૂટી પડતી નથી?'

એક સાધારણ બાળકને જેટલો વધારે માર પડવો જોઈએ તેટલો પડી ચૂકેલો હતો. આંખમાં ડોકિયાં કરી રહેલાં આંસુ હવે બહાર આવવા માટે ઉતાવળાં બની રહ્યાં હતાં. એકાએક જ હાથ જોડી યુધિષ્ઠિર બોલ્યો; 'માફ કરજો ગુરુજી, 'શાંતિ' શબ્દ હું શીખ્યો છું. મેં સારી રીતે ગોખ્યો છે. તેને યાદ રાખ્યો છે, તે પર મનન કર્યું છે અને એટલે જ હું અત્યાર સુધી શાંતિ જાળવી રહ્યો છું પણ હવે મને તમે જો વધારે મારશો તો રડી દઈશ. કારણ કે 'ધીરજ' શબ્દ હજી મને અડધોપડધો જ આવડે છે. જે શબ્દ હું ગોખું છું તે એવી રીતે ગોખું છું કે તે મને જિંદગીભર યાદ રહે. તે શબ્દનું રહસ્ય હું સમજવાનો પ્રયત્ન કરું છું. તેનો અર્થ—તેનું તત્ત્વ હું શોધી કાઢું છું, તેને વર્તનમાં ઉતારું છું. તે શબ્દનું મહત્ત્વ ક્યારેય નથી ભૂલતો. 'શાંતિ' મને યાદ રહી ગયો અને હું શાંત રહ્યો, પણ હવે હું ધીરજ નહિ રાખી શકું.' અને એમ કહેતાં જ તેની આંખમાંથી દડ દડ દડ આંસુ ટપકી પડ્યાં. થોડીવારે દ્રોણને ખ્યાલ આવ્યો: કેટલું સાચું કહે છે યુધિષ્ઠિર. આ બધા તડાતડ શબ્દો બોલી ગયા પણ તેમાંનો એકે એ શબ્દોનો અર્થ સમજ્યો નથી. જ્યારે આણે એક શબ્દ યાદ રાખ્યો તે પણ અમલમાં મૂકતાં શીખી ગયો. એનું જ નામ સાચું શિક્ષણ, જે આપણા રોજના વ્યવહારમાં ઉપયોગમાં આવે. ભણતર કંઈ ભૂલવા માટે છે? નહિ જ. એ ભણતરનો—એ જ્ઞાનનો ઉપયોગ જો આપણી જિંદગીમાં આપણે ન કરી શકીએ તો પછી ભણવાનો અર્થ પણ શું છે? પોપટને પણ જેટલા શબ્દો શીખવીએ એટલા તો બોલે છે. પણ તેને એ શબ્દ વિષેનું શું જ્ઞાન હોય છે? ખરેખર! આ તો મારો પણ ગુરુ નીકળ્યો. આજે એણે મને પહેલો પાઠ શીખવ્યો. પછી તેમણે વિદ્યાર્થીઓને કહ્યું, 'તમારા બધાનું જ્ઞાન પોપટિયું જ્ઞાન છે, તમે બધાએ શબ્દો ગોખ્યા છે, મને બતાવવા માટે, વર્ગમાં તમારી હોશિયારી પ્રગટ કરવા માટે. હું તમને ખાતરીથી જ કહું છું કે થોડાક જ દિવસમાં તમે બધા એ શબ્દો ભૂલી જવાના છો, જ્યારે યુધિષ્ઠિર નહિ ભૂલે. જિંદગી પર્યંત નહિ ભૂલે. આવ! યુધિષ્ઠિર! મારી પાસે આવ. આંસુ લૂછી નાખ. ઘણીવાર એવું પણ બને છે કે રોજ શિષ્યોને શીખવતા ગુરુને પણ ક્યારેક એકાદ શિષ્ય કંઈક નવું જ શીખવી દે છે. આજે તેં મને નવો પાઠ શીખવ્યો છે.' એમ કહી તેઓ યુધિષ્ઠિરને ભેટી પડ્યા યુધિષ્ઠિરની આંખમાંથી હજી આંસુ વહેતાં હતાં. બીજા શિષ્યો અવાક બની જોઈ જ રહ્યા હતા.

# નવી દૃષ્ટાંતકથાઓ

શ્રી રમણલાલ સોની

## કામ કરવું એ તપસ્યા

એક હતો રાજા.

તેની પાસે ધન હતું, સત્તા હતી, જશ હતો.

પણ તેનું મન કશામાં લાગતું નહોતું.

આખો વખત તેને થતું કે આ નહિ, આ નહિ! આમાં સુખ નથી, આમાં શાંતિ નથી.

મારે સુખશાંતિ જોઈએ છે.

છેવટે સુખશાંતિની શોધમાં એ ઘરબાર, રાજપાટ, મોજશોખ, ધન, સત્તા, શોખ બધાંનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો.

વનમાં જઈ એણે તપસ્યા કરવા માંડી.

ઘોર તપસ્યા. ન ખાવાનું ભાન, ન પીવાનું ભાન, ન ઊંઘ, ન આરામ!

એક દિવસ, બે દિવસ નહિ; મહિનો નહિ, વરસ બે વરસ નહિ, પણ આમ ઘણાં વરસ વીતી ગયાં.

તોયે તેને ન મળ્યું સુખ, ને ન મળી શાંતિ.

એને મળી માત્ર નિરાશા.

નિરાશાથી તે અકળાઈ ઊઠ્યો.

ઊભા થઈ તેણે ચાલવા માંડ્યું.

ચાલતાં ચાલતાં તે કોઈ ખેડૂતના ખેતર પાસે આવી ઊભો.

વૃદ્ધ ખેડૂત ખળામાં અનાજના ઢગલાની પાસે ઊભો હતો. સાધુને જોઈ તે સામો દોડ્યો, ને પ્રેમથી તેને પોતાના ખેતરમાં લઈ આવ્યો.

પછી કહે: 'મહારાજ, લો આ ચોખા, રાંધી નાખો! આપના હાથની થોડી પ્રસાદી મને પણ આપજો!'

કંઈ પણ બોલ્યા વગર રાજાએ ચૂલા પર ચોખાની તપેલી ચડાવી દીધી. ખેડૂત આખો વખત તેની સામે જ બેસી રહ્યો. તેના મોં પર આનંદ હતો.

ચોખા થઈ ગયા, એટલે રાજાએ ખેડૂતને કહ્યું: 'ચાલો, તમે પણ સાથે બેસી જાઓ!'

ખેડૂતે કહ્યું: 'ના, મહારાજ! આપ જમી લો. પછી જે વધે તે મને પ્રસાદીમાં આપજો!'

રાજાએ આજે ધરાઈને ભોજન કર્યું. જિંદગીમાં આજે પહેલી જ વાર તે પોતાના હાથની રસોઈ ખાતો હતો.

પછી થોડો ભાત વધ્યો તે તેણે ખેડૂતને આપ્યો. ખેડૂત રાજી રાજી થઈ ગયો. તેનું આખું મોં આનંદથી ચમકતું હતું.

રાજા ખૂબ થાક્યો હતો, એટલે હવે એક ઝાડ હેઠળ પથરાનું ઓશીકું કરીને તે સૂઈ ગયો.

સૂતો એવી જ એની આંખ મળી ગઈ.

ઊંઘમાં એણે એક સ્વપ્ન જોયું: આકાશમાંથી એક તેજસ્વી પુરુષ ઊતર્યો. રાજાએ એને પ્રણામ કર્યા, એટલે એ તેજસ્વી પુરુષે કહ્યું: 'માગ, માગે તે આપું!'

રાજાએ કહ્યું: 'મને સુખશાંતિ આપો! મને સુખશાંતિનો રસ્તો દેખાડો!'

તેજસ્વી પુરુષે કહ્યું: 'તારા યજમાન પેલા ખેડૂતને પૂછ—એ તને રસ્તો દેખાડશે!'

આટલું કહીને એ તેજસ્વી પુરુષ અદૃશ્ય બની ગયો.

રાજાએ મરણિયા બની પૂછી નાખ્યું:

'અરે, પણ તમે કોણ છો એ તો કહેતા જાઓ !'

અંતરીક્ષમાંથી જવાબ આવ્યો : 'હું કર્મ છું!—માનવજાતની સુખશાંતિનો દેવ છું!'

તરત રાજાની આંખ ઊઘડી ગઈ.

તે સીધો ખેડૂતની પાસે ગયો ને બોલ્યો : 'કાકા, મને સુખશાંતિનો રસ્તો દેખાડો !'

ખેડૂત એ સાંભળી કહે : 'સુખશાંતિ ! અરે ભાઈ, બધે સુખશાંતિ જ છે ને ! જ્યાં હાથ લાંબો કરો ત્યાં સુખશાંતિ સિવાય બીજું છે શું ? હા, જરી તપસ્યા કરવી જોઈએ!'

રાજાએ પૂછ્યું : 'તપસ્યા ! તપસ્યા તો મેં કેટલાંયે વરસ કરી, પણ મને હજી સુખ-શાંતિ મળી નહિ !'

ખેડૂતે કહ્યું : 'હું કંઈ તમારા જેવો ભણેલો નથી, મહારાજ ! કે મેં કોઈને ગુરુ કર્યા નથી, પણ કોઠાવિદ્યા શીખ્યો છું એ તમને કહું. આપણે આપણું કામ કરવું એ તપસ્યા. વહેલી સવારથી રાત લગી અંગે-અંગનો શ્રમ કરવો, કપાળના પરસેવાનો ધરતી પર અભિષેક કરવો એ તપસ્યા. બસ, બાકી બધું ખોટું !''

'ખરું ! ખરું ! હે મહાત્મા ખેડૂત, હું તમને પ્રણામ કરું છું.' એમ કહી રાજા એ ગરીબ વૃદ્ધ ખેડૂતને પગે પડ્યો, ને પછી પોતાના રસ્તે પડ્યો.

એટલે કહ્યું છે કે,

રાજાને સુખશાંતિ કહીં ? ખેડૂત કહે કે અહીં !
શ્રમ વિના ફળ શ્રમતણું, કદીય મળશે નહિ.

★

## નાવલડી મઝધાર

મારી નાવલડી મઝધાર, કાના કરશો ક્યારે પાર,
યુગયુગની છે પ્રીત પુરાણી,
નવી નથી કંઈ વાત આ છાની,
સોંપી તુજને જગદાધાર, ચિંતા મુજને છે ન લગાર....મારી૦

આવ્યો છું હું તારે દ્વારે,
તુજ વિણ મુજને કોણ ઉગારે,
ખોટો ખોટો જગનો પ્યાર, શિર છે ભવરૂપ દુઃખનો ભાર....મારી૦

સ્નેહી સગાં સહુ લાગે અકારાં,
નાથ ચરણમાં લઈ લે તારા,
વિનતિ 'દેવેન્દ્ર'ની ઉર ધાર, તારો અમને આ સંસાર....મારી૦

શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન'

# 'હું કરું હું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે'

શ્રી 'વસુમાન'

એક શહેરમાં એક વાણિયો રહેતો. તેને બે દીકરા અને એક દીકરી અને પોતે બે માણસ મળી કુલ પાંચ માણસો હતાં. આમ તો પોતાનો ધર્મમાં જીવ હતો, તેથી જ્યાં સન્તસમાગમ થતો, ત્યાં તે જરૂર જતો. પરંતુ પોતાની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હોવાને કારણે કુટુંબનું ગુજરાન માંડમાંડ ચલાવતો. સવારનો વખત સ્નાન કરી પ્રભુસ્મરણમાં ગાળતો પછી પરચૂરણ માલની ફેરી કરી, છેક સાંજે ઘેર આવી ભોજન કરતો. ગામમાં દેવમંદિરે દર્શને જતો, અને ક્યાંક કથાવાર્તા હોય તો થોડી વાર રોકાતો.

એક દિવસ ફેરી કરતાં, વિષ્ણુના મંદિરમાં એક સંતપુરુષ કથા કરતા હતા. ત્યાં પોતે પણ જઈને બેસી ગયો. મહાત્મા મહાન પુરુષ અને દૈવી અવતાર જેવા હતા. દિનપ્રતિદિન કથાશ્રવણ કરવા હજારો માણસોની મેદની જામવા લાગી. મહાત્મા શરૂઆતમાં જ કહેતા :

"હે માનવપ્રાણીઓ! દરરોજ સત્સંગ કરવો જરૂરી છે."

વાણિયો ઉપરોક્ત કથન સાંભળી ચિંતા કરવા લાગ્યો;

"અરેરે, મને સત્સંગ ઘણો જ પ્રિય છે પરંતુ હે પ્રભુ! આ પાંચ માણસના ભરણપોષણનો બોજો મારા પર છે, તેથી લાચાર છું." પોતે એમ એમ રોજ ચિંતા કરવાથી ઉદાસ રહેવા લાગ્યો.

કથા સાંભળી ઘેર આવ્યા પછી હંમેશાં મનમાં વિચાર કરે :

"અરેરે, હવે તો હું વૃદ્ધ થવા આવ્યો, છોકરા પણ મોટા થઈ ગયા છે. છતાં હજી એમને પરણાવ્યા નથી. હું અચાનક મરી જઈશ તો તો એમનું શું થશે? તેમના ગુજરાન માટે મારી પાસે ધન પણ નથી. હે પ્રભુ! તું સર્વનો પાલનહાર છે!"

એક વખત મહાપુરુષે એને ઉદાસ જોઈને પૂછ્યું, "હે વણિક, તું રોજ કથામાં આવે છે, છતાંયે ઉદાસ કેમ રહે છે? તારાં બૈરાંછોકરાંમાં કેમ લપટાઈ ગયો છે?"

વાણિયો બોલ્યો, "મહારાજ, છોકરાં નાનાં છે અને હું નિર્ધન ગરીબ માણસ છું. ફેરી કરી માંડમાંડ ગુજરાન ચલાવું છું. જો હું દુનિયા છોડી વિરક્ત થઈ જાઉં તો મારું કુટુંબ ભૂખે મરે. ગુરુદેવ, ચિંતાના કારણે હું હંમેશાં દુઃખી રહું છું."

સંતપુરુષે કહ્યું: "અરે ઓ મૂઢ, શું બધા માણસોને ખાવાનું તું જ પૂરું પાડે છે? શું તેમનું નસીબ ગીરો મુકાઈ ગયું છે? સર્વનો પાલનહાર તો પ્રભુ જ છે. આમ છતાંયે તને વિશ્વાસ ન આવે, તો મારા કહ્યા મુજબ એક માસ બહારગામ જા અને પછી જોઈ જો કે તારા કુટુંબનું કોણ રક્ષણ કરે છે?" વાણિયે કહ્યું, "ઠીક, બહુ સારું." ઘેર જઈને તેણે વાત કરી કે, "હું ધંધાર્થે બહારગામ જાઉં છું અને પ્રભુકૃપા હશે તો નાની સરખી દુકાન કરી તમને તેડાવી લઈશ. હિંમત રાખશો. પ્રભુ સૌનો તારણહાર છે." એમ કહી સંતપુરુષને પ્રણામ કરી ખભે કોથળો નાખી તે ચાલતો થયો.

થોડા દિવસ પછી, સંતે એક બનાવટી ચિઠ્ઠી વાણિયાને ઘેર મોકલી. ચિઠ્ઠીમાં જણાવ્યું કે રસ્તામાં વાણિયાને જંગલમાં એક વાઘે મારી નાખ્યો છે, તો પરમાત્માની જેવી ઇચ્છા. જે કાળે જે થવાનું હતું તે થઈ ગયું.

એ સાંભળી વાણિયાની સ્ત્રી તથા છોકરાં રડારોળ કરવા માંડ્યાં. શ્રાદ્ધ આદિ ક્રિયા પણ પતી ગઈ. જ્ઞાતિના આગેવાને, તેમને ગરીબ જાણીને, એક વર્ષ ચાલે તેટલું અનાજ તથા થોડી રકમ મેળવી આપી, બંને છોકરાને નોકરીએ રાખી લીધા.

*પહેલાં તો જુવારનો રોટલો અને દાળથી*

---

શાન્તિ મેળવવા ઇચ્છનારે પોતાના સ્વભાવમાંથી ક્રોધ દૂર કરવો જોઈએ.

ચલાવવું પડતું, પરંતુ હવે તો ઘરમાં ઘઉં, ઘી, ગોળ, દરેક ચીજ જ્ઞાતિ તરફથી મળવા લાગ્યાં.

છોકરા પણ કમાવા લાગ્યા અને સુખના દિવસો ભોગવવા માંડયા. વાણિયાનું તો નામ જ ભુલાઈ ગયું. એમ કરતાં એક મહિનો વીતી ગયો.

વાણિયો સીધો સંત પાસે ગયો. સંતે કહ્યું કે રાતના મોડી રાત્રે તારે ઘેર જજે. જે બીના બને, તે જોઈને મને કહેજે.

અર્ધી રાત્રે વાણિયો તો ઘેર જઈ, બારણાં ખખડાવવા લાગ્યો, પરંતુ વાણિયાને તો ભૂત માની લઈ, છોકરા પથરા મારવા લાગ્યા. વાણિયો તો ગભરાયો અને છોકરાંનાં નામ લઈને બોલાવવા લાગ્યો. પરંતુ એની સ્ત્રી તો બદલામાં કહેવા માંડી: 'મારા રોયા ભૂત! શા માટે મારાં છોકરાંને બિવડાવે છે? જા, તારું કાળું કર.' આ સાંભળી વાણિયો બોલ્યો, 'અરે પણ હું મરી ગયો નથી. હું તો જીવતો છું. તમને કોણે ભ્રમણામાં નાખ્યાં? પરંતુ જો હું ચાલ્યો જઈશ, તો તમે બધાં દુખી થઈ જશો.' આ સાંભળી વાણિયાની સ્ત્રી બોલી, 'જા, મારા પીટયા! તું જીવતો હતો, ત્યારે તો અમે દુઃખી હતાં. તું હતો, ત્યારે તો પૂરું ખાવાનું પણ મળતું નહિ. અને હવે તો અમે ખાઈપીને લહેર કરીએ છીએ. તું તો મરેલો છે, અને કદાચ જીવતો હોય, તોપણ તારું કામ નથી. માટે તારે રસ્તે પડ.' વાણિયાએ આથી વિચાર કર્યો, આ બધું શું થઈ ગયું? પરંતુ ગમે તેમ પણ આ લોકો તો સુખી છે. હું જીવતો છું છતાંયે એમને તો મારી પરવા નથી. વાણિયો તો વીલે મોઢે ગુરુ પાસે ગયો, અને સર્વ વિગત જણાવી.

સંતે કહ્યું, 'જોયું ને? તું તો કહેતો ને કે મારા સિવાય ઘરનું પોષણ કોણ કરશે? તો હે મૂઢ મનુષ્ય! કર્તાહર્તા તો પ્રભુ જ છે. માટે પ્રભુ પર ભરોસો રાખ. જેણે જન્મ આપ્યો, તે જ પોષણ કરે છે. આ મનુષ્યદેહ ફરીને મળવાનો નથી.'

વાણિયો પછી તો બધી ચિંતા મૂકી, ઈશ્વર-ભજનમાં જ દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

*

બીજાનો ઉપદેશ, બીજાની સલાહ જરૂર સાંભળો, તેના ઉપર વિચાર કરો, પણ તમારો અન્તરાત્મા તમારે માટે જેમ કહે તેમ જ વર્તો.

જેનું હૃદય સૌની સાથે પ્રેમથી વર્તે છે, તેને કદી અશાન્તિ કે ત્રાસ હોય જ નહિ.

અનુકૂળતા ઉપર પ્રેમ કરનારા ઘણા હોય છે, પણ મુશ્કેલી સાથે પ્રેમ કરનારા જ અખંડ સુખ ભોગવી શકતા હોય છે.

## સત્-સાહિત્યને સહાય

શ્રી રામભાઈ પુંજાભાઈએ પોતાના સદ્ગત પિતાશ્રીના સ્મરણાર્થે રૂા. ૧૧૦૧/– 'આશીર્વાદ' તરફથી આપવામાં આવતાં ભેટપુસ્તકો તથા 'માનવમંદિર'ની પુસ્તિકા માટે આપવાનું વચન આપ્યું છે.

શ્રી દશરથ ધર્મમંડળ તરફથી 'માનવ મંદિર' ની માનવતાનાં સુવાકયો (સુવર્ણસૂત્રો) ની ૨૦૦૦ પ્રતો પ્રસિદ્ધ કરાવી લોકકલ્યાણ અર્થે વહેંચવા નક્કી થયું છે.

# માટીનો ઘડો

"ઓ માટીના ઘડુલિયા, શાં શાં કીધાં કાજ ?
વણજાણે વણઓળખ્યે, ગોરીનો સરતાજ.
સજ્યા સોળ શણગાર, કંચનવરણી કાય,
રૂપલા ઈંઢોણી પરે, મલકાતો છલકાય."
"નથી કીધાં કાંઈ પુણ્ય, નથી હિમાળે હું ગળ્યો,
દુઃખ અસહ્ય સહ્યાં ઘણાં, તે કહું છું હું સાંભળો.
માત ધરતી તણી ગોદમાં ઘા પડયા,
પાવડે પાવડે હું પીંખાયો;
માતથી વિખૂટો કરીને પ્રજાપતિ,
ગધાડે ચઢાવીને ઘેર લાવ્યો.
આંગણે આણીને પાણીથી પખાળી,
પગ વડે લાતથી માર મારી,
ખૂંદતો પીસતો પાપી એ મુજને,
તે છતાં હું હતો મૌનધારી.
ગારના ગોળ ગોળા અમારા કરી,
ચક્કરે ચઢાવીને ઘાટ ઘડિયા;
તે પછી અમારાં ગળાં રે'સ્યાં, અરે !
દુઃખના ડુંગરા તૂટી પડિયા.
પછી મન વિચાર્યું; હાશ રે હવે તો,
ગળાં કાપ્યે થયો છુટકારો !
ના રે ના ડહોળવો દુઃખદરિયો રહ્યો,
દિસે ના દૂર હજીયે કિનારો.
ઘા તણી વેદના અંગ કુમળું હતું,
પછી કર એક ટપલો ઉપાડી;
નિર્દયે ટપોટપ ટપોટપ ટીપિયાં,
ટીપતાં ટીપતાં ટાલ પાડી.
તોય ના બોલિયા જરી ના વિસામો,
અમો સહુ નિભાડે ગોઠવાયા;
ધખ:રા મારતી આગમાં મૂકિયાં,
ધખારે અંગારે ધખધખાવ્યા.
આટલું વીત્યું છતાં ઊંહ પણ ના કર્યું,
આગના ઘૂંટડા ઘટઘટાવ્યા;
સજા કે કસોટી જે કહો તે અગન-
પારખે પાસ થઈ બહાર આવ્યાં.

ગામના ચોકમાં ગોઠવ્યા જ્યાં સદા,
　　　　ગામની ગોરીયું આવતી'તી;
લેવા દેવા વગર ઈ બધી અમારા
　　　　અંગ પર ટકોરા મારતી'તી.
આખરે રે ખરેખર ખરીદ્યો મને,
　　　　નાર આધીન થઈ રે'વું મારે;
નિત્ય માથે મૂકે ઘડીભર સુખ પણ,
　　　　દુઃખની વાતનો ભેદ ભારે.
ગળે ફાંસો કરી નિત્ય ઊંડે કૂવે,
　　　　નાખતી'તી મને ધોળે દા'ડે;
ગળગળો થઈ જતો પાણીમાં બૂડતો,
　　　　બડબડું તે પછી બા'ર કાઢે.
કાય કંચન તણી, સોળ શણગાર ધરી—
　　　　નારને મસ્તકે સ્થાન મારું;
છલછલકતો જ છલકાઉં છું એ છતાં
　　　　આંસુડે છલકતું ગાન મારું.
આટલું તપ કર્યું તોય મમ દેહનો
　　　　જરી ના ભરોસો ફૂટવાનો;
ટકોરો એક લાગી જતાં હાય ! હું,
　　　　માટીનો માટીરૂપ થઈ જવાનો

—શ્રી કનૈયાલાલ દવે

## આપ જ ઉપાડી લો

સત્-સાહિત્યના પ્રચાર માટે આપના ગામમાં 'આશીર્વાદ'ના એજન્ટનું કામ આપ જ ઉપાડી લો.

એક પોસ્ટકાર્ડ લખવાથી ગ્રાહકો નોંધવાની છાપેલી પાવતીબુક મોકલી આપવામાં આવે છે.

ગ્રાહકોનાં સરનામાં તથા તેમનાં લીધેલાં લવાજમોની રકમ દર માસની આખર તારીખ પહેલાં 'આશીર્વાદ'-કાર્યાલયને મનીઑર્ડરથી મોકલી આપવાં.

લવાજમની રકમ કાર્યાલયમાં જમા થયા પછી જ ગ્રાહકોને અંકો રવાના કરવામાં આવે છે.

એજન્ટોને કાર્યાલય સાથેનું ટપાલખર્ચ, મનીઑર્ડરખર્ચ વગેરે મજરે આપવામાં આવે છે.

# સ્વર્ગનો અધિકાર

શ્રી 'સત્યવ્રત'

થોડા સમય પહેલાં મુંબઈના મુંબાદેવીના મંદિરમાં એક મહાત્માજી પધાર્યા હતા. તેઓ શરીરે કદાવર, પાંચ હાથ ઊંચા અને ભવ્ય દેખાવના હતા. મસ્તક જાણે દંડકારણ્ય, આંખો ગરુડ જેવી, મુખમુદ્રા સર્વાંશે સાત્ત્વિક અને પ્રસન્ન હતી. મુંબઈ આવ્યા પછી, તેઓ તુલસીકૃત રામાયણની કથા કરતા હતા. પાંચ દિવસમાં કથામાં એટલી બધી ભીડ થવા લાગી કે શ્રોતાજનને બેસવા જગા પણ મળતી નહીં. તેઓ સવારના આઠથી દશ વાગ્યા સુધી કથા કરતા. કથા હિંદી ભાષામાં એવી રસિકતાથી, એવી મિઠ્ઠી જબાનથી અને મીઠાશથી કરતા કે સવારમાં મમ્માદેવીમાં કથા-શ્રવણ કરવા આવનારાઓની મોટરો, ઘોડાગાડીઓ અને લોકોની મહામેદનીથી મહામેળો જામતો. મુંબઈની પોલીસનું પણ આ મેદની તરફ ધ્યાન ખેંચાયું, જેથી બંદોબસ્ત માટે બે માણસોને ખાસ મૂકવામાં આવ્યા હતા. દિનપ્રતિદિન માનવમેદની વૃદ્ધિ પામતી હતી. મુંબઈ થઈને જતા-આવતા રાજામહારાજાઓ, ઠાકોરો, દરબારો અને શ્રીમંત નરનારીઓ પણ આ કથા સાંભળવા આવતાં. કથા સિવાયના સમયમાં પણ અનેક આસ્તિક (?) નરનારીઓ આ મહાત્માજીના દર્શનાર્થે આવતાં.

મહાત્માજી સમદર્શી, નિર્વિકારી અને નિઃસ્વાર્થી હતા. શ્રોતાજનો તો ઐહિક તથા પારલૌકિક સર્વ પ્રકારના સુખકલ્યાણની યાચના કરતા. મહાત્માજીનું હૃદય હંમેશાં જગતનાં દુઃખોથી દ્રવતું. તેમનું મુખ હંમેશાં આનંદી હતું. મહાત્મા ખરેખર મહાત્મા હતા!!! ઈશ્વરનો તેમના પર સંપૂર્ણ અનુગ્રહ હતો.

મુંબઈમાં મહાત્માને આવ્યે આજે છ માસ થયા પરંતુ તેમના જ્ઞાનપિપાસુઓની સંખ્યા ઉત્તરોત્તર વધવા લાગી. આ બધી પરિસ્થિતિ મહાત્માજી શોચતા. તેઓ એક મહાન નિરીક્ષક હતા. તેમણે જોયું કે લોકોમાં ધર્મઘેલાપણું છે, પણ તેમાં નિષ્કામવૃત્તિ ઘણી ઓછી છે, ત્યાગ ઓછો છે, સાત્ત્વિકપણું બિલકુલ નથી. લોકો કથા સાંભળવા આવે છે, પણ તેમને સત્ય જ્ઞાન અને સદાચારનું ભાન નથી. સવારમાં કથાશ્રવણ, સાંજે સ્વધંધામાં કસાઈપણું. લોકોમાં સદ્વર્તન નથી, સાચી દયા નથી, તેમનું જીવન પાપમય છે. મહાત્માજી આ પરિસ્થિતિ જોઈ અત્યંત ખિન્ન થયા.

એક દિવસે, એકાદશીને દિવસે કથા ચાલતી હતી. ત્યાં તેમણે કહ્યું, "ભાઈઓ અને બહેનો!!! તમે માનો યા ના માનો પણ હું એક પામર, પાપી જીવ છતાં ગઈ રાત્રિએ સ્વર્ગના ઝાંપા સુધી જઈ પહોંચ્યો હતો.

ત્યાં તો અનહદ અજવાળાં અને અસીમ આનંદ હતો. દેવોને આરામ લેવાનો સમય હતો. સ્વર્ગનાં દ્વાર બંધ હતાં. હું તો જિજ્ઞાસુ હતો, ગરજવાન હતો. મેં તો દરવાજાની સાંકળ ખખડાવી. એક ભવ્ય સુંદર દેવે દ્વાર ઉઘાડ્યાં, મને તે પોતાને મંદિરે લઈ ગયા. મંદિરમાં પ્રકાશ, સુંદરતા અને સ્વચ્છતા પુષ્કળ. દેવે મને આસન બતાવ્યું. તેઓ તેમને આસને બેઠા.

દેવે કહ્યું; 'મહાત્માજી! તમે અહીં ક્યાંથી? શા કામ માટે પધાર્યા છો? બોલો."

હું બોલ્યો: "હે દેવ! સ્વર્ગની કૂંચી અને દફતર તમારી પાસે છે! હું આખા ભરતખંડમાં ફર્યો છું; અનેક સ્રીપુરુષો, રાજામહારાજાઓ, મહારાણીઓ, શ્રીમંત, રંક-સર્વેએ મારો ઉપદેશ લીધો છે, મારી સેવા ગ્રહણ કરી છે. તમારું દફતર તપાસશો? એમાં મુંબઈના કેટલા જીવ દાખલ થયા છે?"

તેમણે કહ્યું: "મહાત્માજી! આવો, અહીં જરા નજીક આવો. આપણે બંને સાથે જ ચોપડો તપાસીએ."

દેવે એક મોટો ચોપડો હાથમાં લીધો. પાનેપાનાં ઉથલાવ્યાં. મુંબઈનું મથાળું ફરીફરીને જોયું પણ મુંબઈનું પાનું જ કોરું હતું. મુંબઈનું એકે નામ સ્વર્ગને ચોપડે ચડ્યું ન હતું.

હું બોલ્યો: "શું! મુંબઈમાંથી કોઈ નહિ? એ કાંઈ સંભવિત નથી. એવું બને જ કેમ? જરા ફરીથી જુઓ ને."

દેવે કહ્યું: "મહાત્માજી! મુંબઈથી અહીંયાં કોઈ આવ્યું નથી-ખરેખર નથી જ આવ્યું. શું મશ્કરી સમજો છો? મહાત્માજીની મશ્કરી હોય?"

---

મનુષ્યને જે કંઈ પ્રાપ્ત થાય છે, તે એના પોતાના જ કર્મના ફળરૂપે પ્રાપ્ત થાય છે.

દેવને હું હાથ જોડી બોલ્યો, "પ્રભુ, આ શું?"

દેવે કહ્યું; "મહાત્મા! આમ ખિન્ન શા માટે થાઓ છો? એમાં તમારો કોઈ દોષ નથી. તમે તમારા કર્તવ્યનું યથોચિત પાલન કર્યું છે."

મેં કહ્યું: "ત્યારે મારા સેવકો ક્યાં છે તે મારે જોવું જોઈએ, મારે તેમને કાંઈક આશ્વાસન પણ આપવું જોઈએ."

દેવે કહ્યું: "તેઓ સ્વર્ગમાં નથી માટે નરકમાં જ હોવા જોઈએ. તમને તો ના ન પાડી શકાય. લ્યો, આ પાવડીઓ પહેરો. જુઓ, પેલો દૂરદૂર કાળો દરવાજો છે. ત્યાં જાઓ. દરવાજા આગળ જશો કે દરવાજો એની મેળે ખૂલી જશે."

હું દેવને પ્રણામ કરી આગળ તે દરવાજા તરફ ચાલ્યો. પણ તે તો ઘણો દૂર હતો. હું તો ચાલ્યો તે ચાલ્યો જ ચાલ્યો. કેવો ભયંકર રસ્તો!!! અણીવાળા પથ્થર એની ઉપર નાખેલા હતા. ખાડા-ટેકરાઓનો તો પાર નહિ. વચમાં મોટા નાગ અને અજગરો ફરે. વળી આગળ ચાલ્યો. ત્યાં તો આખા રસ્તા ઉપર સળગતા અંગારા. મારા તો હાંજા જ ગગડવા લાગ્યા. મને ચક્કર જ આવવા લાગ્યાં. મદ્ય પીધેલા જેવી મારી સ્થિતિ થઈ. રોમાંચ ખડાં થયાં. શરીરે પરસેવો વળવા લાગ્યો, કંઠે શોષ પડવા લાગ્યો. છતાં હું સલામત રહ્યો, પેલી પાવડીઓના પ્રતાપે દરવાજા આગળ પહોંચ્યો. લોખંડી દરવાજાને બહારથી કોશો જેવડા તો ખીલા લગાવ્યા હતા. નરકનું તો બધું ભયંકર જ હોય. હું વધારે નજીક ગયો, એટલે દરવાજો એની મેળે ઊઘડી ગયો. આ દરવાજે કાંઈ તાળુંકૂંચી રહેતાં નથી. અહીં કાંઈ દફતર કે ચોપડા રહેતા નથી. લોકોનાં ટોળેટોળાં અહીં આવતાં હતાં. હું ભયનો માર્યો ધ્રૂજતો હતો. માંસ સળગતું હોય, ભુજાતું હોય તેવી વાસ આવવા લાગી. હું તો ગભરાવા લાગ્યો. મારી શ્વાસક્રિયા તેજ થઈ. દુઃખની કિકિયારીઓ અને ચીસો સિવાય અહીં બીજું કાંઈ સંભળાતું ન હતું.

ત્યાં એક શીંગડાવાળો દૈત્ય ગદા ફેરવતો આવ્યો. બોલ્યો કે: 'જા, અંદર જા, જલદી જા," હું તો સ્થંભી ગયો.

"જાય છે કે નથી જતો?" એમ કહી દૈત્યે મારા ઉપર ગદા ઉગામી.

"ભાઈ! તું મને ઓળખે છે? હું તો ઈશ્વરનો પરમ ભક્ત અને ઉપાસક છું." મેં કહ્યું.

"તું ઈશ્વરનો ભગત થઈને અહીં શા સારુ આવ્યો છે?" તે બોલ્યો.

મારા પગ તો હવે લોચાવા માંડ્યા હતા. મારાથી ઊભું રહેવાતું ન હતું.

મેં દૈત્યને કહ્યું: "ભાઈ! હું તને બહુ નમ્રતાથી પૂછું છું કે, મુંબઈથી અહીં કોઈ આવેલું છે?"

"મુંબઈ, અરે આખું મુંબઈ અહીં છે, જરા ઊભો રહે."

એ મને થોડે દૂર લઈ ગયો, અને કહ્યું: "જો, મુંબઈનું અહીં કોઈ છે?"

હા! મેદાનોમાં પવનના વંટોળિયા કોણે નથી જોયા! અહીં તો અગ્નિના વંટોળિયા ચાલતા હતા. સમુદ્રમાં પાણીનાં પર્વત જેવડાં મોજાં ઊછળે છે એમ અહીં અગ્નિ ઊછળતો હતો.

એ વંટોળિયા વચ્ચે, એ અગ્નિનાં મોજાં વચ્ચે મેં શું જોયું?

અરે, આ તો પેલા મોહનનગરના મહારાજા મહાવીરસિંહજી! રાજ્યમાં દુકાળ ચાલે,–મહાભયંકર દુકાળ ચાલે, પ્રજાને ખાવા અન્ન નહિ, પીવા પાણી નહિ, પહેરવા પૂરાં વસ્ત્રો નહિ—એવા સમયે તેઓ વિલાયતમાં વિલાસ માણતા પ્રજાનાં પુષ્કળ નાણાં બરબાદ કરતા, પણ ખેડૂતને બિલકુલ રાહત આપતા નહિ!!!

અરે, આ કોણ? એ તો પેલા કથા સાંભળવા આવતા ન્યાયાધીશ! પૈસાની લાલચથી લાંચ માટે ખરા અપરાધીને છોડનાર અને નિર્દોષને સજા ઠોકનાર સાકરલાલજી!!!

અને આ તો પેલા પ્રમોદભાઈ! દેશાભિમાનને

---

ઊર્ધ્વ ગતિ અને અધોગતિ, સ્વર્ગ અને નરક આ દુનિયામાં જ છે.

નામે પ્રજાનાં હજારો નાણાં 'હોઇયાં' કરી જનાર વૃકોદર !

આ વળી કોણ ? પેલા હવાલદાર હરિસિંહજી ! ખેડૂતોને અડાવતા, ગાળો દેતા, ધોલધપ્પો કરનાર અને બાળકના મોંમાંથી દૂધનો છેલ્લો છાંટો પડાવનાર !

અને પેલો કોણ ? અનહદ દારૂ પીનાર અને દારૂ પીવા માટે પૈસા ખૂટે એટલે સ્ત્રીને મારી કૂટીને તેના દાગીના ઉઠાવી જનાર દારૂડિયો દોલત !

અરે ! આ તો પેલા સજ્જનતાનો ડોળ કરનાર અને વૃદ્ધ પાડોશીની સ્ત્રીને ભગાડી જનાર પંડિત પરમેશ્વરલાલજી !

અરે ! આ તો મનાય જ કેમ ? અરે, હા, એ તો ધાર્મિકતા, વિદ્વત્તા, અને દેશાભિમાનનો ડોળ કરતી, દેશને માટે દિવ્ય ઝોળી લઇ ફરતી પણ ધણીને સૂતો વેચી, ઠામઠામ સત્સંગોમાં ભટકતી, સન્માર્ગ ભૂલેલી પેલી લક્ષ્મી !

અને આ તો પેલો દૂધમાં પાણી મેળવી લક્ષાધિપતિ બનેલો ઘાંચી લલ્લુ !

અહો ! આ તો પેલા પાંચાભાઈ ! જેઓ ગામની ખરી ખોટી વાતો કરતા, નિર્દોષને અપરાધી અને અપરાધીને નિર્દોષ ઠરાવતા, જૂઠી સાક્ષીઓ પણ પૂરતા.

અને પેલા પાંચ પાંચ વર્ષે અને લાભ આવે તો તે પહેલાં, જ્યારેત્યારે, કાંઈ ધાપ લાગતી હોય તો પળેપળે વિચારનું પરિવર્તન કરનાર 'વિમોચન' પત્રના તંત્રી !!!

અને અહો ! આ બાજુ તો મારકીટના પેલા મોટા મોટા વેપારીઓની જ ભરતી દેખાય છે. લોકો વલખાં મારી રહ્યા હોય તે વખતે વસ્તુઓની સંઘખોરી કરી કાળા ભાવે વેચીને ધનાઢ્ય બનેલા આ બધા શેઠ ગણાતા ઠાઠ લોકો.

આમ અનેક અપરાધી વ્યક્તિઓને અગ્નિના કુંડમાં તરફડતી અને ચીસો નાખતી જોઇને હું ત્રાસી ગયો.''

મહાત્માજીની વાત કરવાની રીત તાદૃશ, સચોટ અને એટલી અસરકારક હતી કે શ્રોતાઓના મુખ ઉપર ભય, ત્રાસ અને ગ્લાનિ દેખાતાં હતાં. તેઓ જાણે નરકનું દુઃખ અનુભવી રહ્યાં હોય તેમ લાગતું હતું. ત્યાં અગ્નિમાં કોઇનો બાપ, કોઇની મા તો કોઇની બહેન હોય એમ ભાસ થતો.

* * *

વૃત્તાંત પૂરું થતાં, મહાત્માજીએ કહ્યું: ભાઈઓ અને બહેનો ! તલવારની ધાર ઉપર રહેવું અને સ્વર્ગની યોગ્યતા પ્રાપ્ત કરવી તે બે સરખું છે. તમારી જાતને—તમારા આત્માને તમે પૂછો કે, તમે સ્વર્ગપ્રાપ્તિને યોગ્ય આચરણ કરો છો ? તમે નરકમાં જવા માટે છતી આંખે, સમજીને કુકર્મ કરો છો ? વાવશો તેવું લણશો ! જ્યાં સુધી મનુષ્યના હૃદયમાં પાપ છે, મેલ છે, વિષ છે, ત્યાં સુધી તેના હૃદયમાં પરમાત્મા વસતો નથી. ભાઈઓ અને બહેનો ! સમદૃષ્ટિ, દયા, અહિંસા, સત્ય ધારણ કરો. તમારી ન્યૂનતાઓ સમજો, દૂર કરો. તમે સ્વર્ગમાં બિરાજશો જ.'

મહાત્માની કથાની આજ અલૌકિક અસર થઈ. શ્રોતાજનો ઘેર ગયા પછી, તે દિવસની કથા વિષે વિચાર કરી રહ્યાં હતાં. તેમના હૃદયમાં પ્રકાશ ઝગમગી રહ્યો હતો. તેમનું દૃષ્ટિબિંદુ ખુલ્લું થયું, તેઓએ તે દિવસે હૃદયથી કેટલાક સાચા સંકલ્પ કર્યા.

**मातृवत् परदारेषु परद्रव्येषु लोष्ठवत् ।**
**आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥**

*

---

કીર્તિની કે પુણ્યની ઇચ્છા વિના કેવળ અન્યના હિત અને સુખ માટે જે ત્યાગ અને સેવા કરવામાં આવે છે, તેનાથી જે સંતોષ થાય છે તે આત્મસંતોષ છે. તે આત્મસ્વરૂપનો પ્રકાશ કરનારો છે.

પ્રત્યેક પ્રાણી પ્રત્યે આત્મભાવ અને હમદર્દી થવી એ જ આત્મસાક્ષાત્કારનો આરંભ છે. વ્યાવહારિક જીવનમાં સરળતા, નિર્દોષતા, નિષ્કપટતા એ જ ઈશ્વરપરાયણ જીવન છે.

# અસત્યનું પરિણામ

**શ્રીમદ્ રાજચંદ્ર**

સામાન્ય કથનમાં પણ કહેવાય છે કે, સત્ય એ આ સૃષ્ટિનું ધારણ છે; અથવા સત્યના આધારે આ સૃષ્ટિ રહી છે. એ કથનમાંથી એવી શિક્ષા મળે છે કે, ધર્મ, નીતિ, રાજ અને વ્યવહાર એ સત્ય વડે પ્રવર્તન કરી રહ્યાં છે; અને એ ચાર ન હોય તો જગતનું રૂપ કેવું ભયંકર હોય! એ માટે થઈને સત્ય એ સૃષ્ટિનું ધારણ છે એમ કહેવું એ કંઈ અતિશયોક્તિ જેવું કે નહિ માનવા જેવું નથી.

વસુરાજાનું એક શબ્દનું અસત્ય બોલવું કેટલું દુઃખદાયક થયું હતું તે તત્ત્વવિચાર કરવા માટે અહીં હું કહું છું.

વસુરાજા, નારદ અને પર્વત એ ત્રણે એક ગુરુ પાસેથી વિદ્યા ભણ્યા હતા.

પર્વત અધ્યાપકનો પુત્ર હતો. અધ્યાપકે કાળ કર્યો, એથી પર્વત તેની મા સહિત વસુરાજાના દરબારમાં આવી રહ્યો હતો.

એક રાત્રે તેની મા પાસે બેઠી છે; અને પર્વત તથા નારદ શાસ્ત્રાભ્યાસ કરે છે.

એમાં એક વચન પર્વત એવું બોલ્યો કે, 'અજા હોતવ્યં.'

ત્યારે નારદ બોલ્યો: 'અજ તે શું, પર્વત?'

પર્વતે કહ્યું: 'અજ તે બોકડો.'

નારદ બોલ્યો: 'આપણે ત્રણે જણ તારા પિતા કને ભણતા હતા, ત્યારે તારા પિતાએ તો "અજ" તે ત્રણ વર્ષની "વ્રીહિ" કહી છે; અને તું અવળું શા માટે કહે છે?' એમ પરસ્પર વચન-વિવાદ વધ્યો.

ત્યારે પર્વતે કહ્યું: 'આપણને વસુરાજા કહે તે ખરું.'

એ વાતની નારદે પણ હા કહી અને જીતે તેને માટે અમુક શરત કરી.

પર્વતની મા જે પાસે બેઠી હતી, તેણે આ સાંભળ્યું. 'અજ' એટલે 'વ્રીહિ' એમ તેને પણ યાદ હતું. શરતમાં પોતાનો પુત્ર હારશે એવા ભયથી પર્વતની મા રાત્રે રાજા પાસે ગઈ અને પૂછ્યું: 'રાજા! "અજ" એટલે શું?'

વસુરાજાએ સંબંધપૂર્વક કહ્યું: '"અજ" એટલે "વ્રીહી."'

ત્યારે પર્વતની માએ રાજાને કહ્યું: 'મારા પુત્રથી "બોકડો" કહેવાયો છે, માટે તેનો પક્ષ કરવો પડશે. તમને પૂછવા માટે તેઓ આવશે.'

વસુરાજા બોલ્યો: 'હું અસત્ય કેમ કહું? મારાથી એ બની શકે નહિ.'

પર્વતની માએ કહ્યું: 'પણ જો તમે મારા પુત્રનો પક્ષ નહિ કરો તો, તમને હું હત્યા આપીશ.'

રાજા વિચારમાં પડી ગયો કે: 'સત્ય વડે કરીને હું મણિમય સિંહાસન પર અધ્ધર બેસું છું; લોકસમુદાયને ન્યાય આપું છું. લોક પણ એમ જાણે છે કે, રાજા સત્યગુણે કરીને સિંહાસન પર અંતરીક્ષ બેસે છે. હવે કેમ કરવું? જો પર્વતનો પક્ષ ન કરું તો બ્રાહ્મણી મરે છે; એ વળી મારા ગુરુની સ્ત્રી છે.'

ન ચાલતાં છેવટે રાજાએ બ્રાહ્મણીને કહ્યું: 'તમે ભલે જાઓ. હું પર્વતનો પક્ષ કરીશ.'

આવો નિશ્ચય કરાવીને પર્વતની મા ઘેર આવી.

પ્રભાતે નારદ, પર્વત અને તેની મા વિવાદ કરતાં રાજા પાસ આવ્યા.

રાજા અજાણ થઈ પૂછવા લાગ્યો કે: 'પર્વત, શું છે?'

પર્વતે કહ્યું: 'રાજાધિરાજ! "અજ" તે શું? તે કહો.'

રાજાએ નારદને પૂછ્યું: 'તમે શું કહો છો?'

નારદે કહ્યું: '"અજ" તે ત્રણ વર્ષની "વ્રીહિ", તમને ક્યાં નથી સાંભરતું?'

વસુરાજા બોલ્યો: '"અજ" એટલે "બોકડો", પણ "વ્રીહિ" નહિ.'

તે જ વેળા દેવતાએ વસુરાજાને સિંહાસનથી ઉછાળી હેઠો નાખ્યો; વસુ કાળ પરિણામ પામ્યો.

આ ઉપરથી આપણે સઘળાએ સત્ય, તેમ જ રાજાએ સત્ય અને ન્યાય બંને ગ્રહણ કરવા રૂપ છે, એ મુખ્ય બોધ મળે છે.

જે પાંચ મહાવ્રત* ભગવાને પ્રણીત કર્યાં છે; તેમાંના પ્રથમ મહાવ્રતની રક્ષાને માટે, બાકીનાં ચાર વ્રત વાડ રૂપે છે. અને તેમાં પણ પહેલી વાડ તે સત્ય મહાવ્રત છે. એ સત્યના અનેક ભેદ સિદ્ધાન્તથી નક્કી કરવાના છે.

---

* પાંચ મહાવ્રત—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

★

# અમારાં માસી

—હરિશ્ચંદ્ર

હું જરા લેટયો હતો. ત્યાં મારાં માસી રઘુ, મંગુ ને સંતુને લઇને આવી પહોંચ્યાં. કેડે બેસાડેલ સંતુને સંબોધી બોલ્યાં, 'કહે, હું તમાલી પલ ગુસ્સે છું. તમે બેનના લાડુ એકલા-એકલા ખાધા. અમને ન બોલાવ્યાં ને !'

આવું કાંઇક કુરકું બોલવાની માસીની આદત-થી હું વાકેફદાર છું. તેથી મેં સાંભળ્યું ન સાંભળ્યું કરી માસીને કહ્યું, 'આવો !'

અને માસીએ તો ત્રણ છોકરા સાથે મહિનાના ધામા નાખ્યા. આખું ઘર માથે લીધું. માસી ને બા વાતો કરતાં બેઠાં હોય, ત્યાં સંતુ આવી માસીના કાનમાં કાંઇ કહે એટલે માસી મોટેથી બોલે, 'ભૂખ લાગી હોય તો જા ભાભી પાસે...... વહુ, ઘી ભાત કાલવીને લાવજે.' સુમી એને ઘી-ભાત આપે છે.

'અલી, થોડી ખાંડ નાખી હોત તો ! મોટાને કાંઇ ઓછું ન થાત. બચત કરવા તો હજી ઘણા દિવસ બાકી છે.' અને ખો ખો કરતાં માસી મોટેથી હસી લે છે.

ખાઈ લીધા પછી સંતુ જાજરૂ જાય છે અને ત્યાંથી બૂમ પાડે છે. માસી મોટેથી કહે છે, 'મને શું કહે છે ? ભાભીને કહે, ધોઈ આપે.'

સુમીના કપાળે કરચલીઓ પડે છે. બા બધું જાણે છે, એટલે પાણીની તપેલી લઈ પોતે જાય છે.

આખો દિવસ ઘરમાં માસીનાં ખાંખાંખોળા ચાલુ હોય છે. માળિયે મૂકેલ પોટલાં ખોલે છે. બા પૂછે છે, 'આ બધાં જૂનાં કપડાં શું કામ કાઢ્યાં ?'

માસી કહે છે, 'તું એને શું કરવાની ? એ તો હું લઈ જઈશ.'

'તારા છોકરાઓને તો મોટાં પડશે. આનાં તો વાસણ...' બા થોથવાતી બોલે છે.

'કાંઈ નહીં. સંતુને મોટાં પડશે તો મંગુને, નહીં તો રઘુને, નહીં તો એના બાપુ તો છે જ ને ! તારે ક્યાં વાસણોનો તોટો છે ! લે મારી બઈ ! કહે તો લઈ જાઉં. નહીં તો પાછાં મૂકી દઉં.'

બા બિચારી શું બોલે ? આવી જ રીતે ખાલી બાટલીઓ, રમકડાં, ગોબા પડેલ વાસણો બધું માસીની થેલીમાં સેરવાઈ જાય છે.

સાફ-સફાઈને બહાને માસીનો મોરચો પછી અભરાઈ ઉપર વળે છે. કોપરાનું છીણ, દાળિયા, સીંગદાણા, શિંગોડાનો લોટ, ખજૂર, ખારેક, રવો, મેંદો—આમાંના કોઈ વસ્તુ જરા ફુગાવાની કે સડવાની તૈયારીમાં હોય તો માસી અંદરથી ખુશ થાય છે, પણ ઉપર-ઉપરથી બાને કહે છે, 'કાશી, તું આવી કેવી ફૂવડ ? આ જો કોપરાનું છીણ, ફૂગ ચઢી ગઈ છે અને ગંધાય પણ છે.'

બા કહે, 'કઈ નહીં, લઈ જશે કામવાળી.'

'એને આપવા કરતાં લાવ હું જ તને સાફ કરી દઉં.'

'ના, અમારે ત્યાં કોઈ એને હાથ નહીં લગાડે.'

'રાખ તારે, હું જ લઈ જઈશ.' અને આમ માસીનો ઉદ્દેશ સફળ થાય છે.

હું બજારમાંથી કાંઈ ખરીદી કરીને આવું છું. બાને સુપરત કરું તે પહેલાં માસી જ તેનો હવાલો લઈ લે છે. આવે વખતે મંગુ-સંતુ એને ઘેરી વળે છે. માસી દરેક વસ્તુનો નમૂનો એમના હાથમાં મૂકે છે. તેમાં વળી કોપરું, ગોળ, સીંગદાણા જેવું કાંઈક હોય તો તો છોકરાઓ સારી પેઠે તેના પર હાથ મારે છે. કોબી, મૂળા, મોગરી, ફણસી, બધું કાચું પણ એમને ભાવે છે, ફાવે છે. લસણ પણ એમને ચચરતું નથી. ક્યારેક તો મગ-ચણાય ચાવતા હોય છે.

બા અનિલ નહીં તો સુધાને નવડાવતી હોય છે ત્યાં તો માસી બોલી ઊઠે છે, 'લાવ, હું હોઉં ત્યારે તારે છોકરાંઓને ન નવડાવવાં.' અને માસી બાના હાથમાંથી લોટો લઈ લે છે. અનિલને માથે પાણી રેડી એને બહાર કાઢે છે. પછી મંગુ ને સંતુનો નંબર લાગે છે. શિકાકઈથી માથું ધોવાય છે. લકસના ફીણના ગોટેગોટા થાય છે. બબ્બે બાલદી ગરમ પાણી. પછી ત્યાં જ રહેતું કોપરેલ. (આમ તો મારા માટેનું સુગંધી તેલ પણ ત્યાં હોય છે, પણ માસી આવે ત્યારે બા તે લઈને કબાટમાં મૂકી દે છે.) મંગુ-સંતુને આખે શરીરે પાઉડર.

---

**મોહ અને સ્વાર્થથી માણુસ સંકુચિત અને ક્ષુદ્ર બને છે. પ્રેમ અને ત્યાગ દ્વારા માણુસ વિશાળ ભાવને–આત્મભાવને પ્રાપ્ત કરે છે.**

જમતી વખતે બાને કે સુમીને માસી પીરસવા દેતાં નથી. પોતાનાં છોકરાંઓને પીરસતી વખતે માસીનો હાથ મોકળો હોય છે. રોટલી–ભાત કરતાં દૂધ, દહીં, ઘીની માગણી વધારે હોય છે. માસી પોતે પણ ખાતી વખતે પાછું વાળીને જોતાં નથી. અમારે ઘેર હોય ત્યારે એમને ટાણે-કટાણે જાજરૂ જવું પડે છે. ઊંઘમાં મોટા ઓડકાર ખાતાં હોય છે. ક્યારેક પેટમાંયે દુખવા આવે છે.

છેવટે દોઢ-બે મહિને ભેગી કરેલ વસ્તુઓના થેલા છોકરાઓના હાથમાં વળગાડી માસી ઊપડે છે. હું સ્ટેશને મૂકવા જાઉં છું. મંગુ-સંતુની ટિકિટ લીધા વિના જ માસી ગાડીમાં બેસે છે. ત્યાં એમને યાદ આવે છે કે કાશીએ આપેલો સાડલો તો લેવો જ ભૂલી ગઈ. અને એમનું મન ખાટું ખાટું થઈ જાય છે.

હું ઘેર આવ્યો ત્યારે સુમીએ એ સાડલો મને બતાવ્યો. સોપારી, લવિંગ, એલચી એવું કેટલુંયે એ સાડલાને છેડે બાંધેલું હતું, જે તેણે માંગ્યું નહોતું, અને બાએ ખુશીથી આપ્યું નહોતું.

# ત્યાગ અને અહિંસાની મૂર્તિ.....

ગાંધીજી

સ્ત્રીને 'અબળા' કહેવી એ એની બદનક્ષી છે. સ્ત્રી અબળા કઈ રીતે છે તે હું જાણતો નથી. એમ કહેવાનો આશય એ હોય કે, સ્ત્રીમાં પુરુષના જેટલી પશુવૃત્તિ નથી અથવા તો પુરુષના જેટલા પ્રમાણમાં નથી, તો એ આરોપ કબૂલ કરી શકાય. પણ એ વસ્તુ તો સ્ત્રીને પુરુષના કરતાં પુનિત બનાવે છે, અને સ્ત્રી પુરુષના કરતાં પુનિત છે એમાં તો શંકા નથી જ. એ જો ઘા કરવામાં નિર્બળ છે તો કષ્ટ સહન કરવામાં બળવાન છે. મેં સ્ત્રીને ત્યાગ અને અહિંસાની મૂર્તિ કહી છે. તેણે પોતાના શીલની કે પાવિત્ર્યની રક્ષા માટે પુરુષ પર આધાર ન રાખવાનું શીખવું રહેલું છે.

પુરુષે સ્ત્રીના શીલની રક્ષા કરી હોય એવો એક પણ દાખલો હું જાણતો નથી. એ કરવા ધારે તોયે કરી ન શકે. રામે સીતાના કે પાંચ પાંડવોએ દ્રૌપદીના શીલની રક્ષા નહોતી જ કરી. બંને સતીઓએ કેવળ એમના પાવિત્ર્યના બળે જ એમના શીલની રક્ષા કરેલી. કોઈ પણ માણસ પોતાની સંમતિ વિના માન કે આબરૂ ગુમાવતો નથી. કોઈ નરપશુ કોઈ સ્ત્રીને બેભાન કરીને તેની લાજ લૂંટે એથી એ સ્ત્રીના શીલ કે પાવિત્ર્યનો લોપ થતો નથી; તે જ પ્રમાણે કોઈ દુષ્ટ સ્ત્રી કોઈ પુરુષને જડ બનાવનારી દવા ખવડાવે ને તેની પાસે પોતાનું ધાર્યું કરાવે એથી એ પુરુષના ચારિત્ર્યનો નાશ થતો નથી.

આશ્ચર્યકારક તો એ છે કે, પુરુષના સૌંદર્યની સ્તુતિને અર્થે પુસ્તકો બિલકુલ લખાયાં નથી; ત્યારે પુરુષની વિષયવાસના ઉત્તેજવાને સારુ જ હમેશાં સાહિત્ય શા સારુ તૈયાર થતું હોવું જોઈએ? એમ હશે કે પુરુષે સ્ત્રીને જે વિશેષણોથી નવાજી છે તે વિશેષણો સાર્થક કરવાનું સ્ત્રીને ગમે છે! પોતાના દેહના સૌંદર્યનો માણસ એની ભોગલાલસાને સારુ દુરુપયોગ કરે એ સ્ત્રીને ગમતું હશે? પુરુષની આગળ પોતાના દેહને રૂપાળો દેખાડવો એને ગમતો હશે? ગમતો હોય તો શા માટે? આ પ્રશ્ન સુશિક્ષિત બહેનો પોતાના મનને પૂછે એમ હું ઇચ્છું છું.

સ્ત્રીમાં જેમ બૂરું કરવાની લોકક્ષયકારી શક્તિ છે, તેમ ભલું કરવાની, લોકહિતકારી શક્તિ પણ સૂતેલી પડી છે. એ ભાન સ્ત્રીને થાય તો કેવું સારું? તે પોતે અબળા છે ને કેવળ પુરુષને રમવાની ઢીંગલી થવાને જ લાયક છે, એવો વિચાર છોડી દે તો પોતાનો તેમ જ પુરુષનો પછી તે પિતા, પુત્ર કે પતિ હોય–ભવ સુધારી શકે ને બંનેને સારુ આ જગતને વધારે સુખમય બનાવી શકે.

# સેવાનું તત્ત્વજ્ઞાન

**ફાધર વૉલેસ**

સેવાની ભાવના એક સદ્દગુણ છે, એમ સહુ સ્વીકારે છે. પણ સેવા શા માટે?—તેવો સવાલ થઈ તો શકે જ. આમ સેવાની પાર્શ્વભૂમાં કશોક આધાર જરૂરી છે.

સેવામાં વ્યક્તિ કેન્દ્રગામી મટીને કેન્દ્રત્યાગી બને છે. 'મારું-મારું'ની કલ્પના છોડીને એ અન્યનો વિચાર કરતો થઈ જાય છે. આમ શુભમાત્રની ગતિ કેન્દ્રત્યાગી હોય છે. કવિ શ્રી સુન્દરમ્ કહે છે તેમ શુભની ગતિ બૃહદ્ તરફ હોય છે.

પણ પાછો પેલો સવાલ તો ઊભો જ છે: 'હું શા માટે બીજાને વાસ્તે ત્યાગ કરું?' અહીં જ ભગવાનમાં આસ્થાની અગત્ય સમજાય છે. માનવીની સેવા એટલે પ્રભુસેવા. મનુષ્યમાત્ર, પ્રાણીમાત્ર ઈશ્વરનાં સંતાન છે. આ આસ્થાવશાત્ જ, માનવી ક્ષુદ્ર અહમ્ ત્યજી અન્યને કાજ બધું કરી છૂટશે.

બધામાં ભગવાનને જોવો તે મૂળ મંત્ર છે. બારણે આવી ઝોળી પસારનાર સશક્તને સુધ્ધાં કૈંક આપવા દોડી જતી માને નાનો વિન્યો (વિનોબા) વારતો,—ત્યારે તે કહેતી: 'આંગણે ભગવાન આવી ઊભો છે!'

આ દૃષ્ટિથી જ દીન, દુઃખી, રોગી, અસહાયને સહાયરૂપ થવાની સતત ને અવિરત પ્રેરણા આપણને મળે છે. આ સહુમાં ઈશ્વરને ન જોઈ શકનાર નાસ્તિક તે વળી સેવાનો આધાર કેમનો સમજાવી શકવાનો હતો.

ફિલિપિન્સના કોઢિસ્તાનમાં નિષ્કામ સેવાર્થે સ્વજાતને જોતરી દેનાર એક સેવિકાને બહુ ખ્યાતવંત એવી અભિનેત્રીએ એક વાર કહ્યું: 'મને એક અબજ ડૉલર મળે તોપણ હું આવું કામ ન કરું...'

લાગલો જ પેલી સેવાધર્મી સ્ત્રીએ ઉત્તર આપેલો: 'હુંયે અબજ ડૉલર માટે તો આ ન જ કરું!' ઈશ્વરમાંની આસ્થા અને ત્યાગની પ્રેરણામાંથી આમ સેવા જન્મે છે.

તમે કોઈને પણ માટે કશું પણ કરો છો, તે તમામ ઈશ્વર માટે જ છે એમ ખચિત જાણજો.

બાઈબલમાં ઈશ્વરનાં વચનો નોંધાયાં છે: '(હું તને સ્વર્ગમાં પ્રવેશ આપું છું, કેમ કે) હું તરસ્યો હતો ત્યારે તેં મને પાણી પાયું, માંદો હતો ત્યારે તેં મારી ચાકરી કરી, ભૂખ્યો હતો ત્યારે ખવડાવવા પણ તું જ આવ્યો હતો, જેલમાં હતો ત્યારે તેં મુલાકાત લીધી...'

સેવાની પાછળ રહેલી આ મૂળ ભાવના આપણે સમજી લઈએ. અને જીવનભર, પિંડ પર અવિરત થતા અભિષેકની જેમ, ક્ષણેક્ષણ એમાં જ રત રહીએ.

*

# શામળા ગિરધારી!

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે,
શામળા ગિરધારી!
મારી હૂંડી શામળિયાને હાથ રે,
શામળા ગિરધારી!
રાણાજીએ રઢ કરી,
વળી મીરાં કેરે કાજ;
ઝેરના પ્યાલા મોકલ્યા રે,
વહાલો ઝેરનો જારણહાર રે:
શામળા ગિરધારી!
સ્થંભ થકી પ્રભુ પ્રગટિયા,
વળી ધરિયાં નરસિંહ રૂપ;
પ્રહ્લાદને ઉગારિયો રે,
વહાલે માર્યો હરણાકંસ ભૂપ રે:
શામળા ગિરધારી!
ગજને વહાલે ઉગારિયો,
વળી સુદામાની ભાંગી ભૂખ;
દોહલી વેળાના મારા વાલમા રે,
તમે ભક્તોને ઘણાં આપ્યાં સુખ રે:
શામળા ગિરધારી!
પાંડવની પ્રતિજ્ઞા પાળી
દ્રૌપદીનાં પૂર્યાં ચીર;
નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારજો રે,
તમે સુભદ્રાબાઈના વીર રે:
શામળા ગિરધારી!

**નરસિંહ મહેતા**

# સંસ્થા સમાચાર

સુરેન્દ્રનગરમાં 'માનવ મંદિર યોજિત' પ્રતિષ્ઠામહોત્વ તથા નવ યજ્ઞોનો કાર્યક્રમ તા. ૧૯–૩–૬૯થી તા. ૨૭–૩–૬૯ સુધી નવ દિવસ ખૂબ ધામધૂમથી ચાલ્યો હતો. આમાં દૂર-દૂરનાં ગામડેથી પણ સારી સંખ્યામાં જનસમુદાયનો સંગમ થયો હતો. બધું મળી લગભગ દોઢથી બે લાખ માણસોએ દર્શન અને સેવાનો લાભ લીધો હતો.

ગુજરાતના રાજ્યપાલનાં પત્ની **માનનીય શ્રી મદાલસાબહેને** જનમેદનીને બોધદાયક અને પ્રેરક પ્રવચન કર્યું હતું.

**માનનીય શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, સ્વામી શ્રી મનુવર્યજી** (યોગસાધન આશ્રમ, અમદાવાદ), **શેઠ શ્રી મનુભાઈ પી. સંઘવી, શેઠ શ્રી એમ. એમ. ખંભાતવાળા, શ્રી ગિરધરલાલ શાહ, શ્રી ચંદુલાલ સુખલાલ, શ્રી નંદલાલભાઈ, શ્રી અનુપચંદભાઈ, શ્રી કર્દમ કૃષ્ણશંકર શાસ્ત્રી** તેમ જ અન્ય સંમાનનીય પુરુષો, રાજપુરુષો તથા સમાજ-સેવકોએ પોતાની વિવિધ સેવાએ વડે મહોત્સવ તથા યજ્ઞના કાર્યને દીપાવ્યું હતું. દેવી-ભાગવતના મુખ્ય વક્તા **શ્રી ભગવતી કેશવની** સર્વાંગે પ્રદીપ્ત ભાવમય આરતીએ જન-સમૂહનું સારું આકર્ષણ જમાવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના ખ્યાતનામ વયોવૃદ્ધ સંકીર્તનકાર **પૂજ્ય શ્રી વિજયશંકરજી મહારાજનું** સુરેન્દ્રનગરની જનતાએ તથા વઢવાણ ઔદીચ્ય બ્રહ્મસમાજે ભાવભર્યું બહુમાન કર્યું હતું.

## જેલમાં સંકીર્તન

તા. ૧–૪–૬૯ ના રોજ સવારે ૮ાાથી ૧૦ અમદાવાદ સાબરમતી જેલમાં લગભગ ૨૦૦૦ કેદીઓ આગળ પ્રસિદ્ધ લોકસંત શ્રી દેવેન્દ્રવિજય '**જયભગવાને**' જીવનમાં પ્રામાણિકતા, નીતિમત્તા અને માનવતાનું હાર્દ સમજાવતું ભાવમય પ્રવચન (સંગીત સાથે) કર્યું હતું, જેથી સમસ્ત કેદીસમુદાય ખૂબ પ્રભાવિત થયો હતો. શ્રી 'જયભગવાન'ના નિત્યનાં સંકીર્તનો જુદાં જુદાં ગામોમાં તથા શહેરોમાં ચાલતાં જ રહે છે.

## 'માનવ મંદિર'

(જીવન–ઉપયોગી સુવર્ણસૂત્રો)

માનવતાનાં સુવાક્યો અર્થાત્ જીવનમાં પ્રત્યેક ક્ષણે ઉપયોગી પ્રેરક સુવર્ણસૂત્રોની પુસ્તિકાઓ ટૂંક સમયમાં જ પ્રસિદ્ધ થશે. પોકેટ સાઈઝ ૩૨ પાનની આ પુસ્તિકાઓ સ્નેહી અને જિજ્ઞાસુ વર્ગમાં વહેંચવા માટે ૨૫૦ થી ૨૦૦૦ સુધીની સંખ્યામાં પડતર ભાવથી આપવામાં આવશે. રકમ મોકલી ઑર્ડર નોંધાવનારને પુસ્તિકાઓ તેમના નામ સાથે છાપી આપવામાં આવશે. પુસ્તિકાઓનું પડતર મૂલ્ય ૧૦૦૦ નું રૂા. ૮૦ જેટલું આવશે. ઑર્ડર નોંધવામાં આવે છે.

---

માલિક : શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવ મંદિર વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ.

મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ડબગરવાડ, અમદાવાદ–૧.



સુરેન્દ્રનગર : દેવીપ્રતિષ્ઠા અને નવયાગ મહોત્સવ પ્રસંગે તા. ૨૨-૩-૬૯ના રોજ દેવી પ્રતિમાઓની ભવ્ય શોભાયાત્રા (વરઘોડો) માનવમેદિની સાથે સમગ્ર શહેરમાં ફર્યો હતો.

શોભાયાત્રામાં નગરશેઠ શ્રી મનસુખલાલભાઈ, શેઠશ્રી પ્રાણુલાલ પી. સંઘવી, શ્રી નગીનદાસભાઇ (દાદા) શ્રી રતિલાલભાઈ કામદાર (અમદાવાદ), શ્રી રમણિકલાલ પરીખ (રાજકોટ), શ્રી. વી. એસ. રાવલ, શ્રી ચંદુલાલ સુખલાલ, શ્રી કાન્તિલાલ રતિલાલ, શ્રી ગિરધરલાલ (દેદાદરાવાળા) શ્રી ત્ર્યંબકલાલ પી. જોષી, શ્રી મુગુટલાલ જોષી, શ્રી નર્મદાશંકર રાવળ, શ્રી ડૉ. ખારોદ, શ્રી ભાઇલાલભાઇ આચાર્ય શ્રી પ્રાણુલાલભાઈ ત્રિવેદી, શ્રી ત્ર્યંબકરાય દવે, શ્રી ભાલચંદ્રભાઇ ઠાકર, શ્રી શિવુભાઈ, શ્રી રતિભાઇ ઠક્કર, શ્રી જશુભાઇ પઢિયાર, શ્રી શાંતિભાઈ ઠક્કર, શ્રી ગિજુભાઇ-ત્રિવેદી, શ્રી લાભુભાઈ રાવળ, શ્રી ગિજુભાઈ દવે શ્રી જનાર્દનભાઈ, શ્રી ઘનશ્યામભાઈ પુરાણી, શ્રી રતિભાઈ (વિરામ લૉજ) શ્રી રમણુલાલ મિસ્ત્રી, (સહજાનંદ ફર્નીચરવાળા) શ્રી અંબાલાલ પાસાવાલા, શ્રી હરિવદન ભટ્ટ શ્રી ચિમનલાલ મહેતા, શ્રી પી. પી. વ્યાસ, શ્રી રમણિલાલ ભટ્ટ, શ્રી સુમતિભાઈ શાહ વગેરે દેખાય છે.



પ્રતિષ્ઠા મહોત્સવ–શોભાયાત્રા એક દૃશ્ય



પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે માનનીય પ્રધાન શ્રી પ્રેમજીભાઈ ઠક્કરને
શ્રી કનૈયાલાલ દવે મંદિર તરફ લઈ જઈ રહ્યા છે અને
માનવ મંદિરની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી રહ્યા છે, સાથે
માનવ મંદિરના મંત્રી શ્રી અરવિંદભાઈ જોષી વગેરે....

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧